ગાંધીનગર ખાતે PMJAY-મા યોજનાની યોજાયેલી સમીક્ષા બેઠકમાં આરોગ્ય મંત્રીએ PMJAYમા યોજનાની સમગ્ર કામગીરી, વ્યવસ્થાપન, પ્રિ-ઓથ જનરેશનથી લઇ ક્લેઇમ એપ્રુવલ સુધીની તબક્કાવાર પ્રક્રિયાની વિગતવાર માહિતી મેળવી હતી. આ સાથે તાજેતરની રાજયની હોસ્પિટલોની બહાર આવેલી વિવાદાસ્પદ વિગતો તથા હોનારતોને લઈ મંત્રીએ કડક નિર્દેશો આપવા સાથે હોસ્પિટલો ડોકટરોને ચેતવણી આપી હતી. મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટ પણે જણાવ્યું છે કે, PMJAY-મા યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ હોય કે રાજયની અન્ય કોઇ પણ હોસ્પિટલ , સારવારની આડમાં માનવજીંદગી સાથે ચેડા કરતા ડોક્ટર કે હોસ્પિટલની આ ગેરરિતીને કોઈપણ ભોગે સાંખી લેવામાં આવશે નહીં. આ પ્રકારની પ્રવૃતિ કરતા લોકો સામે કડકમાં કડક અને ઉદાહરણરૂપ કાર્યવાહી કરવામાં આવશે. PMJAY-મા યોજનાના પ્રવર્તમાન માળખા, વ્યવસ્થાપન અને કામગીરીને સઘન અને સુદ્રઢ બનાવવા તેમજ સિસ્ટમમાં કોઇપણ નાની-મોટી ત્રુટીઓ રહી ન જાય તે પ્રમાણેની કામગીરી હાથ ધરવા મંત્રીએ સુચના આપી છે. તેમણે વધુમાં નિર્દેશો કરતા જણાવ્યુ કે,PMJAY-માં યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ માટે કાર્ડિયોવાસ્ક્યુલર, કાર્ડિયોલોજી, બાળરોગ, રેડિયો અને કિમોથેરાપી સંદર્ભે નવીન માર્ગદર્શિકા બહાર પાડવામાં આવશે. જેમાં સ્ટેટ એન્ટી ફ્રોર્ડ યુનિટ (SAFU)ને વધુ સુદ્રઢ કરવામાં આવશે . તેમજ નવી ટીમ તૈયાર કરી હોસ્પિટલોની વિઝિટ કરાવવામાં આવશે અને વિઝિટ રિપોર્ટ મંગાવવામાં આવશે. નેશનલ એન્ટી ફ્રોડ યુનિટ (NAFU)ને જાણ કરીને રાજયની જરૂરિયાત મુજબના સુધારા ટ્રીગર્સમાં કરાવવામાં આવશે. વધુંમા વિવિધ પ્રોસીજરસમાં વપરાતા સ્ટેન્ટ અને ઈમ્પલાન્ટસના ક્વોલિટી અંગે તપાસ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. એન્જીયોગ્રાફી (CAG) & એન્જીયોપ્લાસ્ટી (PTCA) પ્રોસીજરની વિગતો દર્શાવતી સીડી (CD) ફરજીયાત પોર્ટલમાં અપલોડ કરવાની રહેશે. ઉક્ત પ્રોસીજરની સીડી (CD) અપલોડ માટેનું સોફટવર અંતિમ તબક્કામાં છે. જે ટુંક સમયમાં કાર્યરત થશે. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી/મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ દ્વારા મહિનામાં ઓછામાં ઓછી બે હોસ્પિટલોની ઓડિટ વિઝિટ કરવાની રહેશે.હોસ્પિટલોની કામગીરી મૂલ્યાંકન આધારિત ગ્રેટેશન કરવામાં આવશે. PMJAY યોજના સંલગ્ન હોસ્પિટલ દ્વારા આપવામાં આવતી ખાસ પ્રકારની સારવાર માટે દર્દી અને તેઓના સગાને સારવારની વિગતવાર સમજણ આપી તેઓની સંમતિ ઓડિયો-વિડિયો માધ્યમથી ફરજીયાત લેવાની રહેશે.

# કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં ફરી એકવાર સિંહ આવી પહોંચ્યો

## વાહનોની અવરજવરને કારણે દરિયાકાંઠાના વિસ્તાર તરફ દોટ મૂકી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

દીવમાં ફરી એકવાર સિંહ આવી પહોંચ્યો છે. જ્યારે સિંહ જોતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. કેન્દ્ર શાસિત પ્રદેશ દીવમાં વહેલી સવારે મુખ્ય માર્ગ ઉપર એક સિંહ જોવા મળ્યો હતો. એણે આમતેમ ભાગવા પ્રયત્ન કર્યા હતા, પરંતુ વાહનોની અવરજવરના કારણે ગભરાઈને દરિયાકાંઠાના વિસ્તાર તરફ દોટ મૂકી હતી. હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલ કેમેરામાં કેદ કર્યો હતો, જે સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો, જેથી લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે.



દીવમાં છેલ્લા ઘણા દિવસોથી સિંહનું એક ગ્રુપ આવી ચડ્યું છે. આ ગ્રુપ દ્વારા દીવના વિસ્તારોમાં રાત્રિના સમયે આંટાફેરા મારતું જોવા મળે છે. આજે વહેલી સવારે વણાકબારા નાગવા બીચ રોડ ઉપર એક સિંહ આવી ચડ્યો હતો. રોડ ઉપર આવી ચડેલા સિંહને વાહનચાલકો અને રાહદારીઓએ મોબાઈલ કેમેરામાં કેદ કર્યો હતો. જોકે હાઈવે રોડ ઉપર લગાવેલી જાળીના લીધે સિંહ આમતેમ ભાગવા માટે પ્રયત્ન કરતો જોવા મળ્યો હતો. અંતે, હાઈવે પર પસાર થતાં વાહનોની અવરજવરના કારણે સિંહ આગળ જતાં અચાનક વળાંક લઈને પાછો વળી ગયો હતો અને ફરી દરિયાઈ કાંઠા વિસ્તાર તરફ ચાલ્યો ગયો હતો. જોકે અવારનવાર સિંહ કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં પ્રવેશ કરતાં લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળ્યું હતું. પાંચ દિવસ પહેલાં પણ ઉના-દીવ રોડ પર ધોળા દિવસે શિકારની શોધમાં સિંહ આવી ચડ્યો હતો. નાળિયા માંડવી ગામના જાહેર રોડ પર શિકારની શોધમાં સિંહ આવી ચડતાં સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. દીવ રોડ પર ધોળા દિવસે સિંહને જોઈ લોકો બોલી ઊઠ્યા કે 'એક નંબર સિંહ છે હોં, પણ આજે ભૂલો પડ્યો લાગે છે. કોઈ અવાજ ના કરતા, નહીં તો બધા અંટાઈ જાશો'.

# ક્ષત્રિય આગેવાન પી ટી જાડેજા વિરૂદ્ધ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ નોંધાઇ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૩૦

ક્ષત્રિય સમાજના અગ્રણી એવા પી ટી જાડેજા સામે વ્યાજખોરીની ફરિયાદ નોંધાઇ છે. પી ટી જાડેજાએ કારખાનેદારને ૬૦ લાખ રૂપિયા વ્યાજે આપ્યા બાદ તેની મિલકત લખાવી લીધી હતી કારખાનેદારે રૂપિયા વ્યાજ સહિત પરત આપી દેવા છતા મકાનના દસ્તાવેજો પરત ન આપતા અંતે પોલીસ ફરિયાદ નોંધાઇ છે.

ક્ષત્રિય સમાજના અગ્રણી અને લોકસભા સમયે શરૂ થયેલા ક્ષત્રિય આંદોલનનો ચહેરો એવા પ્રવીણસિંહ ટપુભા જાડેજા ઉર્ફે પી ટી જાડેજા વિરુદ્ધ મનીલોન્ડિંગ એક્ટ અંતર્ગત વ્યાજખોરીનો ગુનો નોંધાયો છે. રાજકોટના માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં સુરેશ પરમાર નામના કારખાનેદારે પી ટી જાડેજા પાસેથી ૬૦ લાખ રૂપિયા ૩ ટકા વ્યાજે લીધા હતા. કારખાનામાં રૂપિયાની જરૂર હોવાને કારણે સુરેશ પરમારે તેના મિત્રનો સંપર્ક કર્યો હતો અને ૬૦ લાખ રૂપિયા વ્યાજે લીધાં હતા. સુરેશ પરમારે વ્યાજના રૂપિયાના જામીન પેટે તેના મકાનનો દસ્તાવેજ અને ૫ લાખના સાત ચેક આપ્યા હતા. સુરેશભાઇના દાવા પ્રમાણે તેઓએ વ્યાજે રૂપિયા લીધા હતા તેઓ નિયમીત વ્યાજ ભરતા હતા પરંતુ અંતે વ્યાજની રકમ ભરપાઇ ન કરી શકવાને કારણે તેઓએ રૂપિયા ભરપાઇ કરવાની તૈયારી દર્શાવી.

સુરેશભાઇએ પી ટી જાડેજાને કુલ ૭૦ લાખ ૮૦ હજાર રૂપિયા આપી દીધા હોવા છતા તેમણે રૂપિયાની માંગણી ચાલુ રાખી હતી. એટલું જ નહિ જ્યાં સુધી રૂપિયા ન આપે ત્યાં સુધી મકાનનો દસ્તાવેજ અને ચેક પર પરત આપવાની ના પાડી હતી. જો સુરેશભાઇ પી ટી જાડેજા પાસે દસ્તાવેજની માંગણી કરે તો ગાળો આપીને જીંદગી બગાડી નાખવાની ધમકી આપી હતી.

પી ટી જાડેજાથી ત્રસ્ત સુરેશ પરમારે પોલીસને જાણ કરી હતી આ અંગે રાજકોટ પશ્ચિમ ઝોનના ડીસીપી જગદિશ બાંગરવાએ જણાવ્યું હતુ કે પોલીસે સુરેશ પરમારની ફરિયાદના આધારે આઇપીસી કલમ ૩૮૪,૫૦૪,૫૦૬ તથા મનીલોન્ડિંગ એક્ટ કલમ ૪૦, ૪૨ અંતર્ગત ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પી ટી જાડેજા પાસે નાણા ધીરધાર અંગેનું કોઇ લાયસન્સ નથી. જે અંગે પણ પોલીસે તપાસ શરૂ કરી છે અને ફરાર પી ટી જાડેજાની શોધખોળ શરૂ કરી છે.

કેન્દ્રીય શિક્ષા મંત્રાલય તથા નેશનલ બુક ટ્રસ્ટ સાથે અમદાવાદ મ્યુનિ.કોર્પો.નું આયોજન

# અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનો મુખ્યમંત્રીના હસ્તે પ્રારંભ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે ભારત સરકારના શિક્ષા મંત્રાલય અને નેશનલ બુક ટ્રસ્ટના સહયોગથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૪'નો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ નેશનલ બુક ફેરમાંથી વિવિધ પુસ્તકો પણ ખરીદ્યા હતા. જેમાં મધર ઓફ ડેમોક્રેસી-ઈન્ડિયા, વેદ કલ્પતરૂ, સામૂહિક હિત કા દીપ જલે (મન કી બાત @૧૦૦) અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી લિખિત એક્ઝામ વોરીયર્સ જેવા પુસ્તકો ડિજિટલ પેમેન્ટ વડે ખરીદ્યા હતા. આ તકે મુખ્યમંત્રીના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિદ્યાર્થીઓને 'સમૃદ્ધ ભારત માટેના પાંચ વચન'નાં પ્રમાણપત્ર તેમજ નરેન્દ્ર બુક 'એક્ઝામ વોરિયર્સ' બાળકોને આપવામાં આવી હતી.

આ પ્રસંગે અમદાવાદના મેયર પ્રતિભાબહેન જૈન, શહેરના ધારાસભ્યો સ્ટે.કમિટીના ચેરમેન દેવાંગ દાણી, મ્યુનિ. કમિશનર એમ.થેન્નારસન, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, નેશનલ બુક ટ્રસ્ટના ચેરમેન મિલિંદજી તથા મ્યુનિ. કોર્પોરેશનના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં પુસ્તકપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશન દ્વારા છેલ્લાં ૧૨ વર્ષથી 'અમદાવાદ નેશનલ બુક ફેર' નામથી રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે. હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત ૩૦ નવેમ્બરથી ૮મી ડિસેમ્બર સુધી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' યોજાશે. મ્યુનિસિપલ કોર્પોરેશનને ભારત સરકારના શિક્ષા મંત્રાલય અને નેશનલ બુક ટ્રસ્ટનો સહયોગ સાંપડતા અમદાવાદ નેશનલ બુક ફેર હવે આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરીને પહેલી વખત 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' તરીકે યોજાઈ રહ્યો છે. આ સમગ્ર આયોજનમાં ૧૦૦થી વધુ સાહિત્યિક કાર્યક્રમો, ૩૦૦થી વધુ પ્રકાશકોના સ્ટોલ સહિત ૧૦૦૦થી વધુ પ્રકાશકોનાં પુસ્તકો સાથે બુક ફેસ્ટિવલ ગુજરાત સહિત દેશભરના પુસ્તકરસિકો અને સાહિત્યપ્રેમીઓ માટે સાહિત્યનું સરનામું બની રહેશે. આ સાથે ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં મુલાકાતીઓ માટે લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાન ગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણો ઉપલબ્ધ રહેશે. બુક ફેસ્ટિવલમાં સ્પેન, શ્રીલંકા, પોલેન્ડ, ડેન્માર્ક, સ્કોટલેન્ડ, સિંગાપોર, યુ.એ.ઈ. જેવા દેશોના વક્તાઓ તથા પ્રખ્યાત ગુજરાતી લેખકો જેમાં પદ્મશ્રી રઘુવીર ચૌધરી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્મશ્રી જગદીશ ત્રિવેદી, પદ્મશ્રી શાહબુદીન રાઠોડ, મોનિકા હલાન, વિલિયમ ડેલરિમ્પલ, ગિલેર્મો રોડ્રિગ્ઝ માર્ટિન, મોનિકા કોવાલેસ્કો-સુમોવસ્કા જેવા ખ્યાતનામ સાહિત્યકારો, લેખકો અને વક્તાઓ વિવિધ વિષયો પર શ્રોતાઓ સાથે સંવાદ સાધશે.

ચર્ચાસ્પદ કૌભાંડમાં શિક્ષકોની સંડોવણીની વાતોને લઈ શિક્ષણમંત્રીનું નિવેદન

# BZ ગ્રુપ કૌભાંડમાં શિક્ષકો સંડોવાયેલા હશે તો કાયદેસરની કાર્યવાહી કરાશે

## આવા શિક્ષક સામે કોઈપણની ભલામણ ચાલશે નહીં : શિક્ષણ મંત્રી

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૩૦

ઉત્તર ગુજરાતમાં BZ ગ્રુપની લોભામણી સ્કીમમાં હજારો લોકો નાણા રોકીને છેતરપિંડીનો ભોગ બન્યા છે. જેમાં ઘણા શિક્ષકો પણ સંડોવાયેલા હોય એવી વિગતો બહાર આવતા રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ પાનશેરીયાએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, બી.ઝેડ. ગ્રુપના નાણાકીય કૌભાંડમાં શિક્ષકોની સંડોવણીની પ્રાથમિક માહિતી મળી છે. જો કોઈ શિક્ષકો લોભામણી સ્કીમમાં સંડોવાયેલા હશે તો તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય શિક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે, શિક્ષકનું સમાજમાં આદરભર્યું, પ્રતિષ્ઠિત સ્થાન અને છબિ હોય છે. બાળકો શિક્ષકોને અનુસરતા હોય છે, ત્યારે શિક્ષણકાર્ય કરવાના બદલે શિક્ષક જ આ પ્રકારની લોભામણી સ્કીમમાં એજન્ટ બનીને કામ કરે તે ખૂબ ચિંતાજનક બાબત છે. આવા સ્વાર્થી શિક્ષકો પાસેથી બાળકોને સંસ્કારયુક્ત શિક્ષણ મળશે એવી અપેક્ષા રાખવી વ્યર્થ છે. CID ક્રાઈમ BZ ગ્રુપની તેમજ તેના સૂત્રધારો, મળતિયાઓ, એજન્ટોની તલસ્પર્શી તપાસ કરી રહી છે, જેમાં કોઈ પણ શિક્ષકોના નામ ઉજાગર થશે તો તેમની સામે શિક્ષાત્મક કાર્ય કરવામાં આવશે તેમજ કોઈપણની ભલામણ ચાલશે નહીં એમ તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું.

# મકાન-દુકાન વેચવાના બહાને ૯૨ લાખની છેતરપિંડી કરનાર બે આરોપી ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

અમદાવાદમાં મકાન અને દુકાનનું વેચાણ કરવાના નામે દંપતીએ રૂપિયા ૯૨.૯૬ લાખનો ચુનો લગાવ્યો છે. આર્થિક ગુના નિવારણ શાખાએ છેતરપિંડીની ફરિયાદ નોંધીને દલાલ સહિત ૨ આરોપીની ધરપકડ કરી છે.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના મણિનગર વિસ્તારમાં રહેતા હિતેષભાઈ પટેલને મકાન ખરીદવું હતું એટલે દલાલ રાજુ રાજપૂતનો સંપર્ક કર્યો હતો. રાજુ રાજપૂતે ગાંધી દંપતી લલિતભાઈ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે મુલાકાત કરાવી હતી. આ દંપતીએ કાંકરિયા ખાતે આવેલું મકાન ૩૫ લાખ અને દુકાન ૧૭.૫૦ લાખમાં વેચાણ કરીને સમજૂતી નોટરાઈઝ તથા પ્રોમેસરી નોટ અને વાઉચરમાં સહીઓ કરાવીને વિશ્વાસ કેળવ્યો હતો. ત્યારબાદ દંપતીએ ધંધા અર્થે ૩૮.૭૦ લાખ રૂપિયા તેમજ દલાલ રાજુએ દલાલીના ૧.૭૬ લાખ મેળવીને મકાન કે દુકાનનો દસ્તાવેજ નહીં કરીને ૯૨.૯૬ લાખની છેતરપિંડી આચરી હતી. આ ઠગાઈ કેસને લઈને આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવતા પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે ગાંધી દંપતીના અમદાવાદમાં ૩ મકાન અને રાજસ્થાનમાં એક મકાન હોવાનું કહીને છેતરપિંડી આચરી હતી. ફરિયાદીને વિશ્વાસમાં લઈને પોતાના ભાઈની માલિકીનું મકાન કાચા બાનાખાત કરીને મકાન અને દુકાનનું વેચાણ કર્યું. પરંતુ દસ્તાવેજ નહીં કરી આપતા હોવાથી ફરિયાદીએ તપાસ કરી તો મકાન આરોપીનું નહીં હોવાનું ખુલ્યું હતું અને પોતે નરોડામાં ભાડાના મકાનમાં રહેતો હોવાનું ખુલ્યું હતું. આરોપી અગાઉ ફાયનાન્સનો બિઝનેસ કરતો હતો. પરંતુ કોરોનામાં નુકસાન જતા આરોપીએ ફરિયાદી પાસેથી ૨૦૨૦ અને ૨૦૨૧માં ૩૮.૭૦ લાખ લીધા હતા. પરંતુ હજુ સુધી નાણાં પરત કર્યા ન હતા અને મકાન તથા દુકાનનો દસ્તાવેજ પણ નહીં કરતા EOWએ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

# ખ્યાતિ કેસ : કોર્ટે પાંચેય આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં બોગસ ઓપરેશનના કેસ મામલે કોર્ટે પાંચેય આરોપીઓને જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલ્યા છે. આરોપીઓના ૩ દિવસના રિમાન્ડ પૂરા થતાં પાંચેયને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. ચિરાગ રાજપૂત, મિલિંદ પટેલ, રાહુલ જૈન, પ્રતીક ભટ્ટ અને પંકિલ પટેલને જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓના વધુ રિમાન્ડ માગ્યા નથી. જો કે, આરોપી ચિરાગ રાજપૂતની અન્ય કેસમાં ધરપકડ કરવામાં આવશે. ખ્યાતિ હોસ્પિટલ કાંડના બીજા આરોપીઓની વાત કરીએ તો, રાજશ્રી કોઠારી સામે પોલીસ પકડથી દૂર છે, જો કે, તેણે ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી છે. રાજશ્રી કોઠારી પર ૩ ફરિયાદ નોંધાઈ છે. આગામી દિવસોમાં આગોતરા જામીન અંગે સુનાવણી કરવામાં આવશે. તો અગાઉ સંજય પટોડીયા પણ આગોતરા જામીન માગી ચૂક્યા છે.

# ગ્લોબલ સ્કૂલ દ્વારા સ્પોર્ટસ પેટે રૂા.૬૮૦૦ ફી માંગતા વાલીઓ અકળાયા

● સ્કૂલ દ્વારા સ્વેટરને લઈને પણ વાલીઓ પર દબાણ કરાતું હોવાનો આક્ષેપ
● ફરિયાદ મળતા અમદાવાદ શહેર DEO દ્વારા સ્કૂલને કારણદર્શક નોટિસ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

રાજ્ય સરકાર દ્વારા સ્કૂલોને સ્વેટરને લઈને કડક નિર્દેશ આપ્યા બાદ પણ ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા શાળામાંથી જ સ્વેટરનું વેચાણ કરવામાં આવતું હોવાની તથા વાલીઓ પાસેથી સ્પોર્ટ્સ સંકુલ માટે ફરજિયાત રૂા. ૬૮૦૦ માંગવામાં આવતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. જેને લઈને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલને કારણદર્શક નોટિસ આપી ખુલાસો માંગ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગોદરેજ ગાર્ડન સિટીમાં આવેલી ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા નવી સ્પોર્ટ્સ સંકુલ બનાવવામાં આવ્યું છે. આ સ્પોર્ટ્સ સંકુલ બનાવ્યા બાદ સ્કૂલ તરફથી વાલીઓ પાસેથી ફરજિયાત રૂા. ૬૮૦૦ માંગવામાં આવ્યા હતા. વાલીઓના આક્ષેપ પ્રમાણે સ્કૂલ દ્વારા ફી કમિટીના નિયમ વિરૂદ્ધ વાલીઓ પાસેથી વધારાની ફી લેવામાં આવી રહી છે. આ ઉપરાંત સ્કૂલ દ્વારા સ્વેટર માટે પણ ફરજ પાડવામાં આવી રહી હોવાનો આક્ષેપ વાલીઓ દ્વારા કરવામાં આવ્યો હતો. આમ, રૂા. ૬૮૦૦ સ્પોર્ટ્સ માટે માંગવામાં આવતા તથા સ્વેટર માટે ફરજ પાડવામાં આવતા વાલીઓ સ્કૂલ પર રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. પરંતુ સ્કૂલ પર પ્રિન્સિપાલ વાલીઓને મળ્યા ન હોવાથી વાલીઓમાં આક્રોશ ફેલાયો હતો. વાલીઓને મળવાના બદલે ધક્કે ચડાવવામાં આવ્યા હતા. સ્કૂલની ફી રૂા. ૮૦ હજાર જેટલી છે અને સ્પોર્ટ્સ ફીના નામે વધુ રૂા. ૬૮૦૦ માંગવામાં આવી રહ્યા છે. આ મુદ્દે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને ફરિયાદ મળતા તેમણે સ્કૂલને કારણદર્શક નોટિસ આપી છે અને ખુલાસો કરવા માટે જણાવાયું છે. ઉપરાંત વાલીઓએ જે ફરિયાદ કરી છે તેને લઈને તપાસના આદેશ પણ આપ્યા છે.

# દક્ષિણ ગુજરાતમાં હાડ થીજાવતી ઠંડીનું મોજું ફરી વળ્યું

## ચાલુ શિયાળાની સીઝનનો બીજા ક્રમનો સૌથી ઠંડો દિવસ રહ્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦

ઉત્તર દિશામાંથી છેલ્લા પાંચ દિવસથી કોલ્ડ વેવ ફુંકાવા સાથે નવસારી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હાડ થીજાવતી ઠંડીનું મોજું ફરી વળ્યુ છે. નવસારીમાં આજે પ્રતિ કલાક ૫.૩ કિમીની ઝડપે હિમજેવા ઠંડા પવન ફૂંકાવા સાથે ઠંડીનો પારો સીધો ૨.૪ ડિગ્રી નીચે ગગડતા લઘુતમ ૧૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે ચાલુ શિયાળાની સીઝનનો બીજા ક્રમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. રાજ્યના મોસમ વિભાગ દ્વારા ફૂલ ગુલાબી ઠંડી પડવાની આગાહી કરવામાં આવી હતી. આ આગાહી વચ્ચે છેલ્લા પાંચ દિવસથી ઉત્તર દિશામાંથી શીતલહેર ફુંકાવા સાથે ગ્રામ્ય વિસ્તારોમાં હાડ થીજાવતી ઠંડીનું મોજું ફરી વળતાં જનજીવન ઠુઠવાયું છે. બે દિવસ આગાઉ ગત ગુરૂવારે લઘુતમ ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે ચાલુ શિયાળાની સીઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. ત્યાર બાદ ગઈકાલે શુક્રવારે આશ્ચર્યજનક રીતે લઘુતમ ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આજે ઉત્તર દિશામાંથી પ્રતિ કલાક ૫.૩ કિમીની ઝડપે કોલ્ડવેવ ફુંકાવા સાથે ઠંડીનો પારો સીધો ૨.૪ ડિગ્રી નીચે ગગડતા લઘુતમ ૧૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે ચાલુ શિયાળાની સીઝનનો બીજા ક્રમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. આ સાથે મહત્તમ ૩૦ ડિગ્રી તાપમાન અને વાતાવરણમાં ૬૬ ટકા જેટલા ભેજનું પ્રમાણ નોંધાયું હતું. જિલ્લામાં વહેલી સવારે અને રાત્રે કોલ્ડ વેવ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં હાડ થીજાવતી ઠંડીનું મોજું ફરી વળતા લોકો ઠંડીથી બચવા તાપણા કરતા નજરે પડી રહ્યા છે. સ્વાસ્થ્ય પ્રેમીઓ વહેલી સવારે વ્યાયામ કરવામાં વ્યસ્ત જોવા મળે છે.

# આર્મીનો યુનિફોર્મ પહેરી રોફ જમાવતો નકલી આર્મીમેન પકડાયો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૩૦



છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાંથી નકલી સરકારી ઓફિસ, નકલી અધિકારી, નકલી શાળા ચાલતી હોવાના ખુલાસાઓ થયા છે, ત્યારે લોકોમાં રોફ જમાવવા માટે આર્મીનો યુનિફોર્મ પહેરીને સીનસપાટા કરવાનું એક યુવાનને મોંઘુ પડ્યું હતું. જેમાં પોરબંદરમાં SOGએ નકલી આર્મીમેનની ગતિવિધી પર આશંકા જતા પકડ્યો હતો. ચોપાટી પર આર્મીના યુનિફોર્મમાં આંટાફેરા કરતા શખ્સ પર SOGને શંકા ગઇ હતી. જે બાદ SOGએ પૂછપરછ કરીને કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ SOG એ સંજય ડોડીયા નામના શખ્સને ચોપાટી પરથી દબોચ્યો હતો. આ ઘટનામાં તપાસ કરતા આ શખ્સને યુનિફોર્મ પહેરવાનો શોખ હોવાનું સામે આવ્યું છે.

તાજેતરમાં જૂનાગઢ પોલીસે એક નકલી આર્મી કેપ્ટનની ઓળખ આપી ૬ લોકોને ખંખેરનાર શખસ ઝડપાયો હતો. જેમાં પોલીસે આર્મીના કેપ્ટનની ખોટી ઓળખ આપનારા શખસ પાસેથી આર્મીની વરદી, નકલી નેમપ્લેટ, બોગસ આઈકાર્ડ કબજે કર્યા હતા. આરોપીએ આર્મીના કેપ્ટન તરીકેની ખોટી ઓળખ આપી ૬ શખસને નોકરી અપાવવાની લાલચ આપી ૧૦ લાખથી વધુની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું હતું.

# શેરબજારમાં રોકાણ કરાવી વધુ નફાની લાલચ આપી યુવક સાથે ૪ લાખની ઠગાઇ આચરી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ,તા.૩૦

શેરબજારમાં રોકાણ કરાવી વધુ નફાની લાલચ આપી યુવક સાથે ૪ લાખની ઠગાઇ આચરવામાં આવી છે. આ મામલે યુવકે એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.સરદારનગરમાં ૩૭ વર્ષીય સંજય દયાલદાસ લાલવાણી પરિવાર સાથે રહે છે અને શેરમાર્કેટમાં પાંચ વર્ષથી રોકાણ કરે છે. ૧૭ સપ્ટેમ્બરે સંજયના મોબાઇલ પર એક વોટ્સએપ ગ્રૂપની લિંક આવી હતી. તે ગ્રૂપમાં જોડાતા જ તેમાં સ્ટોકમાર્કેટને લગતી ટીપ્સ આપવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારી ટીપ્સ માટે બીજા ગ્રૂપની લિંક મોકલવામાં આવી હતી. જેમાં પણ સંજય જોડાઇ ગયો હતો. તે ગ્રૂપનો એડમિન સુરેન્દ્રકુમાર દુબે હતો. તે જ જુદા જુદા સ્ટોકની ટીપ્સ આપતો હતો. પછી બીજી એક લિંક મોકલવામાં આવી હતી અને પ્રે ટ્રેડિંગ કંપનીનો આઇપીઓ ભરવાથી વધુ નફો થશે તેમ કહેવામાં આવ્યું હતું. ઉપરાંત ગ્રૂપમાં કંઇ તકલીફ હોય તો શ્રદ્ધા ચોપરાનો નંબર આપવામાં આવ્યો હતો. સંજયે ઓનલાઇન લિંક ખોલી વિગતો ભરી હતી. તેમાં એક ટીફની ટેયલરનો મોબાઇલ નંબર હતો તેમાં જે પૈસા ભર્યા હતા તેની પહોંચ મોકલવાની હતી. આ પહોંચ મોકલ્યા બાદ ડિમેટ એકાઉન્ટ રિચાર્જ કરવામાં આવતું હતું. જેથી ૮ ઓક્ટોબરે સંજયે ૫૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા, ત્યારબાદ તબક્કાવાર ૪ લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સંજયને યુએસ સ્ટોમાં પ્રિટ્રેડિંગ કરાવતા હતા અને બે વાર ઇન્ડિયન સ્ટોક માર્કેટમાં ટ્રેડિંગ કરાવ્યું હતું. પરંતુ ખાતામાંથી પૈસા પરત લેવા માટે કોઇ જ વ્યવસ્થા ન હતી. જેથી સંજયને ઠગાયાનો અહેસાસ થતા તેણે ઓનલાઇન ફરિયાદ કરી હતી. ત્યારબાદ આજે એરપોર્ટ પોલીસ મથકમાં ઠગાઇ સહિતની કલમ હેઠળ સંજયે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આરંભી છે.

# ઈઝરાયેલે ગાઝા હુમલામાં વધારો કરતાં ૪૨ પેલેસ્ટીનીઓનાં મોત

(એજન્સી) તા.૩૦

ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૪૨ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે, તબીબી સ્ત્રોતો અનુસાર. મધ્ય ગાઝામાં નુસરત પર ઈઝરાયેલના હુમલામાં ૨૪ લોકો મૃત્યુ પામ્યા છે, નુસરત આ પ્રદેશના આઠ લાંબા ગાળાના શરણાર્થી શિબિરોમાંથી એક છે.

શુક્રવારે ઉત્તરી ગાઝા પટ્ટીમાં બેટ લાહિયામાં એક ઘર પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ઓછામાં ઓછા ૧૦ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે. ડોકટરોએ જણાવ્યું કે અન્ય લોકો એન્ક્લેવના ઉત્તરી અને દક્ષિણી વિસ્તારોમાં મૃત્યુ પામ્યા હતા. ઈઝરાયેલી સૈન્યએ ગુરૂવારે જણાવ્યું કે તેના દળો ગાઝા પટ્ટીમાં ઓપરેશનલ પ્રવૃત્તિના ભાગરૂપે આતંકવાદી લક્ષ્યો પર હુમલો કરવાનું ચાલુ રાખી રહ્યા છે.

ગુરૂવારે ઈઝરાયેલની ટેન્ક નુસરતના ઉત્તરી અને પશ્ચિમી વિસ્તારોમાં પ્રવેશી હતી. રોઈટર્સ ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર શુક્રવારે કેટલીક ટાંકીઓ ઉત્તરીય વિસ્તારોમાંથી પાછી ખેંચી લીધી હતી, પરંતુ શિબિરના પશ્ચિમ ભાગોમાં સક્રિય રહી હતી. પેલેસ્ટીની સિવિલ ડિફેન્સે જણાવ્યું કે ટીમો તેમના ઘરોમાં ફસાયેલા રહેવાસીઓના તકલીફના કોલનો જવાબ આપવામાં અસમર્થ હતા.

શુક્રવારે, ડઝનેક વિસ્થાપિત પેલેસ્ટીની એવા વિસ્તારોમાં પાછા ફર્યા જ્યાં સૈન્ય તેમના



ઘરોને થયેલા નુકસાનનું નિરીક્ષણ કરવા માટે પીછેહઠ કરી હતી. ડોકટરો અને સંબંધીઓએ મહિલાઓ સહિત રસ્તા પર પડેલા મૃતદેહોને ધાબળા અથવા સફેદ કફનથી ઢાંકી દીધા અને સ્ટ્રેચર પર છોડી દીધા. ઈઝરાયેલી ડ્રોન હુમલામાં ગાઝાની ઉત્તરી ધાર પર, બીટ લાહિયામાં કમલ અદવાન હોસ્પિટલમાં સઘન સંભાળ એકમના વડા અહેમદ અલ-કાહલોતનું મૃત્યુ થયું હતું, જ્યાં ઈઝરાયેલી દળો ઓક્ટોબરની શરૂઆતથી કાર્યરત હતા. કમલ અદવાન હોસ્પિટલ ગાઝાની ઉત્તરી ધાર પરની ત્રણ તબીબી સુવિધાઓમાંની એક છે જે હવે તબીબી, બળતણ અને ખાદ્ય પુરવઠાના અભાવને કારણે ભાગ્યે જ કાર્યરત છે. આરોગ્ય અધિકારીઓ કહે છે કે ઈઝરાયેલી દળોએ મોટાભાગના તબીબી કર્મચારીઓની અટકાયત કરી છે અથવા હાંકી કાઢ્યા છે.

# ભારત ખૂબ જ ચિંતિત : વડાપ્રધાન મોદીએ પેલેસ્ટીનને લખ્યો પત્ર

(એજન્સી) તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંતરરાષ્ટ્રીય પેલેસ્ટીન એકતા દિવસના અવસરે પેલેસ્ટીનના લોકો પ્રત્યે ભારતની અતૂટ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. પીએમ મોદીએ એક સંદેશમાં કહ્યું કે, ભારત પેલેસ્ટીનના વિકાસ અને તેની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં તેનો કાયમી વિકાસ ભાગીદાર રહેશે. તેમણે કહ્યું, 'ભારત તેમની જરૂરિયાતો અને પ્રાથમિકતાઓના આધારે વિવિધ ક્ષેત્રોમાં લોકો-કેન્દ્રિત પ્રોજેક્ટ્સ લાગુ કરીને તેમની સાથે ઊભા રહેવાનું ચાલુ રાખશે. પેલેસ્ટીની લોકોના રોજિંદા જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે યુએનની પ્રાદેશિક પ્રવૃત્તિઓને અમારૂં સમર્થન છે. આ દિશા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.' પ્રધાનમંત્રીએ પેલેસ્ટીન અને પશ્ચિમ એશિયાઈ ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષ અને પરિણામે માનવતાવાદી કટોકટી અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. 'ચાલુ સંઘર્ષે જીવનનો દાવો કર્યો છે અને પેલેસ્ટીની લોકોને ઊંડી વેદના આપી છે. ભારત તાત્કાલિક યુદ્ધવિરામ, આતંકવાદનો અંત, બંધકોને મુક્ત કરવા અને માનવતાવાદી સહાયનો સતત પુરવઠો ચાલુ રાખવાની અપીલ કરે છે. પીએમ મોદીએ તેમના પત્રમાં કહ્યું છે કે ભારતે હંમેશા ટુ સ્ટેટ ઉકેલને સમર્થન આપ્યું છે, જેનાથી એક સ્વતંત્ર, સાર્વભૌમ અને વ્યવહારૂ પેલેસ્ટીની રાજ્યની સ્થાપના થઈ જે ઈઝરાયેલ સાથે


ચાલો કાશ્મીર જઈએ સ્નો ફોલનો મજા માણવા
DEC 01-08-15 | JAN 15-12-26 | FEB 02-09
શ્રીનગર-સોનમર્ગ પહેલગાંવ કાશ્મીર
ટ્રેન દ્વારા 18,500/- ફ્લાઈટ દ્વારા 33,500/-
27 DEC | 01 FEB | 05 APR (RAMAZAN-EID)
ઠેકડી - મુન્નાર - કન્યાકુમારી કેરાલા
ટ્રેન દ્વારા 22,500/- ફ્લાઈટ દ્વારા 33,500/-
ડાયરેક્ટ પેકેજ : હોટલ સાથે જમવાની બુકિંગ કરી આપવામાં આવશે.
સુવિધા ટુરિઝમ યાસીન બિસોરા
M: 997 40 40 880 | 9909029072 SHRINAGAR: 8492938350
નગીના મસ્જિદ, નાડીયાવાડ, જમાલપુર, અહમદાબાદ




શાંતિપૂર્ણ રીતે સહઅસ્તિત્વ ધરાવે છે. પીએમ મોદીએ કહ્યું, 'આ જટિલ સમસ્યાનો લાંબા ગાળાનો અને શાંતિપૂર્ણ ઉકેલ શોધવાનો એકમાત્ર રસ્તો સંવાદ અને કૂટનીતિ છે.' પ્રધાનમંત્રીએ પેલેસ્ટીની લોકોને શાંતિપૂર્ણ અને સમૃદ્ધ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી અને ભારતના સતત સમર્થનની ખાતરી આપી હતી. નોંધનીય છે કે આંતરરાષ્ટ્રીય પેલેસ્ટીની સોલિડેરિટી ડે દર વર્ષે ૨૯ નવેમ્બરના રોજ ઉજવવામાં આવે છે, જે સંયુક્ત રાષ્ટ્રના નેજા હેઠળ પેલેસ્ટીની લોકોના અધિકારો અને તેમની સ્વતંત્રતાની હિમાયત કરવા માટે એક મહત્ત્વપૂર્ણ પ્રસંગ છે. ભારતે પેલેસ્ટીન સાથે લાંબા સમયથી તેના ઐતિહાસિક અને મૈત્રીપૂર્ણ સંબંધો જાળવી રાખ્યા છે.

# ઈઝરાયેલી સેનાએ પાછલા ૨૪ કલાકમાં ઉત્તર ગાઝામાં ૧૦૦ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા : નાગરિક સંરક્ષણ

(એજન્સી) તા.૩૦

ગાઝા સિવિલ ડિફેન્સે શુક્રવારે જણાવ્યું કે ઉત્તર ગાઝામાં પાછલા ૨૪ કલાકમાં ઈઝરાયેલી હુમલા અને નરસંહારમાં ૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે. નાગરિક સંરક્ષણના પ્રવક્તા મહમૂદ બસ્સલે એક નિવેદનમાં જણાવ્યું કે બેટ લાહિયામાં બે ઘરો પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૭૫ પીડિતો મૃત્યુ પામ્યા છે, જ્યારે અન્યને જબાલિયા અને ઉત્તર ગાઝાના અન્ય વિસ્તારોમાં નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે 'ઉત્તરી ગાઝા (ઓક્ટોબર ૫ના રોજ)માં ઈઝરાયેલી સૈન્ય કાર્યવાહીની શરૂઆતથી શહીદોની સંખ્યા ૨,૭૦૦ પેલેસ્ટીની પર પહોંચી ગઈ છે અને ૧૦,૦૦૦ અન્ય ઘાયલ થયા છે. તેમણે ઉત્તરી ગાઝાની પરિસ્થિતિને 'આપત્તિ અને નરસંહાર' તરીકે વર્ણવી હતી, જેમાં નાગરિકોને રાહત આપનાર કોઈ નથી. ઈઝરાયેલી સૈન્ય ઉત્તર ગાઝામાં વ્યક્તિઓની કોઈપણ હિલચાલને નિશાન બનાવે છે, પ્રવક્તાએ જણાવ્યું કે, પાણી વહન કરનારા અથવા ખોરાક અથવા લાકડાની શોધ કરતા લોકો પર પણ હુમલો કરે છે. ઑક્ટોબર ૫થી ઈઝરાયેલે ઉત્તરી ગાઝામાં મોટાપાયે ગ્રાઉન્ડ ઑપરેશન શરૂ કર્યું છે, અહેવાલ મુજબ પેલેસ્ટીની પ્રતિકાર સમુહ હમાસને ફરી એકઠા થતા અટકાવવા. જો કે, પેલેસ્ટીનનો આરોપ છે કે ઈઝરાયેલ આ વિસ્તાર પર કબજો કરવા માંગે છે અને તેના રહેવાસીઓને બળજબરીથી વિસ્થાપિત કરવા માંગે છે. ત્યારથી, ખોરાક, દવા અને બળતણ સહિત લગભગ કોઈ માનવતાવાદી સહાયને આ વિસ્તારમાં પહોંચવાની મંજૂરી આપવામાં આવી નથી, જે ત્યાંની મોટાભાગની વસ્તીને- હાલમાં અંદાજિત ૮૦,૦૦૦-દુષ્કાળની અણી પર ધકેલી રહી છે. એકંદરે,



૭ ઑકટોબર, ૨૦૨૩ના રોજ હમાસના હુમલા પછી શરૂ થયેલા ઈઝરાયેલી આક્રમણથી ગાઝામાં ૪૪,૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેણે આ વિસ્તારને રહેવાલાયક છોડી દીધો છે. ગયા અઠવાડિયે, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને તેમના પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાન્ટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું.

# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ૫ સ્થાયી સભ્યોના હાથમાં ૧૯૪ દેશોનું ભાવિ છોડી શકાય નહીં: તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગન

(એજન્સી) તા.૩૦

તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયિપ એર્દોગને શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રમાં જથ્થાબંધ ફેરફારોની વિનંતી કરી અને ભારપૂર્વક જણાવ્યું કે વિશ્વભરના લગભગ ૨૦૦ દેશોનું ભાવિ સુરક્ષા પરિષદના પાંચ સ્થાયી સભ્યો પર છોડી શકાય નહીં.

ઈસ્તંબુલમાં TRT વર્લ્ડ ફોરમને સંબોધતા એર્દોગાને જણાવ્યું કે, "યુએનને સંપૂર્ણ રીતે સુધારવાની જરૂર છે. વિશ્વને પાંચ સ્થાયી (સુરક્ષા પરિષદના સભ્ય) દેશોની દયા પર છોડી શકાય નહીં. ૧૯૪ દેશોનું ભાવિ આ પાંચ કાયમી પર નિર્ભર કરી શકે નહીં. કોઈપણ સભ્યના હાથ અથવા હોઠ પર છોડી દેવો."

એર્દોગાને લાંબા સમયથી સુરક્ષા પરિષદની પાંચ કાયમી સભ્ય પ્રણાલીની ટીકા કરી છે - જેના હેઠળ આ દેશો એકલા હાથે ચાવીરૂપ નિર્ણયો વીટો કરી શકે છે - એમ કહીનેઃ "વિશ્વ પાંચ કરતાં મોટું છે." યુએનના સુધારાની જરૂરિયાત પર ભાર મૂકતા, એર્દોઆને વર્તમાન સિસ્ટમમાં પહેલાથી જ લાવવામાં આવેલા ફેરફારોની સૂચિનો પણ ઉલ્લેખ કર્યો, જેમાં તુર્કી અને સ્પેન દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ કોર્ટ (આઈસીસી) અને અલાયન્સ ઑફ સિવિલાઈઝેશન પહેલનો સમાવેશ થાય છે યુનાઈટેડ સ્ટેટ્સ પર ૨૦૦૧ના આતંકવાદી હુમલા પછી સહકારને પ્રોત્સાહન આપવાનો હેતુ હતો. તેમણે જણાવ્યું કે વેપારથી લઈને રાજદ્વારી સુધી, રાજ્યો વચ્ચેની સ્પર્ધા દિનપ્રતિદિન વધુ વિનાશક અને




આક્રમક બની રહી છે. તેમણે જણાવ્યું કે માનવતા "નિર્ણાયક તબક્કે" છે. એર્દોગાને જણાવ્યું કે, "ઘટનાઓ થઈ રહી છે જે માત્ર આગામી ૫-૧૦ વર્ષોને જ નહીં, પરંતુ અમારા પૌત્રોના ભવિષ્યને પણ અસર કરશે." તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઘણા પ્રદેશોમાં ચાલી રહેલી માનવતાવાદી કટોકટી વર્તમાન વિશ્વ વ્યવસ્થાની નાજુકતાને પ્રકાશિત કરે છે. તેમણે જણાવ્યું કે દરેક કટોકટી ન્યાય, શાંતિ, સુરક્ષા અને સ્થિરતા માટે "અવસરની બારી" પણ છે. "રશિયા-યુક્રેન યુદ્ધ, ટૂંક સમયમાં તેના ચોથા વર્ષમાં પ્રવેશ કરશે, તેણે અમને નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય સિસ્ટમની નબળાઈ બતાવી છે.

# ચાલુ ઈઝરાયેલ યુદ્ધ વચ્ચે ૨૦ લાખ પેલેસ્ટીની ભૂખ અને તરસથી મૃત્યુનો સામનો કરી રહ્યા છે : હમાસ

(એજન્સી) તા.૩૦

પેલેસ્ટીની સમૂહ હમાસે શુક્રવારે જણાવ્યું કે ઓકટોબર ૨૦૨૩થી ગાઝા પર ઈઝરાયેલના ચાલી રહેલા નરસંહારના યુદ્ધને ધ્યાનમાં રાખીને ગાઝા પટ્ટીમાં પેલેસ્ટીનીઓ ભૂખથી મૃત્યુનું જોખમ ધરાવે છે. હમાસે એક નિવેદનમાં જણાવ્યું કે, 'ગાઝામાં ૨૦ લાખથી વધુ પેલેસ્ટીનીઓ ઈઝરાયેલના કબજાવાળા સહાયનો ઈનકાર અને દવા, ખોરાક અને પાણીની પહોંચ પરના પ્રતિબંધોને કારણે ભૂખ અને તરસથી મૃત્યુના જોખમમાં છે.' સમૂહે ચેતવણી આપી કે ગાઝામાં બાળકો ભૂખમરાથી મરી રહ્યા છે અને જીવન ટકાવી રાખવા માટેની મૂળભૂત જરૂરિયાતોના અભાવને કારણે પરિવારો દુકાળની આરે છે. યુનાઈટેડ નેશન્સ એજન્સી ફોર પેલેસ્ટીન રેફ્યુજીસ (યુએનઆરડબ્લ્યુએ)ના અગાઉના નિવેદન અનુસાર, ગાઝામાં દરરોજ મહત્તમ ૩૦ માનવતાવાદી સહાય ટ્રકો પ્રવેશ કરે છે, જે ત્યાંના લોકોની જરૂરિયાતોને પહોંચી વળવાથી દૂર છે. ઑકટોબર ૨૦૨૩ પહેલાં, એન્ક્લેવના ૨૦ લાખથી વધુ લોકોને ખવડાવવા માટે દરરોજ સેંકડો લોકો સરહદ પાર કરશે. ઑકટોબર ૨૦૨૩માં ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની શરૂઆતથી ઘણા આંતરરાષ્ટ્રીય અને યુએન સમૂહોએ ઈઝરાયેલને દુષ્કાળને ટાળવા માટે ગાઝાને માનવતાવાદી સહાય પહોંચાડવાની સુવિધા આપવા માંગ કરી છે. ઈઝરાયેલે ગયા ઓકટોબરમાં પેલસ્ટીની સમૂહ હમાસ દ્વારા સરહદ પારના હુમલા પછી ગાઝા પટ્ટી પર નરસંહારની શરૂઆત કરી, જેમાં અત્યાર સુધીમાં ૪૪,૩૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જેમાં મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો છે અને લગભગ



૧,૦૫,૦૦૦ ઘાયલ થયા છે. ગાઝામાં નરસંહારના બીજા વર્ષે વધતી જતી આંતરરાષ્ટ્રીય ટીકાને દોરવામાં આવી છે, અધિકારીઓ અને સંગઠનોએ હુમલાઓને અને માનવતાવાદી સહાયને રોકવાને વસ્તીનો નાશ કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો છે. ગયા અઠવાડિયે, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC)એ ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ અને પૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગાલાંટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું. ઈઝરાયેલને ગાઝા પરના તેના ઘાતક યુદ્ધ માટે ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં નરસંહારના કેસનો પણ સામનો કરવો પડી રહ્યો છે.

# ઈઝરાયેલે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું, દક્ષિણ લેબેનોનમાં હિઝબુલ્લાહના કથિત સ્થળો પર બોમ્બ ફેંક્યા

(એજન્સી) તા.૩૦

ઈઝરાયેલી કબજાવાળા દળોએ ગઈકાલે સતત બીજા દિવસે લેબેનીઝ હિઝબુલ્લાહ સાથેના યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખ્યું હતું, દક્ષિણ લેબેનોનમાં હજુ પણ હાજર તેના એકમોને ધમકી આપી હતી. ઈઝરાયેલી કબજાની સેનાએ ગઈકાલે જણાવ્યું કે તેની હવાઈ દળે દક્ષિણ લેબનાનમાં ડ્રોન વડે મધ્યમ-અંતરના રોકેટ સંગ્રહવા માટે હિઝબુલ્લાહ દ્વારા ઉપયોગમાં લેવાતી સુવિધા પર હુમલો કર્યો હતો. દરમિયાન, લેબેનીઝ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું કે ઈઝરાયેલી દળોએ દેશના દક્ષિણમાં માર્જેયુન જિલ્લાના માર્કબા શહેરમાં ચોક પર ગોળીબાર કર્યા પછી બે લોકો ઘાયલ થયા છે. લેબેનીઝ ન્યૂઝ એજન્સીએ એ પણ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી ટેન્કોએ નાબાતીહ ગવર્નરેટના હસબયા જિલ્લામાં કાફ્ર શોબા અને અલ-વઝાની નગરો પર ગોળીબાર કર્યો હતો. "એક (ઈઝરાયેલ) દુશ્મન ટાંકીએ હસબયામાં કફર શોબા શહેરની બહારના વિસ્તારોને નિશાન બનાવીને બે શેલ છોડ્યા," એક સ્ત્રોતે જણાવ્યું હતું.બુધવારથી ગુરૂવારની રાત્રે, ઈઝરાયેલી આર્ટિલરીએ નાબાતીહ ગવર્નરેટમાં આઈતા અલ-શાબ અને બિન્ટ જબેઈલ શહેર પર તોપમારો કર્યો, લેબેનીઝ એજન્સીના જણાવ્યા અનુસાર, જેણે એ પણ અહેવાલ આપ્યો છે કે ઈઝરાયેલી જાસૂસી ડ્રોન ટાયર અને બિન્ટ જબેઈલ જિલ્લાઓ પર ઉડાન ભરી હતી. બાદમાં ગુરૂવારે બપોરે એજન્સીએ



જણાવ્યું કે "ઈઝરાયેલી દુશ્મને તૈબેહ શહેર, ખિયામ શહેર અને મરજેયુનને આર્ટિલરી શેલો વડે નિશાન બનાવ્યું હતું, જ્યારે ખિયામમાં મશીનગનના વિસ્ફોટો સંભળાયા હતા." ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે યુએસ-ફ્રાંસે મધ્યસ્થી કરેલ યુદ્ધવિરામ બુધવારે સવારે અમલમાં આવ્યો હતો, જે સપ્ટેમ્બર ૨૦૨૪માં વધી ગયેલી ૧૪ મહિનાની સીમા પાર ગોળીબારનો અંત આવ્યો હતો જ્યારે ઈઝરાયેલે લેબેનોનમાં તેના બોમ્બ ધડાકા ફરી શરૂ કર્યા હતા અને દેશ પર જમીન પર હુમલો કરવામાં આવ્યો હતો.

# સંયુક્ત રાષ્ટ્ર અધિકારીએ જણાવ્યું કે, ગાઝામાં મહિલાઓ અને બાળકો ખોરાક માટે સંઘર્ષ કરી રહ્યા છે

(એજન્સી) તા.૩૦

શુક્રવારે પેલેસ્ટીની પ્રદેશની મુલાકાત બાદ સંયુક્ત રાષ્ટ્રના અધિકારીએ જણાવ્યું કે ગાઝા પટ્ટીના ભાગોમાં કચરાના ઢગલા વચ્ચે મહિલાઓ અને બાળકોના મોટા સમુહો ખોરાકની શોધ કરી રહ્યા છે. અજીત સુંઘે, અધિકૃત પેલેસ્ટીની પ્રદેશો માટે યુએન માનવ અધિકાર કાર્યાલયના પ્રમુખ, મધ્ય ગાઝાના વિસ્તારોમાં પણ જ્યાં સહાય એજન્સીઓની ટીમો હાજર છે ત્યાં પણ ભૂખના સ્તર પર ચિંતા વ્યક્ત કરી. 'હું ખાસ કરીને ભૂખના વ્યાપથી ચિંતિત હતો,' સુંગેએ જોર્ડનથી વીડિયો લિંક દ્વારા જીનીવા પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું. 'મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવી એ રોજિંદા જીવન માટે ભયંકર સંઘર્ષ બની ગયો છે.' સુંઘે જણાવ્યું કે યુનાઈટેડ નેશન્સ ઉત્તરી ગાઝાને કોઈપણ સહાય પહોંચાડવામાં અસમર્થ છે, જ્યાં 'ઈઝરાયેલી સત્તાવાળાઓ દ્વારા વારંવાર નાકાબંધી અથવા માનવતાવાદી કાફલાને નકારવાને કારણે અંદાજિત ૭૦,૦૦૦ લોકો હજુ પણ જીવે છે.' સંઘે તાજેતરમાં ઉત્તર ગાઝાના ભાગોમાં વિસ્થાપિત લોકો માટેના કેમ્પની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું કે તેઓ ખોરાકની તીવ્ર અછત અને નબળી સ્વચ્છતા સાથે ભયાનક સ્થિતિમાં જીવી રહ્યા છે. તેમણે જણાવ્યું ન હતું કે યુએન એજન્સીઓએ ઉત્તર ગાઝામાં છેલ્લી વખત ક્યારે મદદ મોકલી હતી. અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન અને સુરક્ષા મંત્રી લોયડ ઓસ્ટીને ગયા મહિને ઈઝરાયેલને ગાઝાની પરિસ્થિતિનો સામનો કરવા ૩૦ દિવસની અંદર પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે આમ કરવામાં નિષ્ફળતા ઈઝરાયેલને અમેરિકન સૈન્ય સહાયને અસર કરી શકે છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે ૧૨ નવેમ્બરના રોજ જણાવ્યું કે રાષ્ટ્રપતિ જો બાઈડેનના વહીવટીતંત્રે તારણ કાઢ્યું છે કે ઈઝરાયેલ હાલમાં



ગાઝામાં સહાયના પ્રવાહમાં અવરોધ ઉભો કરી રહ્યું નથી અને તેથી તે યુએસ કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યું નથી. ઓક્ટોબર ૨૦૨૩માં દક્ષિણ ઈઝરાયેલી સમુદાયો પર સમુહના હુમલા પછી ગાઝા પટ્ટીમાં હમાસ સામે આક્રમણ શરૂ કરનાર ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું કે ૫ ઓક્ટોબરથી ઉત્તરી ગાઝામાં તેની ક્રિયાઓનો ઉદ્દેશ્ય લડાકુઓને ફરીથી સમૂહ બનાવવા અને તે વિસ્તારોમાંથી હુમલાને રોકવાનો હતો તેને થતું રોકવા માટે. કોગાટ, ઈઝરાયેલની સરકારી એજન્સી જે સહાયની દેખરેખ રાખે છે, કહે છે કે તે ગાઝામાં માનવતાવાદી સહાયના પ્રવેશને સરળ બનાવે છે અને યુએન એજન્સીઓ પર તેને અસરકારક રીતે વિતરણ ન કરવાનો આરોપ મૂક્યો છે. લૂંટને કારણે ગાઝા પટ્ટીમાં સહાય પુરવઠો પણ ખતમ થઈ ગયો છે, ૧૬ નવેમ્બરના રોજ અંદાજે ૧૦૦ ખાદ્ય સહાય ટ્રકો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

# સંયુક્ત રાષ્ટ્રપ્રમુખે આંતરરાષ્ટ્રીય એકતા દિવસના સંદેશમાં પેલેસ્ટીનીઓની ઈઝરાયેલની 'સામૂહિક સજા'ની ટીકા કરી

(એજન્સી) તા.૩૦

સંયુક્ત રાષ્ટ્રના પ્રમુખે શુક્રવારે ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનીઓની સતત હત્યા તેમજ ગાઝા અને કબજાવાળા વેસ્ટ બેંકમાં ચાલી રહેલી માનવતાવાદી કટોકટીની ટીકા કરી હતી. પેલેસ્ટીની લોકો સાથે એકતાના આંતરરાષ્ટ્રીય દિવસને ચિહ્નિત કરતા એક નિવેદનમાં એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું કે, 'દર વર્ષે આ દિવસે આંતરરાષ્ટ્રીય સમુદાય પેલેસ્ટીની લોકો સાથે તેમના ગૌરવ, અધિકારો, ન્યાય અને આત્મનિર્ણય માટે એકતામાં ઊભો રહે છે. આ વર્ષની યાદગીરી તે ખાસ કરીને પીડાદાયક છે કારણ કે તે મૂળભૂત લક્ષ્યો પહેલા કરતા વધુ દૂર છે.' આ દિવસ દર વર્ષે ૨૯ નવેમ્બરે મનાવવામાં આવે છે, જે શાંતિ, ન્યાય અને સ્વ-નિર્ધારણ માટેની પેલેસ્ટીની આકાંક્ષાઓને સન્માનિત કરે છે. સંયુક્ત રાષ્ટ્ર જનરલ એસેમ્બલીના ઠરાવ ૧૮૧ના ત્રણ દાયકા પછી



યુનાઈટેડ નેશન્સ દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી, જેમાં પેલેસ્ટીનને યહૂદી અને અરબ રાજ્યોમાં વિભાજીત કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી, જે બંને પક્ષો વચ્ચેના ઉકેલ માટે કાયમી પ્રયાસોની રૂપરેખા આપે છે, જો કે તેની સંભાવનાઓ હાલમાં દૂરની લાગે છે ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ચાલી રહેલા નરસંહારના યુદ્ધને કારણે. ગુટેરેસે ઓકટોબર ૭ના હુમલાની ટીકા કરતા જણાવ્યું કે 'પેલેસ્ટીની લોકોની સામૂહિક સજા માટે કોઈ વ્યાજબી નથી. 'સંઘર્ષના વિનાશક પરિણામો પર પ્રકાશ પાડતા, ગુટેરેસે ભારપૂર્વક જણાવ્યું કે ૪૩,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓની હત્યા, મુખ્યત્વે મહિલાઓ અને બાળકો અને ચાલુ માનવતાવાદી સંકટ 'ભયાનક અને અક્ષમ્ય' છે. તેમણે કબજાવાળા વેસ્ટ બેંકમાં અને પૂર્વ જેરૂસલેમમાં ઈઝરાયેલની કાર્યવાહીની પણ ટીકા કરી હતી અને જણાવ્યું કે 'વસાહત વિસ્તરણ, ખાલી કરાવવા, તોડી પાડવા, વસાહતીઓની હિંસા અને જોડાણની ધમકીઓ' 'પીડા અને અન્યાય' વધારી રહી છે. ગુટેરેસે તાત્કાલિક યુદ્ધવિરામ, તમામ બંધકોની મુક્તિ અને 'પેલેસ્ટીની પ્રદેશના ગેરકાયદેસર કબજાનો અંત લાવવાની વિનંતી કરી-જેમ કે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત અને જનરલ એસેમ્બલી દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે.'

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# સંભલ મસ્જિદ હિંસા : ઉત્તરપ્રદેશ સરકારે ન્યાયિક તપાસનો આદેશ તો આપ્યો પરંતુ હજુ પ્રશ્નો અનુત્તરિત છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

ઉત્તરપ્રદેશ સરકારે ગયા રવિવારે (૨૪ નવેમ્બર) મુઘલ યુગની મસ્જિદના વિવાદાસ્પદ સર્વેક્ષણ દરમિયાન સંભલમાં ફાટી નીકળેલી હિંસા માટે ગુરૂવારે ૨૮ નવેમ્બરેની ન્યાયિક તપાસનો આદેશ આપ્યો હતો. વિરોધ પક્ષના નેતાઓ અચાનક ન્યાયિક તપાસની જાહેરાત કરવાના સરકારના નિર્ણયને શંકાની નજરે જુએ છે, ત્યારે ત્રણ સભ્યોના કમિશનની શરતો અને સંદર્ભો પણ પ્રશ્નો ઉભા કરે છે કારણ કે તેઓ તેમના સંબંધીઓ દ્વારા પોલીસ પર લગાવવામાં આવેલા હત્યાના ગંભીર આરોપોની અવગણના કરે છે. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર અરોરાની અધ્યક્ષતામાં ત્રણ સભ્યોના પંચની રચના કરી હતી. નિવૃત્ત IAS અધિકારી અમિત મોહન પ્રસાદ, જેમણે મુખ્ય પ્રધાન આદિત્યનાથ હેઠળ સેવા આપી હતી, અને નિવૃત્ત IPS અધિકારી અરવિંદ કુમાર જૈન, જેઓ ૨૦૧૫માં પોલીસ મહાનિર્દેશક હતા, તે કમિશનના બે સભ્યો છે. આ હિંસામાં પાંચ મુસ્લિમો માર્યા ગયા હતા, જો કે સરકારે માત્ર ચાર લોકોનાં મોતનો સ્વીકાર કર્યો છે. કેટલાક પોલીસ કર્મચારીઓ પણ ઘાયલ થયા હતા અને કેટલાક વાહનોને સળગાવી દેવામાં આવ્યા હતા અથવા નુકસાન થયું હતું.

ન્યાયિક પંચ પાસે ચાર કાર્યો છે. એક, આ ઘટના અચાનક કે સુનિયોજિત અને ગુનાહિત કાવતરાનું પરિણામ છે કે કેમ તેની તપાસ કરવી. બે, ઘટના દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા વહીવટીતંત્ર અને પોલીસ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાની તપાસ કરવી. ત્રીજું, એ કારણો અને સંજોગો જેના કારણે આ ઘટના બની હતી તે જાણવું અને ચાર, આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે સૂચનો આપવા. પંચ પાસે તેની તપાસ પૂર્ણ કરવા માટે બે મહિનાનો સમય છે. કમિશનની સૂચના આ ઘટનાના અન્ય મહત્વના ઘટકોનો કોઈ ચોક્કસ સંદર્ભ આપતી નથી, જે આ ઘટનાઓની વ્યાપક સમજ માટે તપાસની જરૂર છે. પ્રથમ, વિવાદનું મૂળ અને કયા સંજોગોમાં કોર્ટ દ્વારા નિયુક્ત એડવોકેટ કમિશનર રમેશ રાઘવે સ્થાનિક સિવિલ કોર્ટના આદેશના ત્રણ કલાકની અંદર ૧૯ નવેમ્બરની સાંજે મસ્જિદનો સર્વે કરવાની ઉતાવળ દર્શાવી હતી. સિવિલ જજ સિનિયર ડિવિઝને મસ્જિદમાં પ્રવેશ મેળવવાના અધિકારનો દાવો કરતી સિવિલ દાવાના ભાગરૂપે હિંદુત્વ તરફી વકીલ હરિ શંકર જૈન અને હિંદુ દ્રષ્ટા મહંત ઋષિરાજગીરીની આગેવાની હેઠળ આઠ વાદીઓ દ્વારા દાખલ કરાયેલી અરજી પર સર્વે માટેનો આદેશ આપ્યો હતો. હિંદુ કાર્યકરોએ દાવો કર્યો હતો કે ૧૬મી સદીમાં પ્રથમ મુઘલ સમ્રાટ બાબરના સમયમાં બાંધવામાં આવેલી આ મસ્જિદ મૂળરૂપે વિષ્ણુ, કલ્કીના ભવિષ્યવાણી અવતારને સમર્પિત એક અગ્રણી હિંદુ મંદિરનું સ્થળ હતું. કોર્ટે એડવોકેટ કમિશનરને ૨૯ નવેમ્બર સુધીનો સમય આપ્યો હતો, ઓછામાં ઓછા નવ દિવસમાં આ રિપોર્ટ સબમિટ કરવાનો હતો, તો તેમને કોર્ટના આદેશો પછી તરત જ સર્વેક્ષણ શરૂ કરવા માટે કોણે પ્રોત્સાહિત કર્યા ? શું વહીવટીતંત્રે સ્થાનિક ધાર્મિક સમુદાયોને વિશ્વાસમાં લેવા માટે જરૂરી પગલાં લીધાં હતાં, કારણ કે મસ્જિદ મિશ્ર વસ્તીવાળા વિસ્તારમાં આવેલી છે, અથવા સર્વેક્ષણના ઉદ્દેશ્ય વિશે સ્થાનિક લોકોને જાણ કરવા માટે કોઈ શાંતિ સભાઓ યોજી હતી ? આ વિષય સાંપ્રદાયિક રીતે સંવેદનશીલ છે તે જોતાં એડવોકેટ કમિશનરે બીજો સર્વે શા માટે કર્યો ? જો એડવોકેટ કમિશનરને નાઈટ વિઝન હેઠળ સર્વે કરવાની મર્યાદાઓ વિશે જાણ હતી, તો તે જ દિવસે ઉતાવળમાં શા માટે પહેલ કરવામાં આવી? બીજું, પોલીસ પર ગંભીર આરોપો છે. પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કરનાર અને વાહનોને નુકસાન પહોંચાડનાર ટોળાનો ભાગ હતા તેવા વિરોધ કરી રહેલા મુસ્લિમોને ગોળીબાર અને હત્યા કરવાનો પોલીસ પર આરોપ છે જ, પરંતુ તેમણે એવા આક્ષેપોનો પણ સામનો કરવો પડ્યો છે કે તેઓએ ભીડને બિનજરૂરી લાઠીચાર્જથી હિંસક બનવા માટે ઉશ્કેરી હતી. માર્યા ગયેલા લોકોના સંબંધીઓ, મસ્જિદની દેખરેખ સમિતિના અધ્યક્ષ ઝફર અલી અને સંભલના સાંસદ ઝિયા-ઉર-રહેમાન બાર્ક સહિતના વિપક્ષી નેતાઓએ પોલીસ પર ટોળા પર ગોળીબાર કરવાનો આરોપ લગાવ્યો છે. પોલીસે આ આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે તેઓએ માત્ર રબરના ગોળીઓ અને ટીયર ગેસ છોડ્યા હતા અને ભીડને વિખેરવા માટે લાઠીચાર્જનો ઉપયોગ કર્યો હતો. પોલીસે એવો પણ દાવો કર્યો હતો કે બંદૂકની ગોળી વાગવાથી માર્યા ગયેલા ચાર વ્યક્તિઓ દેશી બનાવટના શસ્ત્રો વડે માર્યા ગયા હતા, જે સૂચવે છે કે ટોળાના સભ્યોએ એકબીજાને ગોળી મારી હશે. નાગરિક અધિકાર એનજીઓ એસોસિયેશન ઑફ પ્રોટેક્શન ઑફ સિવિલ રાઈટ્સ (એપીસીઆર), અલ્હાબાદ હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજી (પીઆઈએલ)માં, પોલીસ અથવા રાજ્યના અધિકારીઓ દ્વારા કથિત રીતે કરવામાં આવેલા 'ગુનાઓ અને અત્યાચાર'ની તમામ ફરિયાદો નોંધવામાં આવે તેવી માંગ કરી છે. ઉચ્ચ ન્યાયાલયની દેખરેખ હેઠળ સ્વતંત્ર તપાસ એજન્સી અથવા ટીમ દ્વારા તાત્કાલિક અને તપાસ અને APCRએ પીઆઈએલમાં એવી પણ વિનંતી કરી હતી કે કોર્ટ પોલીસ અને સરકારને સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા માટે નિર્દેશ આપે જે તે આધાર પર સમજાવે છે કે પોલીસને જનતા પર ગોળીબાર કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. તેની પીઆઈએલમાં, એપીસીઆરએ જણાવ્યું હતું કે ટોળું શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યું હતું. જ્યારે પોલીસે લાઠીચાર્જ શરૂ કર્યો ત્યારે મસ્જિદના ખોદકામની અફવા હતી. લાઠીચાર્જ પછી, ટોળું કથિત રીતે હિંસક બન્યું અને પથ્થરમારો શરૂ કર્યો, ઉલ્લેખનીય છે કે પોલીસ અધિકારીઓએ અંધાધૂંધ ગોળીબાર કરીને અપ્રમાણસર બળનો ઉપયોગ કર્યો હતો અને નઈમ ગાઝી, મોહમ્મદ બિલાલ, રુમન ખાન અને મોહમ્મદ કૈફ નામના ચાર વ્યક્તિઓ માર્યા ગયા હતા. ત્રીજું, શાસક ભારતીય જનતા પાર્ટી (BJP), મુસ્લિમો પર કથિત પોલીસ ગોળીબારથી ધ્યાન હટાવવા માટે, મીડિયામાં એક વાર્તા રજૂ કરવામાં આવી કે આ હિંસા બે મુસ્લિમ સમુદાયો, તુર્ક અને પઠાણ વચ્ચે લાંબા સમયથી ચાલતી દુશ્મનાવટને કારણે થઈ હતી. તે અનિવાર્ય છે કે કમિશન એ પણ તપાસ કરે કે બે સમુદાયોને એકબીજા વિરૂદ્ધની આ પાયાવિહોણી થિયરી કેવી રીતે બનાવવામાં આવી હતી, જેને મીડિયાના મોટા વર્ગ દ્વારા અનામી પોલીસ સૂત્રોને ટાંકીને પ્રમોટ કરવામાં આવી હતી. ન્યાયિક તપાસના આદેશો પર પ્રતિક્રિયા આપતા, ફૈઝાબાદના એસપી સાંસદ અવધેશ પ્રસાદે જણાવ્યું હતું કે આ મામલો અટકાવવા અને લોકોના મનને વાળવા માટે જાહેરાત કરવામાં આવી હતી. તે હકીકત છે કે ગોળીઓ ચલાવવામાં આવી હતી, લોકો મૃત્યુ પામ્યા હતા અને ડઝનેક ઘાયલ થયા હતા. આમાં એવું શું ખાસ છે કે આ મામલો કમિશનને સોંપવો જોઈએ? આ સરકાર કંઈ કરવા માંગતી નથી.

મસ્જિદની 'સુરક્ષા' કરવા માટે ટોળાને ઉશ્કેરવાનો જેના પર આરોપ છે તેવા એસપી સાંસદ બાર્કે કહ્યું હતું કે પ્રમાણિક અને નિષ્પક્ષ તપાસ સુપ્રીમ કોર્ટ અથવા અલ્હાબાદ હાઈ કોર્ટના વર્તમાન ન્યાયાધીશોની દેખરેખ હેઠળ રચાયેલ તપાસ પંચ દ્વારા જ આ શક્ય બનશે. કોર્ટ સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા, એવી પણ માંગ કરી હતી કે જો કોઈ નિષ્પક્ષ તપાસ થવાની હોય તો ઘટનાનો ભાગ બનેલા પોલીસ અધિકારીઓ અને વહીવટી અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવે. અમે તેમને ગુનેગારો માનીએ છીએ, અને તેઓએ પોલીસ સામે હત્યાનો કેસ દાખલ કરવાની માંગણી કરી.

એસપી સાંસદે એવો પણ આક્ષેપ કર્યો છે કે ૨૪ નવેમ્બરે થયેલી હિંસાની ઘટના પોલીસ પ્રશાસન દ્વારા આયોજિત કરવામાં આવી હતી. પોલીસે પહેલા અરાજકતા ફેલાવી, અને પછી નકલી કેસ દાખલ કરવામાં આવ્યા.

વહીવટીતંત્રે બેદરકારી અથવા સુરક્ષામાં ખામી હોવાના આરોપોને નકારી કાઢ્યા છે.

મુરાદાબાદના ડિવિઝનલ કમિશનર અંજનેય કુમાર સિંઘ, ગુરુવારે સાંજે એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા હતા ત્યારે પૂછવામાં આવ્યું કે શું આ હિંસા ગુપ્તચર નિષ્ફળતાનું પરિણામ છે અને શું સ્થાનિક પોલીસ કર્મચારીઓ સામે પગલાં લેવામાં આવશે. સિંઘે આનો જવાબ આપતાં કહ્યું કે જો કે ઈનપુટ્સ મુજબ વહીવટીતંત્ર માટે આ મામલો 'સંવેદનશીલ' હતો, તેઓએ તેનો સામનો કરવા માટે તમામ પગલાં લીધાં છે અને દળોને તૈનાત કર્યા છે. અમે ડ્રોન કેમેરાનો ઉપયોગ કર્યો. વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસે તમામ પ્રકારના અવરોધોને ખતમ કર્યા પછી પથ્થરમારો કરનારા ટોળાને જરૂરી યોગ્ય જવાબ આપ્યો હતો અમે અમને જે અનુમતિ હતી તે કર્યું છે. ઉત્તરપ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન બ્રજેશ પાઠકે, ન્યાયિક તપાસના આદેશો પછી મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે સરકાર નિષ્પક્ષ તપાસ પછી તમામ દોષિતો સામે કડક પગલાં લેશે. અમે માનનીય સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરીશું. અમે સંભલમાં કાયદો અને વ્યવસ્થા જાળવીશું. સુપ્રીમ કોર્ટે પશ્ચિમ ઉત્તર પ્રદેશ જિલ્લાના વહીવટીતંત્રને શાંતિ જાળવવા અને સંપૂર્ણપણે તટસ્થ" રહેવાનો નિર્દેશ આપ્યા હતા.

# સંભલની શાહી જામા મસ્જિદ : ભારતમાં મંદિર-મસ્જિદના વિવાદોથી કોને લાભ થાય છે ?

## અન્ય મસ્જિદ, બીજો સર્વે અને હિંસા જેવી સમાન પેટર્ન : આ દાવાઓ ઈતિહાસ વિશે છે કે માત્ર રાજકારણ છે ?

(એજન્સી) તા.૩૦

ઉત્તરપ્રદેશના સંભલમાં આવેલી શાહી જામા મસ્જિદ, ભારતમાં ચાલી રહેલી મંદિર-મસ્જિદની ચર્ચાઓમાં તાજેતરનો નવો વિવાદ બની ગઈ છે. ઐતિહાસિક હરિહર મંદિર પર મસ્જિદ બાંધવામાં આવી હોવાના દાવાઓ વચ્ચે પૂજાના સ્થળો અને તેના અમલીકરણ અંગેના પ્રશ્નો સામે આવ્યા છે. પરંતુ આ વિવાદો શા માટે ઉભા થતા રહે છે અને તેમાંથી કોને ફાયદો થાય છે ? આ વિવાદ નવેમ્બર ૨૦૨૪માં દાખલ કરવામાં આવેલી અરજી સાથે શરૂ થયો હતો, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે શાહી જામા મસ્જિદ મૂળ ભગવાન કલ્કીને સમર્પિત મંદિર છે. કોર્ટે તાત્કાલિક મસ્જિદ કમિટીને જાણ કર્યા વિના કથિત રીતે મસ્જિદના સર્વેનો આદેશ આપ્યો હતો. અહી ખોદકામની અફવાઓ ફેલાઈ, સ્થાનિકો અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ. હિંસામાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા.

**પૂજા સ્થળ અધિનિયમ શું છે ?** પૂજા સ્થાનો અધિનિયમ ૧૯૯૧, ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હોવાથી કોઈપણ ધાર્મિક સ્થળના રૂપાંતર પર પ્રતિબંધ મૂકે છે. આ કાયદો રામ મંદિર ચળવળ વચ્ચે કોમી સંવાદિતા જાળવવા માટે ઘડવામાં આવ્યો હતો. જો કે, તેમાં છટકબારીઓ અને વિરોધાભાસી અર્થઘટનને કારણે વારંવાર પડકારો ઉભા થયા છે. આ કાયદો સાઈટની ઐતિહાસિક પ્રકૃતિની તપાસની પરવાનગી આપે છે, પરંતુ ટીકાકારો દલીલ કરે છે કે આવા સર્વે રચનાત્મક પરિણામો આપ્યા વિના અશાંતિ ઊભી કરે છે. જો ધાર્મિક સ્થળમાં કોઈ ફેરફાર કરી શકાતા નથી, તો આ તપાસનો હેતુ શું છે ? આ ચર્ચા મસ્જિદો પુરતી મર્યાદિત નથી. બૌદ્ધ સ્થળો પર બનેલા હિંદુ મંદિરો અંગે પણ દાવા કરવામાં આવ્યા છે. દાખલા તરીકે રામેશ્વરધામ અને કેરળના સબરીમાલા મંદિર માટે આદિવાસી જૂથોએ ઐતિહાસિક અન્યાયનો આક્ષેપ કર્યો છે. ૨૦૧૮માં આઈક્યા માલા આરાય મહાસભાના પીકે સજીવે કહ્યું કે, સરકારે અમને મંદિર પરત કરવું જોઈએ અને ઐતિહાસિક ભૂલો સુધારવી જોઈએ. ભૂતકાળના અત્યાચારોનું પ્રાયશ્ચિત કરવાનો સમય આવી ગયો છે. આ દાવાઓ ઈતિહાસ અને આસ્થાના જટિલ સ્તરોને ઉજાગર કરે છે, જે આપણે આપણા વારસાને કેવી રીતે સાચવીએ છીએ અને તેનું અર્થઘટન કરીએ છીએ તે અંગે અસ્વસ્થતાભર્યા પ્રશ્નો ઉભા કરે છે. હિંદુત્વ ચળવળના નેતાઓએ પણ આવા વિવાદોની વધતી સંખ્યા અંગે સાવચેતી વ્યક્ત કરી છે. ૨૦૨૨માં નાગપુરમાં એક ભાષણ દરમિયાન આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે, અમે ચોક્કસ સ્થાનો માટે સાંકેતિક આસ્થા ધરાવીએ છીએ, પરંતુ દરરોજ નવો મુદ્દો લાવવો જરૂરી નથી. શા માટે તકરાર વધારવી જોઈએ ? આપણે આપણી પરંપરાઓને કારણે જ્ઞાનવાપીમાં આસ્થા રાખીએ છીએ, પણ દરેક મસ્જિદમાં શિવલિંગ શા માટે શોધવું જોઈએ ? તે પણ પૂજાનું એક સ્વરૂપ છે, ભલે તે બહારથી આવ્યું હોય. જે લોકોએ તેને અપનાવ્યું છે તે હવે બહારના નથી અને આ સમજવું આવશ્યક છે. મોહન ભાગવતની સંયમની હિમાયત કરતી આવી ટિપ્પણીઓ છતાં, મસ્જિદોની નીચે મંદિરો શોધવાની ઝુંબેશ અવિરત ચાલુ રહી છે. સામાજિક-રાજકીય સંદર્ભમાં આ ક્રિયાઓ શું સૂચવે છે ? ધાર્મિક સ્થળો પરના વિરોધો ઘણીવાર હિંસામાં પરિણમે છે. પરંતુ બે પ્રશ્નો રહે છે : ૧. ચોક્કસ સમુદાયને સંડોવતા વિરોધ દરમિયાન આ ઘટનાઓ શા માટે એટલી સામાન્ય છે ? ૨. પોલીસે આવી હિંસાને રોકવા માટે વ્યૂહરચના કેમ નથી બનાવી ?

# સંભલ હિંસા : કાયદાની અવગણના સાથે 'સર્વે'ની માગણી કરતા દાવાઓ પૂજા સ્થાનો અધિનિયમમાં સમાવિષ્ટ સિદ્ધાંતો પ્રત્યે પ્રતિબદ્ધતા જરૂરી છે

(એજન્સી) તા.૩૦



પૂજાના સ્થળોનો કાયદો (૧૯૯૧) કોઈપણ પૂજા સ્થળમાં ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હતા તેમાથી ફેરફારને પ્રતિબંધિત કરવા અને તેના ધાર્મિક પાત્રને જાળવી રાખવા માટે લાવવામાં આવ્યો હતો. આ કાયદો છેલ્લા દાયકાથી વિવાદનો કેન્દ્રિય વિષય છે. જિલ્લા અદાલતોએ ધાર્મિક સ્થળો (મસ્જિદો)ના સર્વેક્ષણની મંજૂરી આપતા અનેક આદેશો પસાર કર્યા છે જે એવા દાવા પર આધારિત છે કે ત્યાં પહેલાં અન્ય ધાર્મિક માળખું (મંદિર) અસ્તિત્વમાં છે. ૧૮ નવેમ્બરે ઉત્તરપ્રદેશના સંભલ જિલ્લાની સિવિલ કોર્ટે શાહીજામા મસ્જિદના સર્વેનો આદેશ આપ્યો હતો. આ આદેશ એક અરજી પર આપવામાં આવ્યો હતો જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે મસ્જિદ મંદિરની જગ્યા પર બનાવવામાં આવી હતી. આ સર્વેનો રિપોર્ટ ૨૯ નવેમ્બરે કોર્ટ સમક્ષ રજૂ કરવાનો રહેશે. અહી બે સર્વે કરવામાં આવ્યા છે. અયોધ્યા-બાબરી ચુકાદા પછી એવા ઘણા કિસ્સાઓ બન્યા છે જેમાં ધાર્મિક સંરચનાઓનું મૂળ મુકદમાનો વિષય છે. વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદ કેસ, મથુરામાં શાહી ઈદગાહ અને મધ્ય પ્રદેશમાં કમલ-મૌલા મસ્જિદ જેવા કેટલાક કેસો વિવિધ અદાલતોમાં પેન્ડિંગ છે. જો આપણે કડક કાયદાનું પાલન કરીએ, તો આવી પ્રક્રિયાને પૂજાના સ્થળોના કાયદા હેઠળ પ્રતિબંધિત કરવામાં આવે છે. હવે, કાયદાની માન્યતા પર પ્રશ્નાર્થ હોવા છતાં એવું લાગે છે કે આ બાબતનો નિર્ણય લેવામાં આવે તે પહેલા જ તેને કોલ્ડ સ્ટોરેજમાં ફેંકી દેવામાં આવ્યો છે. આ એક સ્પષ્ટ વૈધાનિક આદેશ છે. ધાર્મિક સ્થળોના 'સ્વભાવ'ના સંદર્ભમાં સર્વેક્ષણની માંગ કરતા તાજેતરના આ દાવાઓ માત્ર કાયદાની અવગણના જ નહીં પરંતુ બિનસાંપ્રદાયિકતા અને સાંપ્રદાયિક સંવાદિતા માટે બંધારણીય પ્રતિબદ્ધતાને પણ જોખમમાં મૂકે છે. સંભલ કેસમાં સિવિલ કોર્ટે એડવોકેટ કમિશનર રમેશ ચંદ રાઘવને ચંદૌસી ખાતેની શાહીજામા મસ્જિદનું સર્વેક્ષણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટના આદેશના થોડા કલાકો બાદ જ સાંજે મસ્જિદનું સર્વેક્ષણ શરૂ થયું હતું. આ સર્વેક્ષણનો આદેશ સુનાવણીના પહેલા જ દિવસે આપવામાં આવ્યો હતો, એટલે કે, દાવાની જાળવણીના આધારને ધ્યાનમાં લીધા વિના અને અન્ય પક્ષોને તેને પડકારવાની તક મળે તે પહેલા આ આદેશનો અમલ કરવામાં આવ્યો હતો. આ આદેશ આઠ વાદીઓ દ્વારા દાખલ કરાયેલા દાવા પર પસાર કરવામાં આવ્યો હતો, જેમણે દાવો કર્યો હતો કે વિવાદાસ્પદ મસ્જિદ ૧૫૨૬માં ત્યાં ઊભેલા મંદિરને તોડી પાડવામાં આવી હતી. ૨૪ નવેમ્બરના રોજ, કોર્ટ દ્વારા નિયુક્ત એડવોકેટ કમિશનર અને તેમની ટીમના છ સભ્યો સવારે ૭ વાગ્યાની આસપાસ બીજા સર્વે માટે મસ્જિદમાં પ્રવેશ્યા પછી અથડામણ થઈ. અહેવાલો અનુસાર, અથડામણમાં મૃત્યુઆંક છ થઈ ગયો છે, જેમાં એક ૧૯ વર્ષીય છોકરાનો પણ સમાવેશ થાય છે જેનું ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું. જ્ઞાનવાપી કેસ દરમિયાન, જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડે અવલોકન કર્યું હતું કે પૂજાના સ્થળના ધાર્મિક પાત્રની ખાતરી સ્પષ્ટપણે પ્રતિબંધિત નથી, એટલે કે, સ્થળનું કોઈ રૂપાંતર ન થઈ શકે પણ તેમણે કહ્યું કે મિલકતનું મૂળ પાત્ર હંમેશા નક્કી કરી શકાય છે. બાદમાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે તે માત્ર એક સંવાદ હતો અને તે કોર્ટનો અભિપ્રાય નથી. તેમના ઉપરોક્ત અવલોકનથી દાવાઓ વધ્યા છે અને જો કે તે માત્ર એક સંવાદ હતો, તેમ છતાં તે પ્રાથમિક દ્રષ્ટિએ જણાવે છે કે ધાર્મિક સ્મારકની માન્યતા કાયદા દ્વારા પ્રતિબંધિત હોવા છતાં પણ તે નક્કી કરી શકાય છે. અજોયકરપુરમ યોગ્ય રીતે દલીલ કરે છે કે, જ્ઞાનવાપી મસ્જિદના સર્વેક્ષણની મંજૂરી આપતી SC ૨૦૧૯ના અયોધ્યા ચુકાદામાં વિવાદિત પૂજા સ્થાનો અંગેના તેના મંતવ્યોનો વિરોધાભાસ કરે છે. ૨૦૧૯માં અયોધ્યા વિવાદનો નિર્ણય કરનાર સર્વોચ્ચ અદાલતની બેંચે અવલોકન કર્યું હતું કે પૂજા સ્થાનો અધિનિયમ એ ભારતીય રાજનીતિની બિનસાંપ્રદાયિક લાક્ષણિકતાઓને સુરક્ષિત કરવા માટે રચાયેલ એક કાયદાકીય સાધન છે, જે બંધારણની મૂળભૂત લાક્ષણિકતાઓમાંની એક છે. પૂજાના સ્થળોનો કાયદો ધર્મનિરપેક્ષ રાજ્યની જવાબદારીઓ સાથે આંતરિક રીતે સંબંધિત છે. તે તમામ ધર્મોની સમાનતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. પૂજા સ્થાન અધિનિયમ એ ગૌરવપૂર્ણ ફરજની પ્રતિજ્ઞા છે જે રાજ્ય પર તમામ ધર્મોની સમાનતાને એક આવશ્યક બંધારણીય મૂલ્ય તરીકે જાળવવા અને તેનું રક્ષણ કરવા માટે છે. પૂજા સ્થાન અધિનિયમના અમલમાં કાયદો આપણા ઈતિહાસ અને રાષ્ટ્રના ભવિષ્ય સાથે વાત કરે છે. લોકો કાયદો પોતાના હાથમાં લઈને ઐતિહાસિક ભૂલોને સુધારી શકતા નથી. સાર્વજનિક પૂજાના સ્થળોને સાચવવા માટે સંસદે કોઈ અનિશ્ચિત શરતોમાં આદેશ આપ્યો છે કે ઈતિહાસ અને તેની ભૂલોનો ઉપયોગ વર્તમાન અને ભવિષ્ય પર જુલમ કરવાના સાધન તરીકે કરવામાં આવશે નહીં.

**અયોધ્યા-બાબરી ચુકાદામાં સુપ્રીમ કોર્ટ**

આ ઉપરાંત, સુપ્રીમ કોર્ટે ૨૦૧૦ માં અયોધ્યા-બાબરીનો ચુકાદો આપનારી અલ્હાબાદ હાઈકોર્ટની બેન્ચના ભાગ હતા તેવા જસ્ટિસ ડીવી શર્મા દ્વારા કરવામાં આવેલા અવલોકનોની પણ ટીકા કરી હતી. આ હોવા છતાં પૂજા સ્થાનોના ધાર્મિક પાત્રને નિર્ધારિત કરવા માટે સર્વેક્ષણોની વધતી જતી સ્વીકૃતિ, પૂજાના સ્થળોના કાયદાના પાયાના સિદ્ધાંતો માટે નોંધપાત્ર જોખમો ઊભા કરે છે. જ્ઞાનવાપી કેસ પછી વિવિધ સ્થળોની ધાર્મિક ઓળખ પર સવાલ ઉઠાવતા પડકારોનો વધારો થયો છે. દાખલા તરીકે મથુરા ડિસ્ટ્રિક્ટ કોર્ટે શાહી ઈદગાહ મસ્જિદમાં હિંદુ 'આર્ટિફેક્ટ્સ'ની હાજરીનો આરોપ લગાવતી અરજીને સ્વીકારી છે. તેવી જ રીતે કર્ણાટકમાં, નરેન્દ્ર મોદી વિચારમંચે શ્રીરંગપટ્ટનામાં એક મસ્જિદની અંદર પ્રાર્થના કરવા માટે પરવાનગી માંગી છે અને જણાવ્યું હતું કે તે ટીપુ સુલતાનના શાસન દરમિયાન હનુમાન મંદિર પર બાંધવામાં આવી હતી. અયોધ્યા ચુકાદામાં નાજુક સંતુલન ખોરવાઈ ગયું હતું. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આ અધિનિયમ તમામ ધર્મોની સમાનતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સુપ્રીમ કોર્ટ કાયદાની બંધારણીય માન્યતા અંગે નિર્ણય લેવાની તૈયારી કરી રહી હોવાથી, તેણે કાયદાના શાસન અને ધાર્મિક સંવાદિતા પરના આ મુકદમાઓના વ્યાપક અસરોને પણ સંબોધિત કરવી જોઈએ. આ ઐતિહાસિક ફરિયાદો રાષ્ટ્રના સામાજિક માળખાને વિક્ષેપિત કરવા માટે શસ્ત્ર ન બને તે સુનિશ્ચિત કરવા માટે ન્યાયિક સંયમ અને પૂજા સ્થાનો અધિનિયમમાં સમાવિષ્ટ સિદ્ધાંતો પ્રત્યે વફાદારી જરૂરી છે. જ્યાં સુધી સર્વોચ્ચ અદાલત નિર્ણાયક રીતે હસ્તક્ષેપ ન કરે ત્યાં સુધી કાયદાના ઉદ્દેશ્યો અને રાષ્ટ્રના બિનસાંપ્રદાયિક પાત્રને અનિશ્ચિત ભાવિનો સામનો કરવો પડશે.

## તેમના ૮૪મા જન્મદિવસે પુત્રી શેનોને પિતાને યાદ કર્યા

# બ્રુસ લી માર્શલ આર્ટમાં સ્પર્ધા કરવામાં માનતા ન હતા







૩૭ ફિલ્મો અને ૨૦ ટેલિવિઝન શોમાં અભિનય કરવા છતાં બ્રુસ લીની થોડી ફિલ્મો વિશે જ વાત કરવામાં આવે છે : પુત્રી શેનોન

### મિશ્ર માર્શલ આર્ટના પિતા સમાન બ્રુસ લીને સ્ટાર તરીકે ઓળખાવાનું પસંદ ન હતું

બ્રુસ લીની ૮૪મી જન્મજયંતી અને બ્રુસ લી પોડકાસ્ટની આઠમી સિઝનની શરૂઆતના પ્રસંગે તેમની પુત્રી શેનોન લી એક ઈમેલ ઈન્ટરવ્યુમાં પોતાના પિતાને યાદ કરતા કહે છે કે તેમના ૩૩મા જન્મદિવસના મહિનાઓ પહેલા તેમનું અવસાન થયું હતું પરંતુ તેઓ હંમેશા માટે જીવંત છે. તમે બ્રાઝિલના ફેવેલાસથી લઈને હિમાલયના ઉચ્ચ પર્વતીય ચાની દુકાનો સુધી વિશ્વભરમાં જ્યાં પણ જશો ત્યાં તેમનું નામ માર્શલ આર્ટનો પર્યાય છે.

બ્રુસ લીનો જન્મ ૨૭ નવેમ્બર ૧૯૪૦ના રોજ સાન ફ્રાન્સિસ્કોમાં થયો હતો અને ૧૯૭૩માં ૨૦ જુલાઈએ હોંગકોંગમાં તેમણે અંતિમ શ્વાસ લીધો હતો અને ટૂંકાગાળામાં તેઓ એક દંતકથા સમાન બની ગયા હતા. ૫૫ વર્ષીય શેનોને તેના સુપ્રસિદ્ધ પિતાની સ્મૃતિને સાચવવામાં પોતાનું જીવન વિતાવ્યું છે. તે બ્રુસ લી ફેમિલી કંપનીની સીઈઓ છે અને બ્રુસ લી ફાઉન્ડેશનના બોર્ડની અધ્યક્ષ છે. નેટફ્લિક્સ સિરીઝ ધ વોરિયર માટે એક્ઝિક્યુટીવ નિર્માતા છે અને બી વોટર માય ફ્રેન્ડ, ધ ટીચિંગ્સ ઓફ બ્રુસ લી અને બ્રેથ ઓફ ડ્રેગન જેવા પુસ્તકોની લેખક છે. શેનોને કહ્યું કે જ્યારે બ્રુસ લીએ માર્શલ આર્ટ શરૂ કર્યું ત્યારે તેમને કદાચ જ ખબર હતી કે તે એથ્લેટીક ટેલેન્ટના કારણે જાણીતા મૂવી સ્ટાર બનશે. લીએ ૧૯૭૧માં પિયર બર્ટનને કહ્યું હતું કે ચોક્કસપણે શરૂઆતમાં મારો કોઈ ઈરાદો ન હતો કે હું જે પ્રેક્ટિસ કરી રહ્યો છું. તે મને આ તરફ દોરી જશે. શેનોન જણાવે છે કે તેના પિતા બાળ કલાકાર હતા અને ૫થી ૧૮ વર્ષની ઉંમર વચ્ચે ૨૦થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું. જ્યારે બ્રુસ લી ૧૯૭૧માં ધ પિયર બર્ટન શોમાં દેખાયા ત્યારે હોસ્ટે તે સમયના ૩૧ વર્ષીય વ્યક્તિને યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્ટારડમ તરીકે ઓળખાવ્યા જ્યારે તેમણે હોંગકોંગમાં ફિલ્મ અભિનેતા તરીકે સુપર સ્ટારડમ પ્રાપ્ત કર્યું હતું. બ્રુસ લીને સુપરસ્ટાર તરીકે ઓળખવાનું પસંદ ન હતું. બ્રુસ લીએ કહ્યું હતું કે સુપરસ્ટાર શબ્દ ખરેખર મને સમાપ્ત કરી દે છે. કારણ કે સ્ટાર મેન શબ્દ તે એક ભ્રમ છે. તે એવો શબ્દ છે જે લોકો તમને બોલાવે છે તમારે તમારી જાતને એક અભિનેતા તરીકે ઓળખવી જોઈએ. મારો મતલબ છે કે તમે ખૂબ જ ખુશ થશો જ્યારે કોઈ તમને કહેશે કે અરે ભાઈ તમે સુપર એક્ટર છો. તે સુપરસ્ટાર કરતા ઘણું સારૂ છે. શેનોન

### બ્રુસ લીને શસ્ત્રોનો શોખ હતો પણ તેમાં નાનચાકુ તેમનું સૌથી પ્રિય હતું

કહે છે કે તેમણે અન્ય પ્રોજેક્ટમાં ૩૭ ફીચર ફિલ્મો અને ૨૦ ટેલિવિઝન શોમાં અભિનય કર્યો હતો. તેમ છતાં બ્રુસ લીની માત્ર થોડી જ ફિલ્મો વિશે વાત કરવામાં આવે છે. મને લાગે છે કે તેમની એક્ટિંગની ઘણીવાર અવગણના કરવામાં આવી છે. તેણીને પોતવની ફેવરીટ બ્રુસ લીની ફિલ્મ વિશે પૂછતા શેનોને કહ્યું કે હું બધી ફિલ્મોને જુદા જુદા કારણોસર પસંદ કરૂ છું પરંતુ મને ખાસ કરીને મારા પિતાને ફિસ્ટ ઓફ ફયુરી ઉર્ફ ચાઈનીઝ કનેકશનમાં ચમકતા જોવાની મજા આવી છે. તેઓ ખરેખર સ્ક્રીન પર ચમકે છે. બ્રુસ લીએ પોતાના ટ્રેકમાર્ક સમાન બે લાકડી અને સાંકળથી બનેલા નનચકસને માર્શલ આર્ટના હથિયારમાં ફેરવી દીધું. ફિસ્ટ ઓફ ધ ફયુરીમાં બ્રુસ લી પોતાના શત્રુઓને પાઠ ભણાવવા નનચકસનો ઉપયોગ કરે છે. શેનોન કહે છે કે મારા પિતાને સામાન્ય રીતે શસ્ત્રોનો શોખ હતો. તેમણે તમામ પ્રકારના શસ્ત્રો એકત્રિત કર્યા હતા. પરંતુ ખાસ કારણોસર નાનચાકુ ઘણું પ્રિય હતું. તેણીએ કહ્યું કે તે સૌમ્ય દેખાય છે પરંતુ તેને ચલાવવા માટે એક ખાસ ટેલેન્ટની જરૂર હોય છે. બ્રુસ લી માર્શલ આર્ટમાં સ્પર્ધા કરવામાં માનતા ન હતા. તેમને માર્શલ આર્ટની ટુર્નામેન્ટમાં ભાગ લેવાનું પસંદ નહોતું. તેમણે હોલીવૂડમાં એક શાળાની સ્થાપના કરી અને એક્ટર સ્ટીવ મેક્વિન, જેમ્સ ગાર્નર, લી માર્વિન અને જેમ્સ કોબર્નને માર્શલ આર્ટ શીખવ્યું હતું. શેનોન કહે છે કે મારા પિતા માટે માર્શલ આર્ટ પ્રમાણિકપણે તમારી જાતને વ્યક્ત કરવી હતી. જે કરવું ખૂબ જ મુશ્કેલ હતું. તેણીએ કહ્યું કે પ્રમાણિક સ્વઅભિવ્યક્તિ વ્યક્તિના હાથમાં હોય છે. મારા પિતા માર્શલ આર્ટમાં સ્પર્ધા કરવા માગતા ન હતા. કારણ કે જ્યારે કોઈ સ્પર્ધા કરે છે ત્યારે વ્યક્તિ સક્રિય અને સર્જનાત્મક કલાકાર બનવા કરતાં જીતવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. દિગ્દર્શક અને પટકથા લેખક રેજિનાલ્ડ હડલિન કહે છે કે જ્યારે તેઓ ચકનોરીસ સામે લડ્યા ત્યારે બ્રુસ લીએ સમગ્ર ત્રીજા વિશ્વનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે પશ્ચિમી દમન સામે લડતા તમામ લોકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. એન્ટર ધ ડ્રેગન બ્રુસ લીની સૌથી પ્રખ્યાત ફિલ્મ હતી. ૧૯૭૩માં જોન સેકસન અને જિમ કેલી સાથે બ્રુસ લીએ એન્ટર ધ ડ્રેગન ફિલ્મમાં અભિનય કર્યો હતો. રોબર્ટ ક્લોઝ દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું વિતરણ

### બ્રુસ લીની પ્રખ્યાત ફિલ્મ એન્ટર ધ ડ્રેગને તે સમયે બોક્સ ઓફિસ પર ૫૪૦૦ મિલિયનની કમાણી કરી હતી

ગોલ્ડન હાર્વેસ્ટ અને વોર્નર બ્રધર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૬ જુલાઈ ૧૯૭૩ના રોજ હોંગકોંગમાં ફિલ્મ રિલીઝ થયાના માત્ર ૬ દિવસ પહેલા બ્રુસ લીનું નિધન થયું હતું. અમેરિકામાં આ ફિલ્મ ૧૯ ઓગસ્ટ ૧૯૭૩ના રોજ રિલીઝ થઈ હતી. બ્રુસ લીની સૌથી ફેમસ ફિલ્મ એન્ટર ધ ડ્રેગન તે સમયે બોક્સ ઓફિસ પર ૫૪૦૦ મિલિયનની કમાણી કરી હતી. શેનોન કહે છે કે આ ફિલ્મ પહેલા હોલીવૂડમાં એકશન ખૂબ જ અલગ હતી. આજકાલ દરેક એકશન સ્ટાર માર્શલ આર્ટિસ્ટ છે. અલ્ટીમેટ ફાઈટીંગ ચેમ્પિયનશીપના પ્રમુખ ડાના વ્હાઈટે બ્રુસ લીને મિશ્ર માર્શલ આર્ટના પિતા ગણાવ્યા હતા. શરૂઆતના દિવસોમાં માસ્ટર ચિપમેન પાસે બ્રુસ લી વિંગ યુન શીખ્યા. જે માર્શલ આર્ટનું એક સ્વરૂપ છે. ડોની યેનની પ્રખ્યાત આઈપીમેન ફ્રેન્ચાઈઝી માસ્ટર બ્રુસ લી પર આધારિત છે. એક બાળક કુંગ ફુ શીખવા માટે માસ્ટરની મુલાકાત લે છે તે પોતાનો પરિચય બ્રુસ લી તરીકે આપે છે. લિન્ડા લીના જણાવ્યા મુજબ ચિપમેનનો બ્રુસ લી પર ઘણો પ્રભાવ હતો. તેણીએ કહ્યું કે મારા પિતાની ખ્યાતિ અને વારસાના કારણે ઘણા લોકોને તેમની અને વિંગ યુનની કળા વિશે જાણવાની તક મળી છે. બ્રુસ લીએ કહ્યું હતું કે તમારૂ મન ખાલી કરો, પાણીની જેમ નિરાકાર બનો. હવે તમે એક કપમાં પાણી નાખો તે કપ બની જશે. તમે બોટલમાં પાણી નાખો તે બોટલ બની જશે. મારા મિત્રો પાણી જેવા બનો. પ્રિય માર્શલ આર્ટિસ્ટ અને એકટરની ૮૪મી જન્મજયંતી પહેલા બ્રુસ લી ફેમિલી કંપનીઓએ બ્રુસ લી પ્રોડકાસ્ટની આઠમી સિઝન લોન્ચ કરી તે શેનોન લી દ્વારા હોસ્ટ કરવામાં આવે છે. શેનોનને કહ્યું કે મારા પિતાએ કહ્યું હતું કે જો કોઈ વ્યક્તિ પોતાને પ્રમાણિકપણે રજુ કરી શકે છે તો તેની પાસે વિકાસ કરવાની ક્ષમતા છે. જો કે બ્રુસ લી એન્ટર ધ ડ્રેગનની સફળતા જોવા માટે લાંબો સમય જીવ્યા ન હતા. પરંતુ ફિલ્મની રિલીઝ પછી તે વૈશ્વિક સ્ટાર બની ગયા હતા. એન્ટર ધ ડ્રેગન બાદ ગેમ ઓફ ડેથ ફિલ્મ બ્રુસ લી પૂરી કરી શકયા ન હતા. પોલ બોમેન અનુસાર બ્રુસ લીએ હોલીવૂડ વોક ઓફફેમ પર પોતાની છાપ છોડી. તેમણે પશ્ચિમમાં એશિયન સમુદાય વિશેની નકારાત્મક સ્ટીરિયો ટાઈપ્સને તોડી નાંખી હતી. શેનને કહ્યું કે હું તેમને પ્રકૃતિની શક્તિ તરીકે વર્ણવીશ. તેઓ હેતુપૂર્વક જીવતા હતા. તે સંપૂર્ણ ન હતા પરંતુ તે પોતાની જાતમાં વિશ્વાસ રાખતા હતા.

## શાહઝેબખાનની ૧૫૯ રનની સ્ફોટક ઈનિંગ

# અન્ડર-૧૯ એશિયાકપ : ભારતનો પાકિસ્તાન સામે કારમો પરાજય

દુબઈ,તા.૩૦ : અન્ડર-૧૯ એશિયાકપ ૨૦૨૪માં ભારતીય ક્રિકેટ ટીમને તેની પ્રથમ મેચમાં પાકિસ્તાન સામે કારમા પરાજયનો સામનો કરવો પડયો છે. દુબઈ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં પાકિસ્તાનની ટીમે ટોસ જીતીને ટીમ ઈન્ડિયા સામે ૨૮૨ રનનું લક્ષ્યાંક મુકયું હતું પણ તેના જવાબમાં ભારતીય ટીમ ૪૭.૧ ઓવરમાં ૨૩૭ રનમાં સમેટાઈ ગઈ હતી. આ રીતે ટીમ ઈન્ડિયાને મેચમાં ૪૪ રને પરાજયનો સામનો કરવો પડયો પાકિસ્તાન વિરૂદ્ધ આ મેચમાં ટીમ ઈન્ડિયાની બેટિંગ ખુબ જ ખરાબ રહી ભારત માટે નિખિલકુમાર સિવાય બીજો કોઈ બેટસમેન લક્ષ્યાંકનો પીછો કરતા ક્રિઝ પર ટકી શકયો નહીં ટીમ ઈન્ડિયા માટે નિખિલકુમારે ૭૬ બોલમાં ૬૭ રનની ઈનિંગ રમી તેથી આ ઈનિંગન ૬ ચોગ્ગા અને ત્રણ સિકસર સામેલ છે. આ પહેલા પાકિસ્તાનના બેટસમેન શાહેઝલખાન એ કમાલનું પ્રદર્શન શાહેઝલખાને પાકિસ્તાન માટે ૧૫૯ રનની ધમાકેદાર શતકીય ઈનિંગ રમી તેણે ૧૪૭ બોલનો સામનો કર્યો જેમાં ૧૦ સિકસર અને પાંચ ચોગ્ગા સામેલ છે આ સાથે જ શાહેઝલ પાકિસ્તાન તરફથી અન્ડર-૧૯ ક્રિકેટની એક ઈનિંગમાં સૌથી વધારે સિકસર ફટકારનાર બેટસમેન પણ બની ગયો છે.

**હદીસ બોધ**

કિંમતના પ્રમાણે વજન કરો અને વજન નમતું કરો.
(હદીસ બોધ)

**બોધ વચન**

નાનુ દેવું કરજદાર બનાવે છે અને મોટું દેવું શત્રુ બનાવે છે.
-લ્યુથર

**આજની આરસી**

૧ ડિસેમ્બર રવિવાર ૨૦૨૪
૨૮ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૬
કારતક વદ અમાસ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૪૦
ખત્મે ઝવાલ ૧૨-૨૮
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૦૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૩

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**અલ્લાહ કો ભૂલ ગએ લોગ ફીક્ર-એ-રીઝકમેં,**
**તલાશ રીઝક કી હૈ, રઝાક કા ખયાલ ભી નહીં**

અલ્લામા કહે છે કે લોકો જીવનની કમાણી માટે અલ્લાહને ભૂલી ગયા છે, રોજીની તલાશ છે પણ અલ્લાહના જિક્રનો કોઈ ખ્યાલ નથી. તમામ સંજોગોમાં અલ્લાહની ઈબાદત કરવાનો સંદેશ છે.

**-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**


# 'અવરોધો મજબૂત બનાવી રહ્યા છે' : રાહુલ ગાંધીનો PM મોદી, RSS પર દલિતોને અવરોધતી દીવાલ મજબૂત કરવાનો આરોપ

(એજન્સી) તા.૩૦

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આરએસએસ દલિતો, આદિવાસીઓ અને ઓબીસીના માર્ગમાં ઉભી રહેલી દિવાલને મજબૂત કરી રહ્યા છે, તેમ છતાં તેમણે સ્વીકાર્યું હતું કે યુપીએએ તે



દિવાલને નબળી બનાવવા માટે પગલાં લીધાં હતાં, પરંતુ તે પગલાં પૂરતા ન હતા. સંવિધાન રક્ષક અભિયાન'ને સંબોધતા, ગાંધીએ સંસદમાં બંધારણ દિવસ પર યોજાયેલા કાર્યક્રમનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તે તેમની ગેરંટી છે કે 'મોદીએ બંધારણ વાંચ્યું નથી'. ગાંધીએ ભારતના બંધારણની નકલ દર્શાવતા કહ્યું, 'જો પીએમ મોદીએ આ પુસ્તક વાંચ્યું હોત તો તેઓ દરરોજ જે કરે છે, તે ન કરતા,' ગાંધીએ કહ્યું કે દેશની આખી વ્યવસ્થા દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગના લોકો વિરૂદ્ધ છે. તેમણે કહ્યું કે એક દિવાલ દલિતો, આદિવાસીઓ અને ઓબીસીના માર્ગમાં અવરોધ ઉભી કરે છે અને મોદી અને આરએસએસ 'તેમાં સિમેન્ટ ઉમેરીને' દિવાલને મજબૂત કરી રહ્યા છે. ગાંધીએ કહ્યું, ''ધીમે ધીમે દિવાલ (SC, ST, OBCના માર્ગમાં અવરોધરૂપ) મજબૂત થઈ રહી છે. અગાઉ, યુપીએ સરકારે મનરેગા, જમીન સંપાદન અધિનિયમ, અને ખોરાકનો અધિકાર આપ્યો હતોપતે દિવાલને નબળી બનાવવાના માર્ગો હતા. આજે, જ્યારે હું પાછું વળીને જોઉં છું, ત્યારે હું કહી શકું છું કે યુપીએ સરકારે દિવાલને એટલી હદે નબળી કરી નથી, જેટલી હોવી જોઈએ'. કોંગ્રેસના પૂર્વ પ્રમુખે કહ્યું, 'જો કે, અમે તે દિવાલને નબળી બનાવવાના પ્રયાસો કરતા હતા પરંતુ તેઓ (ભાજપ) કોંક્રિટ ઉમેરીને તે દિવાલને મજબૂત કરી રહ્યા છે,'. ગાંધીએ કહ્યું કે તેલંગાણામાં જાતિ સર્વેક્ષણ એ એક ઐતિહાસિક પગલું છે અને કોંગ્રેસ જ્યાં પણ સત્તામાં આવશે ત્યાં તે આવું જ કરશે.





# દલિત પરિવાર પર હુમલો કરવા બદલ ભાજપના સ્વયંસેવક, પરિવાર સામે ગુનો નોંધાયો

(એજન્સી)જબલપુર, તા.૩૦

જબલપુરમાં અનુસૂચિત જાતિના લોકોને કથિત રીતે માર મારતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ ભાજપના સ્વયંસેવક અને તેના પરિવારના સભ્યો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પહેલા ભાજપના સ્વયંસેવકની ફરિયાદ પર દલિત પરિવાર વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. ભાજપના સ્વયંસેવકે અનુસૂચિત જાતિના પરિવાર દ્વારા તેમના ઘરની બહાર બાથરૂમ બાંધવા સામે વાંધો ઉઠાવ્યો ત્યારે વિવાદ થયો હતો. સંઘર્ષ દરમિયાન, અનુસૂચિત જાતિના પરિવારના સભ્યોને જૂતા અને સેન્ડલ વડે માર મારવામાં આવતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વીડિયોના સર્ક્યુલેશન બાદ પોલીસે આરોપી ભાજપ નેતા અને તેના માતા-પિતા વિરૂદ્ધ મોડી રાત્રે કેસ નોંધ્યો હતો. રામનગર શાહ નાળાના રહેવાસી અનિલ ઝારિયા અને વર્ષા ઝારિયાનો આરોપ છે કે તેમનો પરિવાર ત્રણ દાયકાથી લીઝ પરની જમીન પર રહે છે. તેઓ તેમના ઘરની બહાર બાથરૂમ બનાવી રહ્યા હતા. ભાજપના બૂથ પ્રમુખ અમિત દ્વિવેદીએ તેમના માતા-પિતા અને સહયોગીઓ સાથે આનો વિરોધ કર્યો હતો અને તેમના ઘરે આવીને તેમના બાળકોને વાહનોમાં બેસાડી ઉઠાવી જવાનો પ્રયાસ કર્યો હતો. વિરોધ કરવા પર તેઓએ તેમની સાથે મારપીટ શરૂ કરી હતી. આ દરમિયાન બીજેપી કાર્યકર, તેની માતા અને અન્ય લોકોએ તેમને ગાળો આપી, જૂતા વડે માર્યા અને એક મહિલાને તેના વાળ પકડી રસ્તા પર ખેંચી ગયા. ઘટના બાદ ભાજપના કાર્યકર તિલવાડા પોલીસ સ્ટેશન ગયા અને ફરિયાદ કરી. તેના આધારે પોલીસે અનુસૂચિત જાતિના સભ્યો સામે ગુનો નોંધ્યો હતો. બાદમાં અન્ય પરિવારે ઘટનાના વીડિયો સાથે ન્યાયની માગણી સાથે એસપી ઓફિસનો સંપર્ક કર્યો હતો. મોડી રાત્રે તિલવાડા પોલીસે બીજેપી નેતા અને તેના માતા-પિતા વિરૂદ્ધ FIR નોંધી હતી. તિલવાડા પોલીસ સ્ટેશનના પ્રભારી બ્રિજેશ મિશ્રાએ જણાવ્યું કે આરોપીઓ વિરૂદ્ધ એસસી/એસટી એક્ટ



હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ઘટનાનો રિપોર્ટ પીડિતાના ભાઈ દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો, જેણે જણાવ્યું હતું કે આરોપીએ તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, અને તેને તેના પરિવાર સાથે સંબંધીના ઘરે રહેવા જવા માટે મજબૂર કર્યો હતો.

# તમિલનાડુના ૯૨ ગામોમાં દલિતો પક્ષપાતનો ભોગ બની રહ્યા છે : સંગઠનનો દાવો

## કલેક્ટર ક્રાંતિ કુમાર પાટીને સુપરત કરેલી અરજીમાં દ્રવિદર વિદુથલાઈ કઝગમ (DVK)એ જણાવ્યું કે સુલુર યુનિયનના ૧૮ ગામોમાં ભેદભાવ ગંભીર છે

(એજન્સી) કોઈમ્બતુર, તા.૩૦

કોઈમ્બતુરના ઘણા ગામોમાં જાતિ ભેદભાવ પ્રબળ હોવાનું જણાવતા, દ્રવિદર વિદુથલાઈ કઝગમ (DVK)એ જિલ્લા વહીવટીતંત્રને ૯૨ ગામોની સૂચિબદ્ધ એક અરજી સબમિટ કરી જ્યાં અનુસૂચિત જાતિના લોકો દમનનો સામનો કરે છે. કલેક્ટર ક્રાંતિ કુમાર પાટીએ મહેસૂલ અને પોલીસ અધિકારીઓને તેની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે. કલેક્ટર ક્રાંતિ કુમાર પાટીને સુપરત કરવામાં આવેલી અરજીમાં, DVKના કોઈમ્બતુરના શહેરી સચિવ એનવી નિર્મલકુમારે જણાવ્યું હતું કે તેઓએ એક સર્વે કર્યો હતો અને ચાની દુકાનોમાં બે ટમ્બલર સિસ્ટમ, SC લોકોના વાળ કાપવાનો ઈન્કાર અને જિલ્લાના નવ યુનિયનોના ૯૨ ગામોમાં સામાન્ય સ્મશાનભૂમિમાં SC લોકોને તેમના મૃતકોને દફનાવવાની મંજૂરી ન આપવા જેવા મુદ્દાઓ શોધી કાઢ્યા હતા. સુલુર યુનિયનના ૧૮ ગામોમાં ભેદભાવ ગંભીર હોવાનું સંગઠને જણાવ્યું હતું. તેણે જણાવ્યું હતું કે, ''સુલુર યુનિયનના મોપેરીપલયમ ગામમાં દલિત લોકોને ત્રણ મંદિરોમાં પ્રવેશવાની મંજૂરી નથી. મદુક્કરાઈ યુનિયનમાં પલથુરાઈ, સુલુર યુનિયનમાં કુલથુર, કિનાથુકડાવુ યુનિયનમાં પાનપટ્ટી, અન્નુર યુનિયનમાં ઓરાઈક્કલપલયમ, સુલતાનપેટ્ટાઈ યુનિયનમાં લક્ષ્મીનાઈકેનપલયમ અને સેમેડુ, સેલંબનુર, દેવરયાઉત્તુરમમાં SC લોકોને વાળ કાપવાની મનાઈ કરવામાં આવી છે, ''. વધુમાં, ડીવીકેએ જણાવ્યું કે સર્વેક્ષણમાં કોન્ડમપટ્ટી, મોટ્ટુવાવી, પેરિયાકલાંથાઈ, કિનાથુકડાવુ યુનિયનમાં આંદીપલયમ, કરમાદાઈ યુનિયનમાં થોલામપાલયમ પુદુરમાં ચાની



દુકાનો પર બે ટમ્બલર સિસ્ટમનો વ્યાપ હોવાનું બહાર આવ્યું છે. નિર્મલકુમારે અરજીમાં જણાવ્યું હતું કે, 'દલિતોને પ્લાસ્ટિકના કપમાં ચા પીરસવામાં આવે છે જ્યારે અન્યને ચા ગ્લાસ અથવા સ્ટીલના ટમ્બલર આપવામાં આવે છે.' નિર્મલ કુમારે જણાવ્યું હતું કે, ''અમે એપ્રિલમાં સાલેમ ખાતે યોજાયેલી અમારી કોન્ફરન્સમાં પસાર કરાયેલા ઠરાવના આધારે મે મહિનામાં સર્વે હાથ ધર્યો હતો. મોટાભાગના ગામોમાં ઉચ્ચ જાતિના લોકો દલિત લોકોને સામાન્ય સ્મશાનભૂમિમાં મૃતદેહો દફનાવવા દેતા નથી. અમે આ બાબત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની જાણમાં લીધી છે. જો ૨૫ જાન્યુઆરી સુધી કોઈ કાર્યવાહી નહીં થાય, તો અમે સંબંધિત ગામોમાં અને કલેક્ટર કચેરીની સામે વિરોધ શરૂ કરીશું, ''

## પ્રથમ દિવસની રમત વરસાદમાં ધોવાતા

# ભારત અને ઓસી. પી.એમ. ઈલેવન વચ્ચે આજે ૫૦ ઓવરની વોર્મઅપ મેચ રમાશે

કેનબરા, તા.૩૦

ભારત અને ઓસ્ટ્રેલિયા વડાપ્રધાન ઈલેવન વચ્ચે રમાનારી વોર્મઅપ મેચના પ્રથમ દિવસની રમત વરસાદના કારણે રદ કરવી પડી છે. આ વોર્મઅપ મેચ માત્ર બે દિવસની છે. આવામાં પ્રથમ દિવસ વરસાદની ભેટ ચઢ્યા બાદ ભારતને પિંક બોલની તૈયારીને ફટકો પડ્યો છે. રિપોર્ટ છે કે બીજા દિવસની રમત ૫૦-૫૦ ઓવરની રમાશે. જેથી ભારતીય બોલરો અને બેટસમેનો બંનેને પ્રેક્ટિસની તક મળે. ૬ ડિસેમ્બરથી ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે પાંચ મેચની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ એડીલેડમાં રમાશે. આ ડે-નાઈટ ટેસ્ટ હશે. જે પિંકબોલથી રમાશે. પર્થ ટેસ્ટ જીતીને ટીમ ઈન્ડિયાએ સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી છે. આવામાં તેની નજર એડીલેડમાં ટેસ્ટ જીતી લીડ મજબૂત કરવા પર હશે. આ વોર્મઅપ મેચમાં બધાની નજર કપ્તાન રોહિત શર્મા પર રહેશે. જે પોતાના બીજા બાળકના જન્મ બાદ ટીમ સાથે જોડાયો છે.


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

**જોઈએ છે**

**ઉઝૈફ સ્કીન કેર- ડો.ઉઝૈફ** મન્સુરી (એમ.ડી.સ્કીન) - સરખેજ (અંબર ટાવર) અને પાલડી માટે પાર્ટફુલ ટાઈમ યુવતી જોઈએ, 9512455696

---

રખિયાલ વિસ્તારમાં પ્રાઈવેટ લિમિટેડ વાલ્વ કંપનીમાં ટર્નર/ફીટર/ડ્રીલરની તાત્કાલિક જરૂર છે, 9909950025

---

**ટેલર માસ્ટર જોઈએ છે**
બ્યુટીક માટે કટીંગ માસ્ટર ઢાલગરવાડ, અમદાવાદ. Mo. 9723340315

---

**વેચવાનું છે**

**મકાન વેચવાનું છે**
ટેનામેન્ટ ટાઈપ ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર ૩ રૂમ, ૩ બાથરૂમ ટાઈટલ ક્લીયર, દસ્તાવેજવાળું રેડીમેડ પાકું રહેવાલાયક મકાન, સોદાગર પોળ, કાલુપુર, ફોન નંબર-૯૭૧૪૪૬૬૫૩૧, ૯૧૭૩૮૦૩૩૩૨

---

**રો-હાઉસ વેચવાનું છે**
માસિક હપ્તેથી Rs.15 મુસ્કાન હોસ્પિટલની પાછળ ફતેહવાડી 9824060660

---

**મકાન વેચવાનું છે**
(ફક્ત મુસ્લિમ) ફર્સ્ટ ફ્લોરથી આકાશ સુધી. દસ્તાવેજવાળું, કાર્પેટ 125 વાર,બાંધકામ 200 વારે દિલ્હી દરવાજા 8141264631

---

પાલડીમાં River Front View વાળો ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે પ્રાઈમ લોકેશન તાત્કાલિક સંપર્ક કરો, 9327646982 www. yourpropertysolution.in

---

**ફ્લેટ વેચવાનો છે**
એમ.બી.ટાવર ૭મા માળે 150 સ્કવેર ફીટ, 3 BHK બે બાલ્કની, કામા હોટલ સામે, ખાનપુર, અમદાવાદ. 9898424933, 9252059547

---

**વેચવાની છે**
ક્લબ મહીન્દ્રા મેમ્બરશીપ બ્લ્યુ સિજન 9376111056

---

**પ્લોટ વેચવાનો છે**
153.8 વાર Bage Rasool Soc. પ્લોટ નં.43 સુરેન્દ્રનગર, 9428329786

---

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
અંબર-૩ કાદરી પાર્ટી પ્લોટની પાછળ, સરખેજ, 8780464707

---

**2 BHK ફ્લેટ વેચવાનો છે**
હયાત રેસિડેન્સી, TP 85, સરખેજ લે-વેચ માટે મળો, 9106087987

---

**મકાન વેચવાનું છે**
ટાઈટલ ક્લિયર, હાજી બાવા પાર્ક, સોનલ રોડ, બ્રોકર - 9825415296

---

**Flat for Sale**
2 BHK, 133 Vaar, Aamen Place Sarkhej Broker - 9825415296

---

**3 BHK Flat For Sale**
Muslim Society Navrangpura Broker - 9825415296

---

**Office For Sale**
580 Sq.ft. sun west bank Ashram Road, Broker - 9825415296

---

**પ્લોટ વેચવાનો છે**
આશરે ૨૦૦ વાર, NA-NOC, ટાઈટલ ક્લીયર, જુહાપુરા (દલાલ-માફ) 9909418254

---

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**Apex Property Solution**
જમીન, મકાન, પ્લોટ, ફ્લેટ લે-વેચ તથા ભાડે માટે મળો, Akik Farooqui 9099421218 Anis Farooqui 9099521218

---

પાલડી તથા નવરંગપુરામાં તાત્કાલિક ફ્લેટ ભાડે તથા વેચાણથી જોઈએ છે 2-3-4 BHK Urgent Contact 9327646982 www. yourpropertysolution.in

---

કાદરી પ્રોપર્ટી કન્સલટન્ટ સ્થાવર મિલકતના ખરીદ-વેચાણ માટે મળો, (જુહાપુરા-સરખેજ, નરીમાનપુરા, સોનલ રોડ) બ્રોકર ફરીદભાઈ 9924318226

---

વડોદરાના અકોટામાં તાજહોટલ સામે સુપર 2 BHK ફ્લેટ પાયોનીર કોમ્પ્લેક્ષમાં બધી જ સગવડો સાથે વેચાણ, આસીફભાઈ 9978337006

---

**વેચાણ આપવાની છે**
ઓફિસ, ૭૨૦ સ્કેવર ફીટ, ૭૨૨, ૭૨૨, ૭માં માળે, વેસ્ટ બેંક બિલ્ડિંગ, આશ્રમ રોડ, અમદાવાદ, 9327573263

---

**માતરમાં પ્લોટ વેચાણ**
2000/- વાર દસ્તાવેજવાળો અમીન એસ્ટેટ, 9376110059

---

ફક્ત ૨૧ લાખમાં દુકાન દસ્તાવેજવાળી રોયલ અકબર પાછળ, અમીન એસ્ટેટ, 9376110059

---

પાલડી-કોચરબ-સરખેજ-સીટીમાં 2/3 BHK ફ્લેટસ, ટેનામેન્ટસ, બંગ્લોઝ વેચાણ, અમીન એસ્ટેટ, 9376110059

---

જુહાપુરા વિસ્તારમાં મકાન દુકાન-ફ્લેટ-પ્લોટ-તેમજ બંગ્લોઝ વેચાણ કે ભાડેથી આપવા તેમજ લેવા માટે મળો. 9998499169

---

**વ્યવસાયીલક્ષી/ અન્ય**

**નામ બદલેલ છે**
નવું નામ : શાહનવાઝ શરીફમીયા શેખ જૂનું નામ : શાહનવાઝ શરીફમીયા શેખ સરનામું : ૨૦૭૧, નવી મોલતની પોળ, પાંચકૂવા, અમદાવાદ-૩૮૦૦૦૧

---

**સુકુન પાર્ટી પ્લોટ**
ખોડીયારનગર ચાર રસ્તા દાણીલીમડા રોડ, લગ્ન પ્રસંગ, શુભપ્રસંગ માટે કોન્ટેક્ટ : Mo : 8866555563

---

**લગ્ન વિષયક**

મુસ્લિમ યુવતી Good Looking Age 26 Bachelor of Commerce Doing Government Job માટે એજ્યુકેટડ મુસ્લિમ યુવકના વાલી સંપર્ક કરો 9825091851

---

**VIP Muslims Marriage Bureau**
Since 2009 (Online-Offline) www. vipmuslim smarriagebureau.com NRI, Business Class Families, Doctor, Highly Educated Can Contact to us Only. (Age 18 to 55) Urgent Whatsapp 9327071001

---

**નિકાહ નેટવર્કસ મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI હાઈ પ્રોફાઈલ એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો 9825215334 9904969895

---

**અગત્યની સૂચના**
લગ્ન વિષયકની તેમજ અન્ય કોઈપણ યોજનાની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી.
**- વ્યવસ્થાપક**

**ગુજરાત ટુડે**
આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો

**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું**
**ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ**

---

**કિસ્મત બુક સ્ટોર : ૧૯૦/ એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯**

---

**જુહાપુરા ઓફિસ : ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ, મો.9998880330**

# સંભલ હિંસા : રાજ્યનું ક્રેકડાઉન હજારો આરોપીઓ અને પોલીસ ગેરવર્તણૂકના આક્ષેપો પછી ઉત્તર પ્રદેશમાં રાજકીય અને સાંપ્રદાયિક કટોકટી ઊભી થઈ છે

(એજન્સી) તા.૩૦

ઉત્તર પ્રદેશના સંભલનું શાંતિપૂર્ણ શહેર, ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ, શાહી જામા મસ્જિદ, જે મુઘલ યુગની મસ્જિદ છે તેના કોર્ટના આદેશના સર્વેક્ષણના કારણે ત્યાં અરાજકતા ફેલાઈ ગઈ હતી, આ વિસ્તારમાં હિંસા ફાટી નીકળી હતી, જેમાં વિરોધીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઉત્તર પ્રદેશ પોલીસના ઉગ્ર અને આક્રમક પગલાંથી આ હિંસાના પરિણામે પાંચ મુસ્લિમ યુવાનોના મૃત્યુ થયા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા. પોલીસે કહ્યું કે, ટોળાના સભ્યો વચ્ચે ગોળીબારને કારણે આ મૃત્યુ થયા હતા, મસ્જિદની વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ ઝફર અલી સહિતના પ્રત્યક્ષદર્શીઓએ આક્ષેપ કર્યો છે કે ભીડ પર ગોળીબાર કરવા માટે પોલીસ પોતે જ જવાબદાર હતી. અલીની જુબાની પોલીસની ઘટનાઓના સંસ્કરણનો વિરોધાભાસ કરે છે, તેઓ દાવો કરે છે કે તેણે પોલીસ અધિકારીઓને ગોળીઓ ચલાવતા અને દેશી બનાવટના શસ્ત્રો જોયા છે, જે અશ્રુ ગેસ અને રબરની ગોળીઓ જેવી બિન-ઘાતક પદ્ધતિઓનો ઉપયોગ કરવાના પોલીસના દાવાથી તદ્દન વિપરીત છે. આ હિંસા મસ્જિદ પરિસરમાં કરવામાં આવેલા સર્વેક્ષણના પરિણામ સ્વરૂપે ફાટી નીકળી હતી જે યુપી કોર્ટમાં મસ્જિદના ASI સર્વેક્ષણ માટે વિનંતી કરતી અરજીના આધારે કરવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે તે હિન્દુ મંદિરની જગ્યા પર બનાવવામાં આવી હતી. શરૂઆતમાં ૧૯ નવેમ્બરે હાથ ધરવામાં આવેલ સર્વેક્ષણ માટે કોર્ટે નિર્દેશ આપ્યો ત્યારથી વિસ્તારમાં તણાવ વ્યાપી ગયો હતો. ૨૪ નવેમ્બરના રોજ નક્કી કરાયેલા બીજા સર્વેક્ષણમાં મસ્જિદને અપવિત્ર કરવામાં આવી રહી હોવાની અફવા ફેલાતાં વિરોધ થયો હતો. વિરોધ ઝડપથી પોલીસ સાથે હિંસક અથડામણમાં પરિણમ્યો. પોસ્ટમોર્ટમ રિપોર્ટ્સે પુષ્ટિ કરી છે કે પીડિતોનું મૃત્યુ બંદૂકની ગોળી વાગવાથી થયું હતું, અને પોલીસ સામેના આક્ષેપો સતત વધી રહ્યા છે. હિંસા બાદ રાજકીય હસ્તીઓ અને કાર્યકરો સહિત અનેક લોકોની ધરપકડ કરવામાં આવી છે. સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયાઉર રહેમાન બરક અને સ્થાનિક ધારાસભ્યના પુત્ર સોહેલ ઈકબાલનું નામ એફઆઈઆરમાં નોંધવામાં આવ્યું છે, જેમના પર આ હિંસા ભડકાવવાનો આરોપ છે. વહીવટીતંત્રે ગુનેગારોને શોધી કાઢવા અને તેમની ધરપકડ કરવા માટે વ્યાપક પ્રયાસો હાથ ધર્યા છે, જેમાં માહિતી માટે ઈનામ આપવાનો સમાવેશ થાય છે. દરમિયાન, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સહિતના રાજકીય નેતાઓએ આ ઘટનામાં રાજ્ય સરકારની ભૂમિકા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે, અને કેટલાકનો દાવો છે કે આ હિંસા આયોજિત હતી અને પોલીસ રાજકીય દબાણ હેઠળ કામ કરી રહી હતી. પીડિતોના પરિવારો સામે ધમકીઓના આક્ષેપો, જેમાં મૃતકના સંબંધીઓ પાસેથી પોલીસ દ્વારા બળજબરીથી અંગૂઠાની છાપ લેવામાં આવી હતી, તેણે પરિસ્થિતિને વધુ જટિલ બનાવી છે, અને તેઓએ સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસની માંગણી કરી છે. પોલીસ, સ્થાનિક સાક્ષીઓ અને રાજકીય વ્યક્તિઓ તરફથી વિરોધાભાસી અહેવાલો સાથે, સંભલની પરિસ્થિતિએ પોલીસની જવાબદારીના પ્રશ્નો અને પ્રદેશમાં સાંપ્રદાયિક તણાવના વહીવટીતંત્રના સંચાલન અંગેની ચિંતાઓ ઊભી કરી છે. તપાસ ચાલુ હોવાથી, સમુદાય અને રાજકીય નેતાઓ સમાન રીતે પીડિતો માટે ન્યાય અને તપાસમાં પારદર્શિતાની માંગ કરી રહ્યા છે.

**હિંસા બાદ સંભલમાં આક્રમક પગલાં**

શાહી મસ્જિદ સર્વેક્ષણના બીજા રાઉન્ડ દરમિયાન ૨૪ નવેમ્બરે સંભલમાં હિંસક અથડામણના જવાબમાં ઉત્તર પ્રદેશ સરકાર આક્રમક પગલાં લઈ રહી છે. આ ઘટનાના પરિણામે પાંચ મૃત્યુ થયા અને ઘણા ઘાયલ થયા, જેમાં કેટલાક પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. મુરાદાબાદ ડિવિઝનલ કમિશનરે જાહેરાત કરી છે કે સત્તાવાળાઓએ CCTV ફૂટેજ અને વીડિયો દ્વારા ૭૫ શંકાસ્પદ લોકોની ઓળખ કરી છે, તેઓને શોધી કાઢવા અને ધરપકડ કરવામાં આવશે. વહીવટીતંત્ર ગુનેગાર તરીકે ઓળખાતા લોકો પાસેથી જાહેર સંપત્તિને થયેલા નુકસાનની વસૂલાત કરવાની પણ યોજના ધરાવે છે. ઉત્તર પ્રદેશ સરકારના પ્રતિભાવમાં એફઆઈઆરમાં વ્યક્તિઓના નામ અને શંકાસ્પદ તોફાનીઓના ફોટોગ્રાફ્સ જાહેરમાં પ્રદર્શિત કરવાનો સમાવેશ થાય છે, તેણે યોગ્ય પ્રક્રિયા અને જાહેર અસરો વિશે ગંભીર ચિંતાઓ ઊભી કરી છે. આવા પગલાંથી ભય અને અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાનું જોખમ છે. ત્રણ મહિલાઓ સહિત ઓછામાં ઓછા ૨૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેમાં ૨૫ નામના વ્યક્તિઓ અને લગભગ ૩,૦૦૦ ઉના સામે સાત FIR દાખલ કરવામાં આવી છે.

**રાજકીય પરિણામ :** આ ઘટનાએ ખાસ કરીને સમાજવાદી પાર્ટી (SP) તરફથી નોંધપાત્ર રાજકીય આક્રોશ છે. સાંસદ ઝિયા-ઉર-રહેમાન બાર્કે આરોપ મૂક્યો હતો કે એફઆઈઆરમાં તેમનો સમાવેશ અસંમતિને શાંત કરવા અને વહીવટી નિષ્ફળતાઓથી દૂર કરવાના ઈરાદાપૂર્વકના પ્રયાસનો ભાગ હતો. પોલીસ તેમની અસમર્થતા છુપાવવા માટે મને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરી રહી છે. હું મારા લોકોના અધિકારો અને ન્યાય માટે લડતો રહીશ.




**રાજકીય સંડોવણીના આક્ષેપો :** ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ કથા એ છે કે, સંભલના બે અગ્રણી પરિવારો, બાર્ક અને ખાન વચ્ચેની લાંબા સમયથી ચાલતા અણબનાવ એ આ હિંસાનું કારણ છે. મંત્રી નીતિન અગ્રવાલે આ ઘટનાને "તુર્ક વિ પઠાણ" સંઘર્ષનો દાવો કર્યો અને કહ્યું કે, આ હિંસા આ સમુદાયો વચ્ચેના રાજકીય વર્ચસ્વના સંઘર્ષને કારણે થઈ છે.

**હિંસાની પેટર્ન :** સંભાલ હિંસા કોઈ અલગ ઘટના નથી પરંતુ ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક તણાવના વ્યાપક વલણનો એક ભાગ છે. જે રાજ્ય સરકારની નિર્ભરતા શિક્ષાત્મક કાર્યવાહીની પેટર્નને રેખાંકિત કરે છે જે ઘણીવાર લઘુમતી સમુદાયોને અપ્રમાણસર અસર કરે છે. જ્યારે આ ક્રિયાઓ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જરૂરી ગણવામાં આવે છે, ત્યારે તે ન્યાયિક અને તપાસ પ્રક્રિયાઓમાં વિશ્વાસનો અભાવ પણ દર્શાવે છે. સંભલમાં ફાટી નીકળેલી હિંસાના સંબંધમાં કુલ સાત ફર્સ્ટ ઈન્ફર્મેશન રિપોર્ટ્સ (એફઆઈઆર) નોંધવામાં આવ્યા છે, અને આ એફઆઈઆરમાં જે લોકોના નામ છે તેમાં સપાના સાંસદ ઝિયા-ઉર-રહેમાન બાર્ક અને સોહેલ ઈકબાલનો સમાવેશ થાય છે. બંને પર ટોળાની હિંસાને ઉશ્કેરવાનો આરોપ છે જેના પરિણામે ચાર લોકોનાં મોત થયા હતા અને પોલીસ કર્મચારીઓ સહિત અન્ય ઘણા લોકો ઘાયલ થયા હતા.

**સતત તપાસ :** એફઆઈઆરમાં બરક અને સોહેલ ઈકબાલ, ૨,૭૫૦ અન્ય અનામી વ્યક્તિઓ સાથે નામ આપવામાં આવ્યા છે. અધિકારીઓ હાલમાં હિંસામાં સામેલ વધુ વ્યક્તિઓને ઓળખવા અને પકડવા માટે કામ કરી રહ્યા છે. તપાસ હજુ ચાલુ છે, અને પોલીસ પુરાવા એકત્ર કરવા અને વધારાના શંકાસ્પદોની ઓળખ કરવા માટે વધુ શોધ ચલાવી રહી છે. તપાસના પરિણામમાં આ પ્રદેશમાં સ્થાનિક શાસન અને સાંપ્રદાયિક સંબંધો બંને માટે નોંધપાત્ર અસરો થવાની સંભાવના છે. સમાજવાદી પાર્ટી (SP)ના વડા અને કન્નૌજના સાંસદ અખિલેશ યાદવે ૨૪ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સંભલમાં હિંસાની ઘટનાઓમાં સામેલ વહીવટીતંત્ર અને અરજદારો બંનેની આકરી ટીકા કરી છે. અહેવાલો મુજબ, યાદવે આક્ષેપ કર્યો હતો કે પોલીસે સ્થાનિક રહેવાસીઓ દ્વારા તેમના સત્તાવાર અને ખાનગી બંને હથિયારોથી ગોળીઓ ચલાવીને પથ્થરમારાનો જવાબ આપ્યો હતો, એક ઘટના વીડિયોમાં કેપ્ચર કરવામાં આવી હતી અને યાદવના આ આક્ષેપો પોલીસ દ્વારા સત્તાના ગંભીર દુરુપયોગ તરફ નિર્દેશ કરે છે. સર્વેક્ષણ અને ભાજપના કાર્યકરોની ભૂમિકા પર સવાલ ઉઠાવતા યાદવે મસ્જિદનો બીજો સર્વે કરવાની આવશ્યકતા પર પ્રશ્ન કર્યો, કારણ કે ૧૯ નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવેલ પહેલો સર્વે કોઈ ઘટના વિના થયો હતો. તેમણે દલીલ કરી હતી કે જો બીજા સર્વેક્ષણને જરૂરી માનવામાં આવતું હોય, તો સ્થાનિક વહીવટીતંત્રે બિનજરૂરી તણાવને રોકવા માટે સમુદાય સાથે પરામર્શ કરવો જોઈએ. ૨૫ નવેમ્બરના રોજ, ઉત્તર પ્રદેશના સંભલમાં વહીવટીતંત્ર, શાહી જામા મસ્જિદની મેનેજિંગ કમિટીના અધ્યક્ષ ઝફર અલીએ જાહેરમાં પોલીસ પર હિંસક અથડામણ દરમિયાન ભીડ પર ગોળીઓ ચલાવવાનો આરોપ મૂક્યા પછી વિવાદમાં છે. અલીના દાવાઓ પોલીસના સત્તાવાર વર્ણનનો સીધો વિરોધ કરે છે, પોલીસ કહે છે કે તેઓએ ભીડને વિખેરવા માટે માત્ર બિન-ઘાતક પદ્ધતિઓ જેમ કે ટીયર ગેસ, લાઠીચાર્જ અને રબર પેલેટ ગનનો ઉપયોગ કર્યો હતો. અલીના નિવેદનોએ તણાવમાં વધારો કર્યો, કારણ કે તેઓએ સૂચવ્યું હતું કે પોલીસ મૃત્યુ માટે જવાબદાર છે, પોલીસે સૂચવ્યા મુજબ વિરોધ કરનારાઓ નહીં. અલીએ કહ્યું કે પોલીસ પાસે દેશી હથિયારો પણ હતા અને ભીડ પર ગોળીબાર કરવા માટે તે જ જવાબદાર હતી. પોલીસે મસ્જિદ નજીક તેમના પોતાના વાહનોમાં તોડફોડ કરી હતી અને આગ લગાડી હતી, જેનાથી પોલીસના ઘટનાક્રમ પર શંકા વ્યક્ત કરવામાં આવી હતી. સંભલની ઘટના કોઈ એકલદોકલ કેસ નથી પરંતુ ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક તણાવ અને પ્રતિભાવ વધારવાના વ્યાપક વલણનો એક ભાગ છે. લાંબા ગાળાની શાંતિ અને સ્થિરતા માટે, રાજ્યએ આ તણાવના મૂળ કારણોને સંબોધવા, સંવાદને પ્રોત્સાહન આપવું અને લોકશાહી સંસ્થાઓમાં વિશ્વાસ પુનઃનિર્માણ કરવો જોઈએ. - **તાન્યા અરોરા (સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# મુસ્લિમોના વોટિંગ અધિકાર છીનવવા અંગે ટિપ્પણી કરવી ભારે પડી, હિન્દુ સંતને ૨ ડિસેમ્બરે હાજર થવા પોલીસના સમન્સ

(એજન્સી) તા.૩૦

મુસ્લિમોને મતાધિકારથી વંચિત કરવા સંબંધિત ટિપ્પણીને લઈને વિશ્વ વોક્કાલિગા મહાસમસ્તન મઠના મહંત કુમાર ચંદ્રશેખરનાથ સ્વામી વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઈ ચૂકી છે. હવે તેમને બે ડિસેમ્બરે હાજર થવા માટે પોલીસે સમન્સ મોકલ્યું છે. મહંતે આ નિવેદન કર્ણાટક વક્ફ બોર્ડની નોટિસ વિરૂદ્ધ ભારતીય કિસાન સંઘ દ્વારા મંગળવારે અહીં આયોજિત એક સભામાં આપ્યું હતું. પોલીસે જણાવ્યું કે, એક સામાજિક કાર્યકર્તાની ફરિયાદના આધાર પર અહીં ઉપ્પરપેટ પોલીસ સ્ટેશનમાં બુધવારે મહંત વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાઈ છે. અમે તેમના વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૯ (જાણી જોઈને કરવામાં આવેલા અથવા દુર્ભાવનાપૂર્ણ કૃત્ય, જેનો ઉદ્દેશ્ય કોઈ વર્ગ કે ધર્મ કે ધાર્મિક વિશ્વાસોનું અપમાન



કરવા અને તેમની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો છે) જે હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. સ્વામીએ ખેડૂતો અને તેમની જમીનની રક્ષા માટે તમામને એકજૂટ થવાનો આગ્રહ કરતા કથિત રીતે કહ્યું હતું કે, 'એવો કાયદો લાવવો જોઈએ જેમાં મુસ્લિમોને મતદાનનો અધિકાર ન હોય.' તેમણે કથિત રીતે કહ્યું હતું કે, 'એ નક્કી કરવું જોઈએ કે, કોઈ વકફ બોર્ડ ન હોય. કોઈ બીજાની જમીન છીનવવી ધર્મ નથી. ખેડૂતોની સાથે થઈ રહેલા અન્યાય વિરૂદ્ધ તમામે લડવું જોઈએ. એવું કહેવામાં આવે છે કે, વકફ બોર્ડ કોઈની પણ જમીન પર દાવો કરી શકે છે. આ ખુબ મોટો અન્યાય છે. એટલા માટે એ નક્કી કરવું જોઈએ કે ખેડૂતોની જમીન તેમની પાસે જ રહે.' સ્વામીએ પોતાના નિવેદન પર બુધવારે સ્પષ્ટ કરતા કહ્યું હતું કે, 'તેમની જીભ લપસી ગઈ હતી. મુસ્લિમો પણ દેશના નાગરિક છે અને તેમને પણ અન્ય લોકોની જેમ મતાધિકાર મળેલ છે.'

# બાંગ્લાદેશમાં હિન્દુ મહંત અને ઈસ્કોન સાથે સંકળાયેલા અન્ય ૧૬ના ખાતાં ફ્રીઝ કર્યાં

(એજન્સી) તા.૩૦

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર વધી રહ્યા છે. અગાઉ અનેક હિન્દુ મંદિરો અને દૂર્ગા પૂજા સમયે પંડાલોને નિશાન બનાવાયા હતા. હવે હિન્દુઓના બેંક ખાતાને ફ્રીઝ કરવામાં આવી રહ્યા છે. પ્રશાસને બાંગ્લાદેશમાં સ્થિત ઈસ્કોન સાથે જોડાયેલા ૧૭ બેંક ખાતાને ફ્રીઝ કરી દીધા હતા. બાંગ્લાદેશની હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાની માગણી ફગાવ્યા બાદ સરકાર દ્વારા આ પગલુ ભરવામાં આવ્યું છે. જેનો હિન્દુઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. બાંગ્લાદેશની ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટે એક મહિના માટે ઈસ્કોન સાથે જોડાયેલા ૧૭ જેટલા બેંક ખાતાને ફ્રીઝ કરવાનો વિવિધ બેંકોને આદેશ આપ્યો હતો. આ યુનિટ બાંગ્લાદેશની મુખ્ય બેંક સાથે જોડાયેલુ છે. ખાતા ફ્રીઝ કરવા ઉપરાંત તેમાં જે પણ નાણાકીય લેવડદેવડ થઇ હોય તેની સંપૂર્ણ માહિતી ત્રણ દિવસમાં સોંપવા બેંકોને આદેશ આપ્યો હતો. ૩૦ ઓક્ટોબરના રોજ ઈસ્કોનના સભ્ય રહી ચુકેલા ચિન્મય કૃષ્ણ દાસ સહિત ૧૯ સામે સેડિશનનો કેસ દાખલ કરાયો હતો જે બાદ દાસની ધરપકડ કરાઇ હતી. આ કાર્યવાહીનો ઈસ્કોન દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. જ્યારે બીજી તરફ ભારત સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારની ટિકા કરી હતી અને બાંગ્લાદેશની વચગાળાની મોહમ્મદ યુનુસ સરકારને હિન્દુઓની સુરક્ષા માટે યોગ્ય પગલા ભરવા કહ્યું હતું. વિદેશ મંત્રી એસ. જયશંકરે સંસદને જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં ઢાકામાં સ્થિત ભારતીય હાઇ કમિશન હિન્દુઓ સહિતના લઘુમતિઓ પર અત્યાચારોની સ્થિતિને જોઇ રહ્યું છે, ભારતે અવાર નવાર બાંગ્લાદેશ સરકારને લોકોની સુરક્ષા માટે યોગ્ય પગલા લેવા કહ્યું છે.



બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચારના વિરોધમાં પશ્ચિમ બંગાળમાં હિન્દુઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરાયું હતું. કોલકાતામાં એક તરફ મુસ્લિમોએ વક્ફ બિલ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું જ્યારે બીજી તરફ હિન્દુઓએ બાંગ્લાદેશમાં થઈ રહેલા અત્યાચારનો વિરોધ કર્યો હતો. આ વિરોધ પ્રદર્શનોમાં મોટી સંખ્યામાં હિન્દુઓ અને મુસ્લિમો રસ્તા પર ઉતરી આવ્યા હતા. જેને કારણે કોલકાતામાં ટ્રાફિકની સમસ્યાઓ સર્જાઈ હતી. બીજી તરફ ઈસ્કોને એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે ઈસ્કોન ચિન્મય દાસની સાથે છે, સાથે જ બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોને લઈને અમે તમામ સનાતની સંગઠનો અને હિન્દુઓની સાથે છીએ. ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે કહ્યું હતું કે ભારતે હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ પર અત્યાચારનો મુદ્દો બાંગ્લાદેશ સરકારની સામે ઉઠાવ્યો છે.

# દેશભરની ન્યાયપાલિકાઓમાં ૫૬૦૦થી વધુ વેકેન્સી, સરકારે રાજ્યસભામાં આપી માહિતી

(એજન્સી) તા.૩૦

સરકારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે નીચલી અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ન્યાયતંત્રમાં ૫,૬૦૦થી વધુ પદ ખાલી છે. JDU સાંસદ સંજય કુમાર ઝાના પ્રશ્નના જવાબમાં કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે આપેલા લેખિત જવાબમાં જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટમાં બે જગ્યાઓ, હાઈકોર્ટમાં ૩૬૪ અને રાજ્યોની નીચલી અદાલતોમાં ૫,૨૪૫ જગ્યાઓ ખાલી છે. મેઘવાલે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, 'હાલની ખાલી જગ્યાઓને શક્ય તેટલી ઝડપથી ભરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, તેમ છતાં, નિવૃત્તિ, રાજીનામું અથવા બઢતીને કારણે અને ઉચ્ચ ન્યાયાલયોમાં ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ સતત વધી રહી છે. જિલ્લા અને ગૌણ અદાલતોના કિસ્સામાં ખાલી જગ્યાઓ ભરવાની જવાબદારી ઉચ્ચ અદાલતો અને સંબંધિત



રાજ્ય સરકારોની છે. શું સરકાર ન્યાયાધીશોની પસંદગી માટે અખિલ ભારતીય ન્યાયિક સેવાઓની પરીક્ષા શરૂ કરવા પર વિચાર કરી રહી છે ? આ સવાલ પર મંત્રી મેઘવાલે કહ્યું કે આ મુદ્દે કોઈ સહમતિ બની નથી. જયારે બંધારણની કલમ ૩૧૨ અખિલ ભારતીય ન્યાયિક સેવાઓ (AIJS)ની સ્થાપના માટે જોગવાઈ છે. જેમાં ડિસ્ટ્રિક્ટ જજથી હલકી કક્ષાની કોઈપણ પોસ્ટનો સમાવેશ થશે નહીં. અર્જુન રામ મેઘવાલે કહ્યું કે AIJSની રચના માટે એક વ્યાપક દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી અને નવેમ્બર ૨૦૧૨માં સચિવોની સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. એપ્રિલ ૨૦૧૩માં આયોજિત મુખ્ય પ્રધાનો અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની કોન્ફરન્સમાં આ દરખાસ્તનો એજન્ડા આઈટમ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો અને તે નક્કી કરવામાં આવ્યું હતું કે આ મુદ્દા પર વધુ ચર્ચા અને વિચાર-વિમર્શની જરૂર છે. દરખાસ્ત પર રાજ્ય સરકારો અને હાઈકોર્ટનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. અખિલ ભારતીય ન્યાયિક સેવાની રચના અંગે રાજ્ય સરકારો અને ઉચ્ચ અદાલતો વચ્ચે મતભેદ હતા.

# EDની તપાસ વચ્ચે રાજ કુન્દ્રાએ મીડિયાને કરી અપીલ, આ બધાથી મારી પત્ની શિલ્પાને દૂર રાખો

(એજન્સી) તા.૩૦

બોલિવૂડ એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીના પતિ અને બિઝનેસમેન રાજ કુન્દ્રા ફરી એકવાર મુશ્કેલીમાં છે. પોર્નોગ્રાફી નેટવર્ક કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ શુક્રવારે રાજ કુન્દ્રાના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા. હવે EDની આ કાર્યવાહી બાદ રાજ કુન્દ્રાની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. આ બાબતે રાજ કુન્દ્રાની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. રાજ કુન્દ્રાએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં આ અંગે એક પોસ્ટ શેર કરી છે, જેમાં રાજે કહ્યું છે કે, 'જેમને પણ ચિંતા થઈ રહી છે, તેમને કહેવાનું કે મીડિયામાં ડ્રામા બનાવવાની પ્રતિભા છે. ચાલો સત્ય બતાવીએ. છેલ્લા ૪ વર્ષથી ચાલી રહેલી આ તપાસમાં હું સંપૂર્ણ સહકાર આપી રહ્યો છું. જયાં સુધી સહયોગીઓના દાવાઓ, પોર્નોગ્રાફી અને મની લોન્ડરિંગનો સંબંધ છે, મારે એટલું જ કહેવું છે કે કોઈ પણ પ્રકારની સનસનીખેજ બાબત સત્યને છુપાવી શકે



નહીં. અંતે, ન્યાયનો વિજય નિશ્ચિત છે.' રાજ કુન્દ્રાએ પોતાની પોસ્ટમાં આગળ લખ્યું, 'મીડિયા માટે એક નોંધ : મારી પત્નીનું નામ અસંબંધિત બાબતોમાં વારંવાર ખેંચવું નહી. મહેરબાની કરીને તમારી હદમાં રહો.' રાજ કુન્દ્રા પહેલા, શિલ્પા શેટ્ટીના એડવોકેટ પ્રશાંત પાટીલે પણ તેમની પ્રતિક્રિયા આપી હતી જેમાં તેમણે કહ્યું હતુ કે, 'મીડિયામાં એવા અહેવાલો છે કે EDએ મારા ક્લાયન્ટ શિલ્પા શેટ્ટી કુન્દ્રા વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. આ સમાચાર સાચા નથી. શિલ્પા શેટ્ટીને કોઈપણ પ્રકારના ગુના સાથે કોઈ લેવાદેવા નથી, આથી તેના પર EDના દરોડા પાડવામાં આવ્યા નથી. આ તપાસ રાજ કુન્દ્રા પર થઈ રહી છે અને તે સત્ય બહાર લાવવા માટે તપાસમાં સંપૂર્ણ સહકાર આપી રહ્યા છે.' શિલ્પા શેટ્ટીના વકીલે આગળ અપીલ કરતા કહ્યું કે, 'ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયાને વિનંતી છે કે તેઓ શિલ્પા શેટ્ટીના વીડિયો, ફોટો અને નામનો ઉપયોગ કરવાનું ટાળે, કારણ કે તેમને આ કેસ સાથે કોઈ લેવાદેવા નથી.' રાજ કુન્દ્રાની જૂન ૨૦૨૧માં અશ્લીલ ફિલ્મો બનાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસ અધિકારીઓએ દાવો કર્યો હતો કે કુન્દ્રા આ કેસમાં મુખ્ય આરોપી હતો. બે મહિના જેલમાં વિતાવ્યા બાદ તે હાલમાં સપ્ટેમ્બર ૨૦૨૧થી જામીન પર છે.

# લઘુમતીઓની સુરક્ષા મામલે ભારતના બેવડાં વલણ : બાંગ્લાદેશ

(એજન્સી) તા.૩૦

બાંગ્લાદેશે દાવો કર્યો હતો કે ભારત લઘુમતી સમુદાયોની સુરક્ષા પર 'બેવડા ધોરણો' અપનાવી રહ્યું છે અને પડોશી દેશના મીડિયા પર ઢાકા વિરૂદ્ધ 'વ્યાપક પાયે ખોટી માહિતી અભિયાન' ચલાવવાનો આરોપ મૂક્યો છે. દેશદ્રોહના આરોપમાં હિન્દુ નેતા ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડના વિવાદ વચ્ચે બાંગ્લાદેશની વચગાળાની સરકારના કાયદાકીય બાબતોના સલાહકાર આસિફ નઝરુલે એક ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે બાંગ્લાદેશ માટે ભારત કારણ વિના ચિંતા કરે છે. નઝરુલે લખ્યું, 'ભારતમાં લઘુમતી મુસ્લિમ સમુદાય પર ક્રૂરતાની ઘણી ઘટનાઓ બની રહી છે. પરંતુ તેમને (તે ઘટનાઓ પર) કોઈ પસ્તાવો કે શરમ નથી. ભારતનું આ બેવડું ધોરણ નિંદનીય અને વાંધાજનક છે.' વોઈસ ઓફ અમેરિકા બાંગ્લા દ્વારા કરવામાં આવેલા એક સર્વેને ટાંકીને, નઝરુલે લખ્યું કે : 'બાંગ્લાદેશીઓની બહુમતી (૬૪.૧%) માને છે કે વચગાળાની




સરકાર અગાઉની અવામી લીગ સરકાર કરતા દેશના લઘુમતી સમુદાયોને વધુ સારી સુરક્ષા પ્રદાન કરવામાં સક્ષમ છે.' આ દરમિયાન, બાંગ્લાદેશની વચગાળાની સરકારના લીડર મુહમ્મદ યુનુસે દેશના પત્રકારોને ભારતીય મીડિયામાં 'ખોટી માહિતી'નો જવાબ 'સત્ય' સાથે આપવા વિનંતી કરી હતી. મુખ્ય સલાહકાર યુનુસના પ્રેસ સેક્રેટરી શફીકુલ આલમે કહ્યું કે, 'આપણે અમારી વાર્તાઓ અમારી રીતે જણાવવી જોઈએ, અન્યથા તેઓ (ભારતીય મીડિયા) તેમની પસંદ મુજબ અમારી વાર્તા લખશે.' પૂર્વ પત્રકાર, આલમે ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે ઘણા બાંગ્લાદેશી પત્રકારોને હવે સમજાયું છે કે કેટલાક ભારતીય મીડિયા આઉટલેટ્સ અને તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સમાંથી આવતા 'ઔદ્યોગિક ધોરણે ખોટી માહિતી ઝુંબેશ'નો સામનો કરવાનો સમય આવી ગયો છે. તેમણે કહ્યું કે ભારતીયોએ જાણવું જોઈએ કે તેમની પૂર્વ સરહદ પર પણ બુદ્ધિશાળી લોકો રહે છે અને થોડા મહિના પહેલા આ લોકોએ માનવ ઈતિહાસની 'શ્રેષ્ઠ ક્રાંતિ' પૈકીની એક 'ક્રૂર સરમુખત્યારશાહી'ને ઉથલાવી દીધી હતી. આલમે કહ્યું કે કેટલાક લોકો એવું વિચારી શકે છે કે ભારતીયો વધુ બુદ્ધિશાળી લોકો છે. 'પરંતુ મારો વિશ્વાસ કરો, જો તમે સત્ય દ્વારા સશક્ત છો, તો કોઈ ખોટી માહિતી ઝુંબેશ તમને રોકી શકશે નહીં.'

# ૧૯૭૮થી ભારતીય સૈન્યએ જમીન પર કબજો કરી રાખ્યો હતો, કોર્ટે ૪૬ વર્ષનું ભાડું ચૂકવવા આદેશ કર્યો

(એજન્સી) તા.૩૦

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે એક વ્યક્તિની જમીનનો કબજો કરી લેવાયાના બદલામાં છેલ્લા ૪૬ વર્ષનું ભાડું ચૂકવવા કહ્યું છે. કોર્ટે કહ્યું કે સંપત્તિનો અધિકાર હવે માનવ અધિકારના દાયરામાં આવે છે. જસ્ટિસ વસીમ સાદિક નરગલે ૨૦ નવેમ્બરે અરજીનો નિકાલ કરતી વખતે આ આદેશ આપ્યો હતો. હકીકતમાં અરજદારની જમીન પર સેનાએ ૧૯૭૮થી કબજો જમાવ્યો હતો, હવે કોર્ટે તેનું ભાડું ચૂકવવાનો આદેશ આપ્યો છે. ન્યાયાધીશે કહ્યું, 'સંપત્તિનો અધિકાર હવે માત્ર બંધારણીય અથવા કાનૂની અધિકાર જ નહીં પરંતુ માનવ અધિકારના દાયરામાં પણ આવે છે. માનવ અધિકારોને વ્યક્તિગત અધિકારો જેવા કે આશ્રય, આજીવિકા, આરોગ્ય, રોજગાર વગેરેના ક્ષેત્રમાં ગણવામાં આવે છે અને છેલ્લા કેટલાક વર્ષોમાં માનવ અધિકારોએ બહુપરિમાણીય પરિમાણ પ્રાપ્ત કર્યું છે. અબ્દુલ મજીદ લોને ૨૦૧૪માં એક અરજી દાખલ કરી હતી, જેમાં તેણે કહ્યું હતું કે, સેનાએ ૧૯૭૮થી કુપવાડા જિલ્લાના તંગધારમાં એલઓસી પાસે તેમની ૧.૬ એકર જમીન પર કબજો જમાવ્યો હતો. તેણે દાવો કર્યો કે આજ સુધી તેને કોઈ વળતર કે જમીનનું ભાડું મળ્યું નથી. કોર્ટે કહ્યું કે,



'સરકાર, તેની પ્રસિદ્ધ ડોમેન પાવરનો ઉપયોગ કરીને વ્યક્તિના સંપત્તિના અધિકારમાં દખલ કરી શકે છે, પરંતુ તે જાહેર હેતુ માટે હોવું જોઈએ અને તેથી માત્ર વળતર આપવું જોઈએ.' જ્યારે સરકાર તરફથી હાજર રહેલા વકીલે કહ્યું કે સેનાએ જમીન કબજે કરી નથી. મહેસૂલ વિભાગે પુષ્ટિ કરી છે કે આ જમીન ૧૯૭૮થી ભારતીય સેના પાસે છે. કોર્ટે વિવાદિત જમીનનો નવેસરથી સર્વે કરવાનો આદેશ આપ્યો હતો અને મહેસૂલ અધિકારીઓના રિપોર્ટમાં જાણવા મળ્યું હતું કે જમીન ૧૯૭૮થી સેનાના કબજામાં છે. કોર્ટે વધુમાં કહ્યું કે જમીન માલિકને ક્યારેય કોઈ ભાડું કે વળતર મળ્યું નથી. કોર્ટે કહ્યું, 'તથ્યો પરથી સ્પષ્ટ થાય છે કે પ્રતિવાદીઓએ અરજદારના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે અને કાયદા હેઠળ નિર્ધારિત પ્રક્રિયાને અનુસર્યા વિના તેને તેના અમૂલ્ય બંધારણીય અધિકારથી વંચિત રાખ્યો છે.' ચુકાદામાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે રાજ્ય અને તેની એજન્સીઓ કોઈપણ નાગરિકને તેની મિલકતમાંથી બહાર કાઢી શકે છે સિવાય કે કાયદા અનુસાર કાર્ય કરે. કોર્ટે કહ્યું, 'જોકે વળતર ચૂકવવાની જવાબદારી કલમ 300Aમાં સ્પષ્ટપણે સામેલ નથી, પરંતુ આ કલમ પરથી તેનો અંદાજ લગાવી શકાય છે.'

### ૧૦૦ CCTV ફંફોળીને પોલીસ આરોપી સુધી પહોંચી

# ગુજરાત હાઈકોર્ટ પાસે આવેલા ફલાયઓવર બ્રિજ પર અકસ્માત સર્જનાર ઝડપાયો

## બીજી બાજુ અકસ્માતમાં ઈજાગ્રસ્ત સાઈક્લિસ્ટસ સહિત ૨૦૦ લોકોએ ૨૫ કિ.મી સુધી સાઈક્લિંગ કરી લોકોમાં અવેરનેસ લાવવાનો પ્રયાસ કર્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદની ગુજરાત હાઈકોર્ટ પાસે આવેલા ફલાયઓવર બ્રિજ પર ૨૩ નવેમ્બરે અજાણ્યા વાહનના ચાલકે ટક્કર મારતાં બે સાઈક્લિસ્ટ ઈજાગ્રસ્ત થયાં હતાં. આ પ્રકારની ઘટનાનું અમદાવાદમાં પુનરાવર્તન ન થાય એ માટે આજે સવારે અમદાવાદ શહેરમાં કાર્યરત સાઈક્લિસ્ટના અલગ અલગ સાત ગ્રુપના ૨૦૦ સાઈક્લિસ્ટ્સ જોડાયા હતા. તેમણે ૨૫ કિમી સુધી સાઈક્લિંગ કરી લોકોમાં અવેરનેસ લાવવાનો પ્રયાસ કર્યો છે. મહત્ત્વની વાત છે કે અમદાવાદમાં અકસ્માતમાં જે બે સાઈક્લિસ્ટ ઈજાગ્રસ્ત થયાં હતાં તેઓ પણ આજની આ રેલીમાં જોડાયાં હતાં અને વાહનચાલકોને સાઈક્લિસ્ટ્સનું ધ્યાન રાખવા માટે અપીલ કરી હતી. મળતી માહિતી મુજબ, તાજેતરમાં અકસ્માત સર્જી ફરાર થયેલા વાહનચાલકને પણ પોલીસે ઝડપી પાડ્યો હોવાનું જાણવા મળ્યું છે.

પાર્ટી કર્યા બાદ કારચાલકે અમદાવાદના સોલા બ્રિજ પર અકસ્માત સર્જ્યો હોવાનું સામે આવ્યું છે. ૨૩ નવેમ્બરની સવારે અમદાવાદના સોલા બ્રિજ પરથી તબીબ સહિતના સાઈક્લિસ્ટ્સનું ગ્રુપ પસાર થઈ રહ્યું હતું ત્યારે જ એક કારચાલકે બેફામ સ્પીડે પોતાની કાર ચલાવી બે તબીબને અડફેટે લઈ ફરાર થયો હતો. સદનસીબે આ ઘટનામાં જાનહાનિ અટકી હતી, પરંતુ એક મહિલા તબીબને ગંભીર ઈજા પહોંચી હતી. હિટ એન્ડ રનની ઘટનાના શહેરીજનોમાં ગંભીર પડઘા પડ્યા બાદ આજે અમદાવાદના સાઈક્લિસ્ટ્સનાં ૭ ગ્રુપ દ્વારા એક સાઈકર રેલી પણ યોજવામાં આવી હતી. એની ગણતરીના કલાકોમાં જ પોલીસે ૨૩મી તારીખે અકસ્માત સર્જનાર નબીરાને ઝડપી પાડ્યો છે. આ ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસ માટે CCTV મહત્ત્વના સાબિત થયા છે. પોલીસ ૧૦૦ સીસીટીવી ફંફોળીને આરોપી સુધી પહોંચી છે. હિટ એન્ડ રનનો બનાવ બન્યો એ પહેલાં આરોપીઓએ પાર્ટી કરી હોવાનું પણ સામે આવ્યું છે.

અમદાવાદના સેટેલાઈટમાં રહેતા ડોક્ટર અનિશ તિવારી, તેમનાં પત્ની ડોક્ટર રીનાબેન તિવારી, ડોક્ટર આશિષ શાહ, ક્રિષ્નાબેન શુક્લા, ડોક્ટર અમર શાહ, ડોક્ટર ઝંખના શાહ અને ડોક્ટર પારૂલ ભાટિયા ભેગાં મળીને સવારે ૬ વાગે પોતપોતાની સાઈકલ ઉપર સાઈક્લિંગ કરતાં વૈષ્ણોદેવી સર્કલથી વડસર જવાનું નક્કી કર્યું હતું. આ દરમિયાન વહેલી સવારે તેઓ એસ.જી. હાઈવેના હાઈકોર્ટ ઓવરબ્રિજ પર સાઈકલ પર પસાર થઈ રહ્યાં હતાં ત્યારે અચાનક પાછળથી પૂરપાટ ઝડપે આવતી કારે ડોક્ટર અનિશ અને ક્રિષ્નાબેનને ટક્કર મારી હતી. ડોક્ટર અનિશને ટક્કર વાગતાં તેઓ સાઈકલ લઈને નીચે પડી ગયા હતા, જ્યારે મહિલા ડોક્ટર ક્રિષ્નાબેન બેભાન થઈ ગયાં હતાં. જોકે કારચાલક ટક્કર મારીને નાસી ગયો હતો. સદનસીબે બંનેના જીવ બચી ગયા હતા. આ ઘટનાના CCTV પણ સામે આવ્યા હતા.

### BZના ૬૦૦૦ કરોડના ચર્ચાસ્પદ કૌભાંડમાં નવા નવા ખુલાસા જારી

# કૌભાંડી ઝાલાના વિવિધ બેન્કોના ૨૭ બેન્ક એકાઉન્ટ બેલેન્સ સહિત ફ્રીઝ : ૧૧ કંપનીઓ તપાસના રડારમાં

## અરવલ્લીમાં બિનવારસી લેપટોપ મળતાં રહસ્ય; કરોડોની મિલકતો સામે આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાં BZ ગ્રુપના કરોડો રૂપિયાનું કૌભાંડ સામે આવ્યું છે. BZ ગ્રુપનો CEO ભૂપેન્દ્રસિંહ ઝાલા એકના ડબલ કરવાની સ્કીમમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી ૬૦૦૦ કરોડ ઉઘરાવ્યા પછી ફરાર થઈ ગયો છે. ત્રણ વર્ષમાં પૈસા બમણા કરવાની લાલચ આપીને ભૂપેન્દ્રસિંહ ઝાલાએ હજારો લોકોને છેતર્યા છે. આ કૌભાંડ રોજે રો નવી નવી વિગતો સામે આવી રહી છે. જેમાં હવે અન્ય આરોપી મયુર દરજીની દુકાનથી માત્ર ૨૫૦ મીટર દૂર માલપુર ખાતે રોડ પાસે બિનવારસી લેપટોપ મળી આવતા ચર્ચા વ્યાપક બની છે.

ધરપકડ કરાયેલ ૭ આરોપીઓ પૈકી આરોપી મયુર દરજીના રિમાન્ડ પૂર્ણ થતા તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. CID ક્રાઈમની તપાસમાં સામે આવ્યું છે કે મહાઠગ અને આરોપી ભુપેન્દ્રસિંહ ઝાલાએ રૂપીયાની હેરફેર માટે જુદી જુદી ૧૧ જેટલી કંપનીઓ બનાવી હતી. ભુપેન્દ્રસિંહ ઝાલાએ જુદી જુદી બેંકોમાં ૨૭ જેટલા બેક્ર એકાઉન્ટ ખોલાવ્યા હતા જેમાં શંકાસ્પદ વ્યવહારો મળી આવ્યા છે. CID ક્રાઈમની ટીમે આ તમામ એકાઉન્ટ હાલ તો ફ્રીઝ કરી તપાસ શરૂ કરી છે. આ એકાઉન્ટ્સમાં રહેલી દોઢ કરોડ રૂપિયા જેટલી રકમ પણ ફ્રીઝ કરવામાં આવી છે. આરોપી ભુપેન્દ્રસિંહ ઝાલાએ ૮૨ કરોડમાં જે કોલેજ ખરીદી હતી તે ગ્રો-મોર ફાઉન્ડેશન ટ્રસ્ટી તરીકે કાર્યરત છે. જેને લઈને પણ હાલ તપાસ શરૂ કરવામાં આવી છે. સાબરકાંઠા, વડોદરા, ગાંધીનગર અને રાજસ્થાનમાં દરોડા પાડીને અનેક મહત્ત્વના દસ્તાવેજ કરીને CID ક્રાઈમે વિધિવત ફરિયાદ નોંધવા સાથે આરોપી અને ભાજપનો કાર્યકર ભૂપેન્દ્રસિંહ ઝાલા વિદેશ ભાગી ન જાય તે માટે L.O.C એટલે કે લુકઆઉટ ક્ર્યુલર જારી કર્યું છે.

BZ ગ્રુપનો CEO ભૂપેન્દ્રસિંહ ઝાલા દ્વારા અંદાજિત ૬૦૦૦ કરોડનું કૌભાંડ આચાર્ય બાદ દિવસેને દિવસે નવા ખુલાસા થઈ રહ્યા છે. GSTVની તપાસમાં અરવલ્લી જિલ્લામાંથી ભૂપેન્દ્રસિંહ ઝાલાની કરોડો રૂપિયાની મિલકતો સામે આવી છે જેમાં એક બિનખેતી જમીન અને એક આલીશાન ફાર્મ હાઉસનો સમાવેશ થાય છે. મોડાસાના લીંભોઈ ગામ પાસે અંદાજીત ૩ કરોડ કિંમતનું આલીશાન ફાર્મહાઉસ મળી આવ્યું છે. આ ફાર્મ હાઉસ ભુપેન્દ્રસિંહ પરબતસિંહ ઝાલાના નામે નોંધાયેલ છે. આલીશાન ફાર્મ હાઉસમાં સ્વિમિંગ પૂલ, ગાર્ડન, મોટા મોટા બેડ રૂમ અને મોંઘુદાટ ફર્નિચર મળી જોવા મળે છે. BZ કૌભાંડ મામલે ભુપેન્દ્ર ઝાલાની વધુ એક મિલકત સામે આવી છે. અરવલ્લી જિલ્લાના મોડાસાના સાકરીયા ગામે કરોડોની જમીન ખરીદી હતી. ભુપેન્દ્ર ઝાલાએ સાકરીયા ગ્રામ્ય વિસ્તારમાં સર્વે નં ૩૮૨ની જમીન ખરીદી હતી. આ જમીન ૧૩૪૮૫ ચોમી છે જેને ખરીદી તાત્કાલિક એનએ કરાવવામાં આવ્યું હતું. ભુપેન્દ્ર પરબત ઝાલાના નામે પંચાયતની મિલકતમાં નોંધ પડાવી છે. રાજયમાં કૌભાંડના ગરમ માહોલ વચ્ચે માલપુરથી તૂટેલું બિનવારસી એક લેપટોપ મળી આવ્યું છે. રૂઘનાથપુર રોડ પર આવેલી માણેક કૃપા સ્કૂલ પાસેથી આ લેપટોપ મળ્યું હતું. જેથી આસપાસના લોકોએ પોલીસને જાણ કરી હતી અને પોલીસે લેપટોપને જપ્ત કર્યું હતું. એક તરફ કરોડોના કૌભાંડનો મુખ્ય એજન્ટ મયુર દરજી માલપુરનો જ વતની છે અને માલપુરમાંથી જ આવા સમયે તૂટેલું લેપટોપ મળી આવતાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. લેપટોપ તૂટી ગયેલી હલાતમાં મળી આવ્યું છે. તેને એફએસએલમાં તપાસ અર્થે મોકલવામાં આવશે. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમને પણ આ અંગે જાણ કરવામાં આવશે. ત્યાર બાદ જ આ બિનવારસી લેપટોપ અંગે કહી શકાશે. આ કૌભાંડના આરોપી મયુર દરજીની દુકાનથી ફક્ત ૨૫૦ મીટર દૂર આ લેપટોપ મળતાં ચર્ચાઓનું બજાર ગરમ જોવા મળ્યું હતું.

# પાંચ દિવસના કોમ્બિંગમાં પોલીસે ૫૨.૮૯ લાખના દંડની વસૂલાત કરી


## ૮૨,૫૦૮ વાહન ચેક કરી ૭૪૨૫ લોકોને મેમો આપ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદમાં પોલીસ દ્વારા છેલ્લા કેટલાક દિવસથી કોમ્બિંગ કરવામાં આવી રહ્યું છે. જ્યારે ૫ દિવસના નાઈટ કોમ્બીંગ દરમિયાન પોલીસે વાહન ચેકીંગ, પ્રોહિબિશન કેસ,જુગારના કેસ,જૂના ગુનેગારો અને હિસ્ટ્રી સીટરોને તપાસ્યા હતા.પોલીસે ૫ દિવસમાં ૭૪૨૫ મેમો આપીને ૫૨.૮૯ લાખના દંડની વસૂલાત કરી છે.

૨૫ નવેમ્બરથી ૨૯ નવેમ્બર દરમિયાન પોલીસ દ્વારા નાઈટ કોમ્બીંગ કરવામાં આવ્યું હતું. ૫ દિવસના કોમ્બીંગ દરમિયાન ૮૨,૫૦૮ વાહન ચેક કરવામાં આવ્યા હતા. ૭૪૨૫ વાહનચાલકોને મેમો આપીને ૫૨,૮૯,૭૫૦ રૂપિયાનો મેમો આપવામાં આવ્યો હતો. એમવી એક્ટ મુજબ ૩,૯૯૨ વાહન ડીટેઈન કરવામાં આવ્યા છે.



**સિંધુભવન રોડ પર લક્ઝુરિયસ કાર સામે ડ્રાઈવ**

કોમ્બિંગ દરમિયાન વાહન ચેકિંગમાં જે પણ વાહન ચાલક પાસેના પૂરતા કાગળ ના હોય તે વાહન જપ્ત કરવામાં આવે છે. પોલીસ દ્વારા હજારો ટુ વ્હીલર જપ્ત કરવામાં આવ્યા હતા, ત્યારે ગઈકાલે શહેરના પોશ વિસ્તાર એવા સિંધુભવન રોડ ઉપર મોંઘી દાટ ગાડીઓ માટેની ડ્રાઈવ યોજાઈ હતી. આ ડ્રાઈવ દરમિયાન પોલીસે બે કરોડની મેકલેરન કાર સહિત કુલ ૮ મોંઘીદાટ કાર કબજે કરી છે. આ તમામ કારચાલકોને આરટીઓનો મેમો આપ્યો છે. જેથી કાર ચાલકોએ હજારો રૂપિયાનો દંડ ભરીને પોતાની કાર છોડાવી પડશે.

૧૦૧૬ પ્રોહિબિશનના કેસ કરવામાં આવ્યા છે અને ૧૬ જુગારના કેસ કરવામાં આવ્યા છે. મિલકત સંબંધિત આરોપી અંગે તપાસ કરવામાં આવી હતી, જેમાં ૧૨૨૮ આરોપીઓને તપાસવામાં આવ્યા હતા. દુષ્કર્મના અને જુગારના અગાઉના ૩૪૯ આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી. શહેરમાં ૨૫ નવેમ્બરથી પોલીસે નાઈટ કોમ્બીંગ કર્યું હતું, જેમાં પોલીસ કમિશનર, જેસીપી, એસીપી, પીઆઈ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. પોલીસ સાથે ક્રાઈમ બ્રાન્ચ અને જીંની ટીમ પણ હાજર રહી હતી. તમામ ટીમ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારમાં કોમ્બીગ કરીને કાર્યવાહી કરવામાં આવી હતી.

### HIV-એઈડ્સ વિશે જાગૃતિ માટે દર વર્ષે ૧લી ડિસેમ્બરે "વિશ્વ એઈડ્સ દિવસ" મનાવાય છે

# રાજ્યની સરકારી હોસ્પિટલોમાં ૨૬૧ ICTC ૨૪૦૦ સ્ક્રિનીંગ સેન્ટર, મોબાઈલ વાનમાં HIVની ફ્રી તપાસ

## રાજ્યના ૫૯ લીંક ART સેન્ટર ખાતે HIV દર્દીને વિનામૂલ્યે દવા-સારવાર ઉપલબ્ધ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

વિશ્વના તમામ લોકોમાં HIV-AIDS વિશે જાગૃતિ આવે તે હેતુસર "વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન"-WHO and UNAIDS દ્વારા દર વર્ષે ૧લી ડિસેમ્બરના રોજ "વિશ્વ એઈડ્સ દિવસ" મનાવવામાં આવે છે. આ વર્ષે NACO દ્વારા "ટેક ધ રાઈટ્સ પાથ" થીમ પર "વિશ્વ એઈડ્સ દિવસ"ની ઉજવણી કરવામાં આવી રહી છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યની સરકારી હોસ્પિટલો ખાતે ૨૬૧ આઈ.સી.ટી.સી. સેન્ટરો અને ૨૪૦૦ સ્ક્રિનીંગ સેન્ટરો તથા ૩ મોબાઈલ વાનમાં HIV તપાસની મફત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. રાજ્યની સરકારી હોસ્પિટલો ખાતે ૬૦ સેન્ટરોમાં જાતીય રોગની તપાસ અને સારવારની સુવિધાઓ ઉપલબ્ધ છે. જેમાં સરકારી હોસ્પિટલોમાં ૪૮ એ.આર.ટી. સેન્ટરો અને ૫૯ લીંક એ.આર.ટી. સેન્ટરો ખાતે HIV પોઝિટિવ લોકોને મફત દવા આપવામાં આવે છે.

વિશ્વમાં HIVનો પ્રથમ કેસ વર્ષ ૧૯૮૧માં અમેરિકાના કેલિફોર્નિયામાં દેખાયો હતો. જ્યારે ભારતમાં પ્રથમ કેસ વર્ષ ૧૯૮૬માં ચેન્નાઈ તથા ગુજરાતના સુરત ખાતે નોંધાયો હતો. વર્ષ ૧૯૮૭માં WHO દ્વારા HIV-AIDS પર વૈશ્વિક સ્તરનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. વિશ્વમાં ૩.૯૯ કરોડ, ભારતમાં અંદાજિત ૨૫.૪૪ લાખ તથા ગુજરાતમાં અંદાજિત ૧.૨૦ લાખ લોકો HIVના સંક્રમણ સાથે જીવન જીવી રહ્યા છે. આજના આધુનિક યુગમાં HIV નિયમિત દવા લેવાથી નિયંત્રણમાં રાખી શકાય તેવો રોગ છે. ૧૫થી ૪૯ વર્ષના વ્યક્તિઓમાં ભારતનો ઊંફ એડલ્ટ પ્રિવેલન્સ રેટ ૦.૨૦ ટકા તથા ગુજરાતનો ૦.૧૯ ટકા છે.

"ધી એચ.આઈ.વી.-એઈડ્સ (પ્રિવેન્સન એન્ડ કંટ્રોલ) એક્ટ ૨૦૧૭"નું અમલીકરણ કરી દેવામાં આવ્યું છે અને રાજ્યના આરોગ્ય ખાતાના છ રીજનલ ડેપ્યુટી ડાયરેક્ટરો ઓમ્બુડસમેન્ટ તરીકે નિમણુંક પણ કરવામાં આવી છે.

"વિશ્વ એઈડ્સ દિવસ" પર લોક જાગૃતિ માટે નેશનલ એઈડ્સ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન-NACO તેમજ આરોગ્ય વિભાગની રાજ્ય એઈડ્સ કંટ્રોલ સોસાયટી હેઠળ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યના દરેક જિલ્લાઓમાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રેલી, નાટકો, તાલીમો, પોસ્ટર-નિબંધ લેખન જેવી સ્પર્ધાઓ દ્વારા શાળાઓ, કોલેજો અને જાહેર લોકો માટે એઈડ્સ વિશે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

### મ્યુનિ.ના કામો પર દેખરેખ રાખવા રખાયેલ એજન્સીઓનાં કર્મચારીઓ જ બેદરકાર !

# સરખેજમાં હોલ બનાવવાના કામમાં બેદરકારી મુદ્દે કન્સલ્ટન્ટ બ્લેકલિસ્ટ

## મ્યુનિ.કમિશનરના રાઉન્ડ દરમિયાન બેદરકારી પકડાતાં ચાર કર્મી સસ્પેન્ડ કરાયા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

શહેરના સરખેજ વિસ્તારમાં નાગરિકો અને કોર્પોરેટરોની માગણીને પગલે કોમ્યુનિટી હોલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી ત્યારે તેની ઉપર દેખરેખ રાખવાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ નિવડેલી ટેકનોમેન કન્સલ્ટન્ટ નામની એજન્સીને ૧૮ મહિના માટે બ્લેકલિસ્ટ કરી દેવામાં આવી છે.

મ્યુનિ. ઈજનેર ખાતાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, મ્યુનિ.નાં રોડ, વોટર-ડ્રેનેજ, બ્રિજ અને બિલ્ડિંગ સહિતના ઈજનેરી ખાતા સબંધિત કામો ઉપર ચાંપતી નજર રાખવા માટે ઝોન કે પ્રોજેક્ટ વિભાગ પાસે પૂરતો સ્ટાફ નથી. કોઈ પણ કામ શરૂ થાય ત્યારથી ગુણવત્તા જાળવી રાખવા માટે તેની ઉપર રાઉન્ડ ધ ક્લોક નજર રાખવી જરૂરી છે. બીજી બાજુ મ્યુનિ. ઈજનેર ખાતા પાસે જ એટલો સ્ટાફ નથી કે દરેક કામ દીઠ એક એક કર્મચારી કે અધિકારી ફાળવી શકે. તેથી મ્યુનિ.નાં ઈજનેરી કામો ઉપર દેખરેખ રાખવા માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ (પીએમસી) એજન્સીને લાખો રૂપિયા ફી ચૂકવીને રાખવામાં આવતાં હોય છે, પરંતુ આ એજન્સીઓનાં કર્મચારીઓ જ બેદરકારી દાખવતાં હોવાનાં કે કોન્ટ્રાક્ટર સાથે મેળાપીપણું કરી લેતાં હોવાનાં આક્ષેપો થાય છે. તેના કારણે મ્યુનિ.ને લાખો-કરોડો રૂપિયા ખર્ચવા છતાં ગુણવત્તાયુક્ત કામ મળતું નથી. મ્યુનિ.નાં ઈજનેરી કામો ઉપર નજર રાખવા માટે પીએમસી રાખવા સામે અનેકવાર વાંધા ઉપસ્થિત કરવામાં આવ્યા છે અને મ્યુનિ.માં જ અલાયદો વિભાગ બનાવવાની વાતો પણ થઈ છે. પરંતુ કોઈ કારણસર તેમાં કોઈ પ્રગતિ થઈ નથી અને દરેક કામ માટે પીએમસી નિમવામાં આવે છે.

સરખેજ વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવાનાં કામ ઉપર દેખરેખ રાખવા માટે આવી જ એક એજન્સી ટેકનોમેન કન્સલ્ટન્ટને લાખો રૂપિયા ફી નક્કી કરી રાખવામાં આવી હતી. દરમિયાનમાં મ્યુનિ.કમિશનર પોતે આ વિસ્તારમાં રાઉન્ડમાં નીકળ્યા ત્યારે હોલની કામગીરી નિહાળી હતી. જેમાં તેમને શંકા જતા તેમણે વિજિલન્સ ખાતાને તપાસ સોંપી દીધી હતી. તેના પગલે ઝોનલ ઈજનેર ખાતામાં તથા પીએમસી એજન્સીમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. વિજિલન્સ ખાતાની તપાસમાં કન્સલ્ટન્ટ એજન્સીની બેદરકારી પૂરવાર થતાં જ કમિશનરે સૌપ્રથમ તો ઝોનલ ઈજનેર ખાતાનાં ચાર કર્મચારીઓને સસ્પેન્ડ કરી દીધા હતા અને પીએમસી એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની સૂચના આપી હતી.

# સાબરમતી-ચાંદલોડિયા સ્ટેશન પર સિગ્નલિંગની કામગીરીને લઈ અનેક ટ્રેનો રદ અને ડાયવર્ટ

## સ્ટેશનો પર ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ લગાવવા માટે બ્લોક લેવાને લીધે અસર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

પશ્ચિમ રેલવેના અમદાવાદ-વિરમગામ વિભાગમાં સાબરમતી (રાણીપ બાજુ), સાબરમતી (એફ કેબિન) અને ચાંદલોડિયા (એ) સ્ટેશનો પર ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ લગાવવા માટે બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પર તેની અસર જોવા મળશે. જેથી, ટિકિટ બુક કરાવતાં પહેલાં ટ્રેન વિશે આ માહિતી જાણી લેજો.

● **રદ કરાયેલી ટ્રેનો**

● અમદાવાદ-વિરમગામ મેમુ ૧ ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે રદ

● વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ ૧ ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે રદ

● જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ ૧ ડિસેમ્બર ૨૦૨૪ અને ૨ ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે રદ

● **આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો**

● ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ-સુરેન્દ્રનગર વચ્ચે ૧ ડિસેમ્બર ૨૦૨૪ અને ૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ આંશિક રીતે રદ

● વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી એક્સપ્રેસ ૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સુરેન્દ્રનગર-ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ

● **ડાયવર્ટ કરવામાં આવેલી ટ્રેનો**

● ૧ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ, ગાંધીનગર કેપિટલ-વેરાવળ સુપરફાસ્ટ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ-ચાંદલોડિયા-વિરમગામ થઈને તેના નિર્ધારિત રૂટને બદલે ગાંધીનગર કેપિટલ-મહેસાણા-વિરમગામ થઈને બદલાયેલા રૂટ પર દોડશે. આ ટ્રેન ચાંદલોડિયા નહીં જાય.

● ૦૧.૧૨.૨૦૨૪ના રોજ, ભાવનગર ટર્મિનસ-શાહિદ કેપ્ટન તુષાર મહાજન એક્સપ્રેસ વિરમગામ-ચાંદલોડિયા-ગાંધીનગર કેપિટલ-મહેસાણા થઈને તેના નિર્ધારિત રૂટને બદલે વિરમગામ-કટોસણ રોડ-મહેસાણા થઈને બદલાયેલા રૂટ પરથી દોડશે. આ ટ્રેન આંબલી રોડ અને ગાંધીનગર કેપિટલ સ્ટેશને નહીં જાય.ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

### પરિવારે એકનો એક પુત્ર ગુમાવ્યો

# મહેસાણામાં ચાઈનીઝ દોરીથી યુવકનું ગળું કપાતા મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા. ૩૦

ચાઈનીઝ દોરીના વેચાણ પર પ્રતિબંધ હોવા છતાં આ દોરી છૂટથી મળી રહી છે. ઉત્તરાયણને હજુ ઘણી વાર હોવા છતાં રાજયમાં ચાઈનીઝ દોરીના કારણે જીવલેણ અકસ્માતની ઘટના બનવા લાગી છે. ચાઈનીઝ દોરીના કારણે રાજયમાં છેલ્લા ૧૦ દિવસમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. મહેસાણામાં એક વ્યક્તિનું દોરીથી ગળું કપાઈ જતા મોત થયું હતું. આંબલિયાસણ રેલવે ઓવરબ્રિજ પર આ બનાવ બન્યો હતો. યુવક પોતાની પત્ની સાથે બાઈક પર જતો હતો ત્યારે ઘટના બની હતી. પરિવારના એકના એક દિકરાનું મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મહેસાણાના બલિયાસણનો ૨૫ વર્ષનો યુવક મહેશ ઠાકોર પોતાની પત્ની સાથે ભાસરિયા હાઈવેથી આંબલિયાસણ સ્ટેશન તરફ રેલવે ઓવરબ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે અચાનક ચાઈનીઝ દોરી ગળામાં ફસાઈ જતાં ગળું ચિરાઈ ગયું હતું. ત્યારબાદ યુવકને તાત્કાલિક હોસ્પિટલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, કમનસીબે સારવાર દરમિયાન જ યુવકનું મોત નિપજ્યું હતું. પત્નીની નજર સામે પતિનું ગળું ચિરાઈ જતાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# પાલનપુરમાંથી બે સરકારી સર્વેયર એક લાખની લાંચ લેતા ઝડપાયા

પાલનપુર, તા.૩૦

પાલનપુરમાંથી બે સરકારી સર્વેયર રૂા.૧ લાખની લાંચ લેતા ઝડપાયા છે. એસીબીની ટીમે ચંડીસર ગામે આવેલી ખાનગી ઓફિસમાં ટ્રેપ દરમિયાન બંને શખસો લાંચ લેતાં રંગેહાથ મળી આવતા ધરપકડ કરવામાં આવી છે.આ અંગે જાણવા મળ્યા મુજબ ફરિયાદીને પોતાની ખેતીની જમીન પ્રમોલગેશન થતાં ક્ષેત્રફળમાં ફેરફાર થયેલ જે સુધારો કરવા ડી.આઈ.એલ.આર.(જિલ્લા ઈન્સ્પેક્ટર લેન્ડ રેકોર્ડ્સ) કચેરીમાં અરજી આપેલ જે અરજી તપાસ સારૂં સરકાર માન્ય લાયસન્સી સર્વેયર ભાવેશકુમાર દલપતભાઈ પાતાણીને ફાળવતા તેમણે તથા રામાભાઈ લક્ષ્મણભાઈ ચૌધરીએ ફરિયાદીની જમીન માપણી કરી બંને આરોપીઓએ ભેગા મળી રૂા.૧,૦૦,૦૦૦/-ની ગેરકાયદેસર લાંચની માગણી કરેલ હતી. પરંતુ આ લાંચના નાણા ફરિયાદી આપવા માંગતા ના હોય, જેથી ફરિયાદીએ પાલનપુર એ.સી.બીનો સંપર્ક કરી ફરિયાદ આપતા તેમની ફરિયાદના આધારે પાલનપુર એસીબીની ટીમના પીઆઈ એન.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ સ્ટાફે વિવાંશ સર્વેયર ઓફિસ, ધોળેશ્વર મહાદેવની સામે, ચંડીસર, તા.પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતે ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન ભાવેશકુમાર દલપતભાઈ પાતાણી, હોદ્દો-સરકારી લાઈસન્સ સર્વેયર, ડી.આઈ.એલ.આર. કચેરી, પાલનપુરનાઓએ ફરિયાદી સાથે સ્થળ ઉપર વાતચીત કરી લાંચની રકમ સ્વીકારી હોય જેઓને એસીબીની ટીમે રંગેહાથ ઝડપી લીધા હતા.

# ફતેહવાડી ખાતે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરનું ઉદ્‌ઘાટન

અમદાવાદ, તા.૩૦

આજરોજ મકતમપુરા વોર્ડમાં નાગરિકોને આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે હેતુથી અમદાવાદ મ્યુ.કૉર્પોરેશનના સંકલિતનગર અર્બન હેલ્થ સેન્ટરના સહયોગથી અને મર્હુમ હાજી અબ્દુલમજીદખાન યાસીનખાન પઠાણ પરિવારના સૌજન્યથી અને મકતમપુરા વોર્ડના કોર્પોરેટર જુબેરખાન અબ્દુલમજીદખાન પઠાણ, કોર્પોરેટર હાજીભાઈ મિર્ઝા, કોર્પોરેટર સુહાનાબેન મનસુરી, કોર્પોરેટર જેનબબેન શેખના સાથ અને સહકારથી તૈયાર કરવામાં આવેલ હેલ્થ & વેલનેસ સેન્ટર (SANKALITNAGAR HWC -1)નું ઉદ્‌ઘાટન કલાસિક પાર્ક સોસાયટી સામે ફતેહવાડી ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વેજલપુર વિધાનસભાના ધારાસભ્ય અમિતભાઈ ઠાકર દ્વારા હેલ્થ & વેલનેસ સેન્ટર



(SANKALITNAGAR HWC -1)નું રીબીન કટ કરી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાબીરભાઈ કાબલીવાલા તેઓની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મર્હુમ અબ્દુલમજીદખાન યાસીનખાન પઠાણના મોટા ભાઈ અને શહીદ પી.એસ.આઈ જે.એમ.પઠાણના પિતા મુનસફખાન યાસીનખાન પઠાણ અને તમામ પરિવારજનો હાજર રહ્યા હતા. મકતમપુરા વોર્ડના સામાજીક કાર્યકરો અને આજુબાજુમાં રહેતા સ્થાનિક નાગરિકો પણ ઉપસ્થિત રહ્યા અને ડે.હેલ્થ ઓફિસર મીલનભાઈ નાયક, સંકલિતનગર અર્બન હેલ્થ સેન્ટરના ડૉ. તૃપ્તિબેન અને સ્ટાફગણ હાજર રહ્યા હતા.

નોંધનીય છે કે, આ હેલ્થ & વેલનેસ સેન્ટરથી ફતેહવાડી વિસ્તારમાં રહેતા હજારો નાગરિકોને પ્રાથમિક આરોગ્યની સુવિધાઓ અને લાભ મળશે.

# મહારાષ્ટ્ર સરકારની રચના : મુંબઈના આઝાદ મેદાન ખાતે ૫ ડિસેમ્બરે શપથગ્રહણ સમારોહ, સીએમ અંગે સસ્પેન્સ વચ્ચે રિપોર્ટ

(એજન્સી) તા.૩૦

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી કોણ બનશે ? તે હજી સુધી નક્કી થયુ નથી. પરંતુ મુખ્યમંત્રી શપથ ગ્રહણ સમારોહની તારીખ જાહેર થઈ ગઈ છે. ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર, બે ડિસેમ્બરે ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાશે. જેમાં ધારાસભ્યો પોતાના પક્ષના નેતાની પસંદગી કરશે. મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી પાંચ ડિસેમ્બરે શપથ લેશે. મુંબઈના આઝાદ મેદાનમાં પાંચ ડિસેમ્બરે બપોરે એક વાગ્યે મુખ્યમંત્રીનો શપથ ગ્રહણ સમારોહ યોજાશે. જેમાં વડાપ્રધાન મોદી સહિત ભાજપના તમામ મુખ્યમંત્રીઓ અને અન્ય દિગ્ગજ નેતાઓ ઉપસ્થિત રહેશે. કોને કયું મંત્રાલય સોંપવું તેનો નિર્ણય મહાયુતિ ગઠબંધનના ત્રણ પક્ષના દિગ્ગજ નેતાઓ નક્કી કરશે. તેમજ સરકારની વ્યૂહનીતિ અંગે પણ જાહેરાત કરશે. સૂત્રો અનુસાર, સરકારમાં જુદા-જુદા વિભાગોની ફાળવણી મુદ્દે ઘડવામાં આવેલી ફોર્મ્યુલાના આધારે મંત્રી પદ સોંપવામાં આવશે. જેમાં ભાજપ પાસે આશરે ૨૧થી ૨૨ મંત્રી પદ, શિવશેના જૂથ સાથે ૧૦થી ૧૨ મંત્રાલય અને અજિત પવારના એનસીપી જૂથ પાસે આશરે ૮થી ૯ મંત્રાલય રહેશે. મહારાષ્ટ્રમાં મંત્રી પદના કુલ ક્વોટામાં મુખ્યમંત્રી પદ સહિત ૪૩થી વધુ મંત્રીઓ સામેલ હોય છે. મહાયુતિ ગઠબંધને પ્રચંડ બહુમતી સાથે જીત મેળવી હોવા



છતાં મુખ્યમંત્રીના પદ માટે સસ્પેન્સ વધારી રહી છે. ઘણાં લોકો ફડણવીસ મુખ્યમંત્રી બનશે તેવી બાંયેધરી આપી રહ્યા છે. જ્યારે ઘણાં લોકો એકનાથ શિંદે મુખ્યમંત્રી બનવા માગતા હોવાની ખાતરી કરે છે. આ મુદ્દે અંતિમ નિર્ણય લેવા માટે મહાયુતિ ગઠબંધનની બેઠકો ગઈકાલે યોજાવાની હતી. પરંતુ અચાનક શિંદે પોતાના ગામડે જતાં રહ્યા અને બેઠકો રદ કરવામાં આવી. નવી સરકારની રચના મુદ્દે મહાયુતિમાં ચાલી રહેલા ધમસાણ વચ્ચે એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાએ ગૃહ મંત્રાલયની માગ કરી છે. શિંદે સેનાના નેતા સંજય શિરસાટે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રની નવી સરકારમાં શિવસેનાને ગૃહ વિભાગ સોંપવામાં આવશે. ગૃહ વિભાગ સામાન્ય રીતે ડેપ્યુટી સીએમ પાસે હોય છે.

# CWCની બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષનું એકતાનું આહ્‌વાન : રાહુલ ગાંધીએ તેમના કડક પગલાં લેવાના સૂચનને સમર્થન આપ્યું

**● કોંગ્રેસને મજબૂત કરવા માટે 'સખત નિર્ણયો' લેવાની જરૂર છે, આપણે શિસ્તનું સખતપણે પાલન કરીએ તે મહત્ત્વપૂર્ણ છે, પાર્ટી પાસે શિસ્તનું શસ્ત્ર પણ છે : પક્ષના વડા ખડગે ● હરિયાણા અને મહારાષ્ટ્રમાં કોંગ્રેસની હારનું વિશ્લેષણ કરવા માટે યોજાયેલી સીડબ્લ્યુસીની બેઠક દરમિયાન, પાર્ટીના વડા મલ્લિકાર્જુન ખર્ગેએ જણાવ્યું હતું કે આંતરિક લડાઈ પાર્ટીને નુકસાન પહોંચાડી રહી છે અને નેતાઓને પક્ષ વિરોધી ટિપ્પણી કરવાનું બંધ કરવા વિનંતી કરી હતી**

(એજન્સી) તા.૩૦

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ શુક્રવારે પાર્ટીની વિચારધારા બહારના નિવેદનો કરવા માટે નેતાઓની ટીકા કરી અને કહ્યું કે હરિયાણા અને મહારાષ્ટ્રના ચૂંટણી પરિણામોમાંથી પાઠ શીખીને જવાબદારી લેવા અને ખામીઓ દૂર કરવા માટે "કડક નિર્ણયો" લેવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું કે આંતરકલહ કોંગ્રેસને નુકસાન પહોંચાડી રહી છે અને નેતાઓને પક્ષ વિરોધી ટિપ્પણી કરવાનું બંધ કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, જ્યાં સુધી આપણે એક થઈને ચૂંટણી લડીશું નહીં અને એકબીજા વિરૂદ્ધ નિવેદનો આપવાનું બંધ નહીં કરીએ ત્યાં સુધી આપણે આપણા વિરોધીઓને રાજકીય રીતે કેવી રીતે હરાવી શકીશું ? આના પર રાહુલ ગાંધીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ખડગેજીએ યોગ્ય કહ્યું છે. તેમણે કોંગ્રેસના વડાની વાતને સમર્થન આપ્યું હતું. આ મીટિંગ દરમિયાન, ખડગેએ કહ્યું કે તેઓ માને છે કે EVM ચૂંટણી પ્રક્રિયાને "શંકાસ્પદ" બનાવે છે અને દેશમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ સુનિશ્ચિત કરવાની ચૂંટણી પંચની બંધારણીય જવાબદારી છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે રાજ્યની વિધાનસભાની ચૂંટણી રાષ્ટ્રીય મુદ્દાઓ પર ન લડવી જોઈએ. રાજ્યના નેતાઓ કેટલા સમય સુધી રાષ્ટ્રીય નેતાઓ સાથે રાષ્ટ્રીય મુદ્દાઓ પર વિધાનસભાની ચૂંટણી લડશે. તેમણે ચૂંટણી પરિણામોમાંથી પાઠ શીખીને પક્ષમાં રહેલી ખામીઓને દૂર કરવા માટે પણ હાકલ કરી હતી અને કહ્યું હતું કે પક્ષે તેના પ્રતિસ્પર્ધીઓ દ્વારા કરવામાં આવેલા પ્રચાર અને ખોટી માહિતીનો અસરકારક રીતે સામનો કરવા માટે વ્યૂહરચના વિકસાવવી પડશે. એ મહત્વનું છે કે આપણે કડક રીતે શિસ્તનું પાલન કરીએ. આપણે દરેક સંજોગોમાં એકજૂટ રહેવું પડશે. પાર્ટી પાસે શિસ્તનું શસ્ત્ર છે. પરંતુ અમે અમારા કાર્યકરોને કોઈ બંધનમાં રાખવા માંગતા નથી. કોંગ્રેસના કાર્યકરોને મતદાનના પરિણામોથી નિરાશ ન થવા વિનંતી કરતાં તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિએ વિચારવાની જરૂર છે કે કોંગ્રેસ પક્ષની જીત એ આપણી જીત છે અને તેની હાર એ આપણી હાર છે. આપણી તાકાત પક્ષની તાકાતમાં રહેલી છે. ખડગેએ સંકેત આપ્યો કે પાર્ટીમાં મોટા પાયે ફેરફાર કરવામાં આવશે. બેઠકમાં કોંગ્રેસના કેટલાક નેતાઓએ ઘણા રાજ્યોમાં નબળા સંગઠનાત્મક માળખા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પાર્ટી જૂની પદ્ધતિઓને અનુસરીને સફળતા પ્રાપ્ત



કરી શકતી નથી. તમારો રાજકીય વિરોધી શું કરે છે તે તમારે જોવું પડશે. અમારે સમયસર નિર્ણય લેવા પડશે. જવાબદારી નિશ્ચિત કરવી પડશે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે કોંગ્રેસની વારંવારની હારને કારણે ફાસીવાદી શક્તિઓ પોતાના મૂળિયા વધારે ઊંડા કરી રહી છે. એક પછી એક તેઓ રાજ્યની સંસ્થાઓ પણ કબજે કરી રહ્યા છે. ખડગેએ કહ્યું કે કોંગ્રેસ ભલે ચૂંટણી હારી ગઈ હોય, પરંતુ તેમાં કોઈ શંકા નથી કે આ દેશમાં બેરોજગારી, મોંઘવારી અને આર્થિક અસમાનતા જેવા સળગતા મુદ્દાઓ છે. જ્ઞાતિની વસ્તી ગણતરી પણ આજે એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. તેમણે કાર્યકરો અને આગેવાનોને ભાવિ ચૂંટણી માટે અગાઉથી તૈયારી શરૂ કરવા અને મતદાર યાદીની યોગ્ય રીતે ચકાસણી કરવા હાકલ કરી હતી. ખડગેએ કહ્યું કે ચૂંટણી લડવાની રીતો બદલાઈ ગઈ છે અને પાર્ટીએ તેની માઈક્રો કોમ્યુનિકેશન વ્યૂહરચના તેના વિરોધીઓ કરતાં વધુ સારી બનાવવી પડશે. પ્રચાર અને ખોટી માહિતી સામે લડવાના માર્ગો પણ શોધવા પડશે. આપણે પાછલા પરિણામોમાંથી પાઠ શીખીને આગળ વધવું પડશે. ખામીઓને દૂર કરવી પડશે. આત્મવિશ્વાસ સાથે સખત નિર્ણયો લેવા પડશે. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી દરમિયાન લોકોનો મૂડ કોંગ્રેસની તરફેણમાં હતો પરંતુ માત્ર અનુકૂળ વાતાવરણ જ જીતની ખાતરી આપતું નથી. આપણે આ વાતાવરણને પરિણામમાં ફેરવતા શીખવું પડશે. શું કારણ છે કે આપણે આ વાતાવરણનો લાભ લઈ શકતા નથી ?

# પરિણામ આવ્યાને આઠ દિવસ વીતી ગયા પણ મહારાષ્ટ્રને હજુ સુધી સીએમ નથી મળ્યા : સંજય રાઉત

(એજન્સી) તા.૩૦

ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના નેતા સંજય રાઉતે ફરી એકવાર મહાયુતિ પર પ્રહારો કર્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે મહારાષ્ટ્રમાં છેલ્લા આઠ દિવસથી મુખ્યમંત્રીની પસંદગીમાં વિલંબ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે, વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને મોટી જીત મળી છે, જ્યારે મહા વિકાસ આઘાડી (MVA) સતત પોતાની હાર માટે EVM પર આરોપ લગાવી રહી છે. રાઉતે સંકેત આપ્યો કે મહાગઠબંધનમાં ચાલી રહેલા મતભેદોને કારણે સરકાર રચવાના પ્રયાસો વચ્ચે કેરટેકર મુખ્યમંત્રી એકનાથ શિંદેને તેમના વતન ગામ જવાની ફરજ પડી હતી.મહારાષ્ટ્રમાં ચૂંટણીના પરિણામો જાહેર થયાના એક સપ્તાહ બાદ પણ નવા મુખ્યમંત્રીને લઈને સસ્પેન્સ યથાવત છે. સીએમ અને ડેપ્યુટી સીએમના ચહેરાને લઈને રાજકીય વર્તુળોમાં સતત હલચલ



જોવા મળી રહી છે. દરમિયાન, કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદે તેમના વતન ગામ ગયા હતા. જેના કારણે મહારાષ્ટ્ર સરકારની રચના અંગે નિર્ણય લેવા માટે મુંબઈમાં યોજાનારી મહાયુતિની મહત્વની બેઠક મોકૂફ રાખવામાં આવી હતી. આ પછી અટકળો શરૂ થઈ કે શું શિંદે સરકાર બનાવવાના નિર્ણયથી નારાજ હતા અને તેથી સતારા જિલ્લામાં તેમના ગામ ગયા હતા. જો કે, તેમના પક્ષના નેતા ઉદય સામંતે તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂક્યું હતું. તેમણે દાવો કર્યો કે કાર્યકારી મુખ્યમંત્રી નારાજ નથી. તાવ અને શરદીની તકલીફ હોવાથી તેઓ તેમના વતન ગામ ગયા હતા. રાઉતે કહ્યું, 'પરિણામો જાહેર થયાને આઠ દિવસ થઈ ગયા છે, પરંતુ મહારાષ્ટ્રને મુખ્યમંત્રી મળી શક્યા નથી. કાર્યવાહક મુખ્યમંત્રી (એકનાથ શિંદે) તેમના ગામ ગયા છે. આવું કેમ થઈ રહ્યું છે ? કદાચ કારણ કે પરિણામો અકુદરતી અને લોકોની ઈચ્છા વિરૂદ્ધ છે. રાજ્યભરમાં આંદોલનો થઈ રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે મતદાનના છેલ્લા કલાકોમાં પડેલા મતોની સંખ્યામાં અચાનક વધારો થવાથી મહારાષ્ટ્ર અને હરિયાણામાં મહાયુતિની જીત થઈ. તેમણે વધુમાં કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે સાંજે ૫ વાગ્યાથી ૧૧:૩૦ વાગ્યા સુધી ૭૬ લાખ વોટ પડ્યા હતા. આ ૭૬ લાખ મતોનું શું થયું ? એ જ રીતે હરિયાણામાં ૧૪ લાખ મત વધ્યા. મતોની સંખ્યામાં અચાનક વધારો મહાયુતિની જીતનું કારણ હતું.

# ભાઈ શરજીલ ઈમામ દિલ્હીની જેલમાં બંધ અને બહેન ફરહા નિશાતે ન્યાયિક સેવાની પરીક્ષા પાસ કરી, જજ બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૩૦

જ્યારે દિલ્હીના રમખાણો પર આરોપ છે કે શરજીલ ઈમામને હજુ સુધી કોર્ટમાંથી રાહત મળી નથી, તેના પરિવારમાં ખુશીનું વાતાવરણ છે. તેની નાની બહેન ફરહા નિશાતે આ ખુશી પરિવારને આપી છે. ફરહાએ બિહારની ૩૨મી જસ્ટિસ સર્વિસની પરીક્ષા પાસ કરી છે અને હવે તે જજ બની ગઈ છે. શરજીલના નાના ભાઈ મુઝમ્મિલ ઈમામે પોતે આ માહિતી સોશિયલ મીડિયા પર આપી છે. મુઝમ્મિલ ઈમામે સોશિયલ મીડિયા પર લખ્યું, આ જીવનની ફિલસૂફી છે. એક તરફ, ભાઈ જુલમ સામે ન્યાય માટે લડવા માટે જેલમાં, બીજી તરફ, બહેન હવે જુલમ સામે ન્યાય આપવા માટે



ન્યાયાધીશની ખુરશી પર બેસી જશે. નાની બહેન ફરહા નિશાતે ૩૨મી બિહારની ન્યાયિક સેવાની પરીક્ષા પાસ કરી છે. હું આશા રાખું છું કે તરા કાર્યકાળમાં તું તરા નિર્ણયોથી કોઈ નિર્દોષને હેરાન થવા નહીં દે. અલ્લાહ તને હિંમત અને શક્તિ આપે. મુઝમ્મિલ ઈમામ પોતે વ્યવસાયે રાજકારણી છે અને નીતિશ કુમારના જનતા દળ યુનાઈટેડના પૂર્વ જનરલ સેક્રેટરી અને પ્રવક્તા રહી ચૂક્યો છે. તે સમયે મુઝમ્મિલે તેના ભાઈ માટે પણ એક લાંબી પોસ્ટ લખી હતી અને કહ્યું હતું કે, મારો ભાઈ એકદમ અવ્યવહારૂ છે, જે પોતે પહેલા સમાજ, તમામ મનુષ્યો અને દેશ વિશે વિચારે છે. બની શકે કે તે પાગલ વ્યક્તિ હોય. શરજીલ પર રાજદ્રોહનો આરોપ છે. શરજીલ ઈમામ વિરૂદ્ધ UAPAની કલમ ૧૩ અને દેશદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો છે. જાન્યુઆરી ૨૦૨૦માં તેની ધરપકડ કરવામાં આવી હતી. તેના પર દિલ્હીની જામિયા અને અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ભડકાઉ ભાષણ આપવાનો આરોપ છે.

# PUCLએ અજમેર દરગાહ વિરૂદ્ધ પાયાવિહોણા દાવાઓને વખોડી કાઢ્યા અને સાંપ્રદાયિક સૌહાર્દ જાળવી રાખવા વિનંતી કરી

(એજન્સી) અજમેર, તા.૩૦

પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ (PUCL)એ અજમેર દરગાહ સામેના તાજેતરના પ્રચાર અને ભ્રામક દાવાઓની સખત નિંદા કરી છે, અને તેને ઐતિહાસિક શહેરની સાંપ્રદાયિક સંવાદિતાને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ ગણાવ્યો છે. PUCLએ કાયદાનો આદર કરવા અને રાષ્ટ્રના બિનસાંપ્રદાયિક માળખાને બચાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. સંસ્થાએ કહ્યું હતું કે અજમેર એ સાંપ્રદાયિક સૌહાર્દનું પ્રતીક છે, અને આ શહેરમાં અજમેર દરગાહ, બ્રહ્મા મંદિર, જૈન તીર્થ કેન્દ્રો, ચર્ચો અને પારસી મંદિરો સહિત નોંધપાત્ર ધાર્મિક સ્થળો છે. ખ્વાજા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ, તેના ૮૦૦-વર્ષના ઈતિહાસ સાથે, આંતર-શ્રદ્ધાળુ ભક્તિ માટે એક દીવાદાંડી છે, જ્યાં વિવિધ ધર્મોના લાખો ભક્તો આવે છે. PUCLએ નોંધ્યું હતું કે મુસ્લિમ શાસકો અને હિંદુ રાજાઓ બંનેએ તેના વિકાસમાં ફાળો આપ્યો છે, અને તેના સમાવેશી વારસા પર ભાર મૂક્યો છે. પીયુસીએલએ તાજેતરના એવા દાવાઓની ટીકા કરી હતી જેમાં દરગાહની નીચે મંદિર હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે અને તેણે તેણે પાયાવિહોણા ગણાવ્યા હતા. તેણે ન્યાયતંત્ર દ્વારા આવા નિવેદનો સ્વીકારવા પર નિરાશા વ્યક્ત કરી, અને કહ્યું કે અજમેરમાં ક્યારેય આવા વિવાદો જોવા મળ્યા નથી. સંસ્થાએ જૈન અને ઝુલેલાલ સરઘસો અને આરએસએસની કૂચ જેવી પરંપરાઓ સાથે એકતા વધારવામાં દરગાહની ભૂમિકા અંગે વાત કરી હતી. પૂજાના સ્થળ અધિનિયમ, ૧૯૯૧નો ઉલ્લેખ કરતાં PUCLએ કહ્યું કે કોઈપણ સાઈટનું ધાર્મિક પાત્ર તે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ અસ્તિત્વમાં હતું, તે યથાવત રહેવું જોઈએ. સુપ્રીમ કોર્ટે ભારતના બહુલવાદી વારસાને બચાવવા અને રાજકીય અથવા ધાર્મિક લાભ માટે ઐતિહાસિક દાવાઓના દુરૂપયોગને રોકવામાં આ



અધિનિયમને સમર્થન આપ્યું છે. PUCLએ યાદ અપાવ્યું કે દરગાહ ખ્વાજા સાહેબ એક્ટ, ૧૯૫૫, સ્થળને સ્પષ્ટપણે મુસ્લિમ ધાર્મિક દરગાહ તરીકે દર્શાવે છે. PUCLએ સરકારને વિનંતી કરી કે આવી વિભાજનકારી કથાઓનો સામનો કરવા અને લઘુમતી સમુદાયોનું રક્ષણ કરવા તાત્કાલિક પગલાં લેવા જોઈએ. તેણે સર્વોચ્ચ અદાલતને નીચલી અદાલતોને પૂજા સ્થળ અધિનિયમનું ઉલ્લંઘન કરતા દાવાઓને નકારી કાઢવા માટે નિર્દેશ આપવાનું કહ્યું હતું. સંગઠને લોકોને લોકપ્રિયતા માટે સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાના પ્રયાસોનો પ્રતિકાર કરવા પણ અપીલ કરી હતી. અજમેરનો સહઅસ્તિત્વનો વારસો સાચવવો જોઈએ, અને કાયદાનું શાસન પ્રવર્તવું જોઈએ.

સહી

કવિતા શ્રીવાસ્તવ (રાષ્ટ્રીય અધ્યક્ષ), ભંવર મેઘવંશી (પ્રમુખ, PUCL રાજસ્થાન), અનંત ભટનાગર (જનરલ સેક્રેટરી, PUCL રાજસ્થાન)

# ઉત્તર પ્રદેશ પોલીસે સમાજવાદી પક્ષના પ્રતિનિધિ મંડળને સંભલની મુલાકાત લેતા અટકાવ્યા : અખિલેશ યાદવે સરકાર પર પ્રહાર કર્યા

**માતા પ્રસાદ પાંડેની આગેવાની હેઠળના આ પ્રતિનિધિ મંડળનું કામ ઘટના વિશે વિગતવાર માહિતી એકત્રિત કરવાનું હતું અને એક રિપોર્ટ તૈયાર કરીને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષને સુપરત કરવાનો હતો. અખિલેશ યાદવે સરકાર પર કટાક્ષ કરતાં વહીવટી નિષ્ફળતાનો આરોપ લગાવ્યો અને આક્ષેપ કર્યો કે ભાજપ તેની બેદરકારીને ઢાંકવાનો પ્રયાસ કરી રહ્યું છે**

(એજન્સી) તા.૩૦

સમાજવાદી પાર્ટી (SP)ના ૧૫-સદસ્યના પ્રતિનિધિ મંડળને આજે ઉત્તર પ્રદેશના સંભલમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હતા. પાર્ટીના વડા અખિલેશ યાદવે તેના માટે તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. શાહી જામા મસ્જિદમાં તાજેતરની હિંસાની તપાસ કરવા માટે આવેલી ટીમની રચના યુપી રાજ્ય વિધાનસભા LoP માતા પ્રસાદ પાંડેના નેતૃત્વ હેઠળ કરવામાં આવી હતી. સંભલ જિલ્લા વહીવટીતંત્રે ૧૦ ડિસેમ્બર સુધી બહારના લોકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતો આદેશ જારી કર્યો હતો. જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેન્સિયાએ જણાવ્યું હતું કે, કોઈ પણ બહારની વ્યક્તિ, કોઈપણ સામાજિક સંસ્થા અથવા કોઈપણ જનપ્રતિનિધિ ૧૦ ડિસેમ્બર સુધી સક્ષમ અધિકારીની પરવાનગી લીધા વિના જિલ્લાની સરહદોમાં પ્રવેશ કરી શકશે નહીં. શાહી જામા મસ્જિદના કોર્ટ દ્વારા ફરજિયાત સર્વેક્ષણ બાદ ૨૪ નવેમ્બરે સંભલમાં હિંસક અથડામણ થઈ હતી. સર્વેક્ષણનો વિરોધ કરી રહેલા દેખાવકારોની સુરક્ષા દળો સાથે અથડામણ થઈ, જેના કારણે પથ્થરમારો, આગચંપી અને અનેક લોકોનાં મોત થયા હતા. આ પરિસ્થિતિ પર સખત પ્રતિક્રિયા આપતા, અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પર ભાજપની આગેવાની હેઠળની ઉત્તર પ્રદેશ સરકારની નિંદા કરી. અખિલેશ યાદવે સરકાર પર વહીવટી નિષ્ફળતાનો આરોપ લગાવ્યો અને આક્ષેપ કર્યો કે ભાજપ તેની બેદરકારીને ઢાંકવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે, આ પ્રતિબંધ લાદવો એ ભાજપ સરકારના શાસન, વહીવટ અને સરકારી વ્યવસ્થાપનની નિષ્ફળતા છે. જો સરકારે રમખાણો કરાવનાર લોકો અને ઉગ્ર નારા લગાવનારા લોકો પર અગાઉ આવો પ્રતિબંધ લાદ્યો હોત, તો સંભલમાં સૌહાર્દ અને શાંતિનું વાતાવરણ રહ્યું હોત. આ પ્રતિબંધ લગાવવો ભાજપ સરકાર, વહીવટ અને સરકારી વ્યવસ્થાપનની નાકામી છે. તેમણે આ બેદરકારી અને ષડયંત્ર માટે સંભલમાં સમગ્ર વહીવટી તંત્રને સસ્પેન્ડ કરવાની પણ માંગ કરી હતી. માતા પ્રસાદ પાંડેએ દાવો કર્યો હતો કે ગૃહ સચિવ સંજય પ્રસાદ અને સંભલ જિલ્લા મેજિસ્ટ્રેટ બંનેએ તેમનો સંપર્ક કર્યો હતો અને તેમણે પ્રવાસ મુલતવી રાખવા વિનંતી કરી હતી. હિંસાનો ભોગ બનેલા લોકો અને તેમના પરિવારોને મળવાના ઈરાદાથી SP પ્રતિનિધિ મંડળે શરૂઆતમાં સંભલ જતા પહેલા મુરાદાબાદની મુલાકાત લેવાની યોજના બનાવી હતી. જો કે, આ યોજનાઓ રદ થઈ હતી કારણ કે પોલીસે તેમને શ્રી પાંડેનું નિવાસસ્થાન છોડવાની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો હતો. સમાજવાદી પાર્ટીના પ્રદેશ પ્રમુખ શ્યામ લાલ પાલે જણાવ્યું હતું કે પ્રતિનિધિ મંડળ પક્ષના વડા અખિલેશ યાદવને સબમિટ કરવા માટે ઘટના અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરવાનો ઈરાદો ધરાવે છે. આ ટીમમાં વિધાન પરિષદના નેતા લાલ બિહારી યાદવ, સાંસદ ઝિયાઉર રહેમાન બાર્ક, હરેન્દ્ર મલિક અને અન્ય જેવા ઉચ્ચ પ્રોફાઈલ સભ્યોનો સમાવેશ થાય છે. ઝિયાઉર રહેમાન બાર્ક પર હિંસા સંબંધિત આરોપો છે, અને ઉશ્કેરણીજનક કૃત્યો કરવાનો આરોપ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અજય રાયે પણ ૨ ડિસેમ્બરે જિલ્લાની મુલાકાતે પાર્ટી પ્રતિનિધિમંડળની યોજના જાહેર કરી છે. આ રાજકીય વિવાદ વચ્ચે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલે હિંસાની તપાસ માટે ત્રણ સભ્યોના ન્યાયિક પંચની રચના કરી છે. અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત જસ્ટિસ દેવેન્દ્ર કુમાર અરોરા તપાસનું નેતૃત્વ કરશે. સપાના વડા અખિલેશ યાદવના નિર્દેશ પર ૧૫ સભ્યોનું પ્રતિનિધિ મંડળ શનિવારે સંભલની મુલાકાત લેવાનું હતું. માતા પ્રસાદ પાંડેની આગેવાની હેઠળ રચાયેલ




પ્રતિનિધિ મંડળનું કામ ઘટના વિશે વિગતવાર માહિતી એકત્રિત કરવાનું હતું. એક રિપોર્ટ તૈયાર કરીને સપાના રાષ્ટ્રીય અધ્યક્ષને સુપરત કરવાનો હતો. માતા પ્રસાદ પાંડે ઉપરાંત, પ્રતિનિધિમંડળમાં વિધાન પરિષદના નેતા લાલ બિહારી યાદવ, પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શ્યામ લાલ પાલ, અન્ય ધારાસભ્યો અને સ્ન્ઝ અને અગ્રણી અધિકારીઓનો સમાવેશ થાય છે. આ નેતાઓ પાંડેના નિવાસસ્થાનથી સંભલ જવા નીકળે તે પહેલા સુરક્ષા અધિકારીઓએ તેમને અટકાવ્યા હતા. ત્યારબાદ નેતાઓએ પાર્ટી કાર્યાલય જવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ તેમને નિવાસસ્થાનમાંથી બહાર જવા દેવામાં આવ્યા ન હતા. આ અંગે પ્રતિક્રિયા આપતા પાંડેએ કહ્યું કે, પોલીસને અમને રોકવાનો કોઈ અધિકાર નથી. એવી વ્યવસ્થા હતી કે કોઈ સંભલ ન જાય, જો કે, તેઓ અમને બીજે ક્યાંય જતા રોકી શકતા નથી. તેમણે કહ્યું કે, દરેક વ્યક્તિ જાણે છે કે તેઓ ગેરકાયદેસર રીતે કામ કરે છે; સરકાર ક્યારેય બંધારણીય વ્યવસ્થાને અનુસરતી નથી. બંધારણમાં આપણો મૂળભૂત અધિકાર છે કે આપણે ગમે ત્યાં જઈ શકીએ. સંભાલમાં પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો; તે લખનૌમાં લાદવામાં આવ્યો નથી. તેઓ મને અટકાવી રહ્યા છે તે સંપૂર્ણપણે ગેરબંધારણીય અને ગેરકાયદેસર છે, હવે પોલીસ અમને લખનૌમાં આવેલી પાર્ટી ઓફિસમાં પણ જવાની પરવાનગી આપી રહી નથી. સંભલમાં અથડામણ ત્યારે શરૂ થઈ જ્યારે કોર્ટના આદેશ દ્વારા સર્વેક્ષણ ટીમ મુઘલ યુગની જામા મસ્જિદ પર પહોંચી, જે તેના પરિસરમાં કથિત રીતે અસ્તિત્વમાં રહેલા હરિહર મંદિરના દાવાને કારણે વિવાદમાં છે. દેખાવકારોએ પોલીસ અને સર્વે ટીમ પર પથ્થરમારો કર્યો અને પરિસ્થિતિ હિંસક અથડામણમાં પરિણમી હતી. અનેક વાહનોને સળગાવી દેવામાં આવ્યા હતા અને ગોળીબાર થયો હતો, જેના કારણે પાંચ યુવાનોના મોત થયા હતા અને પોલીસ અને અધિકારીઓ સહિત અનેક લોકો ઘાયલ થયા હતા. હુમલાખોરોએ વ્યાપક તોડફોડ પણ કરી હતી. જેના પગલે આ વિસ્તારમાં ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી હતી અને વિસ્તારમાં શાંતિ જાળવવા માટે બહારના લોકોના પ્રવેશ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. શાહી જામા મસ્જિદની આસપાસ, ખાસ કરીને શુક્રવારની નમાજ દરમિયાન, વ્યવસ્થા જાળવવા માટે વધુ પોલીસ તૈનાત કરવામાં આવી હતી. હવે, સંભલમાં સ્થિતિ કથિત રીતે શાંત છે, શાળાઓ ખુલી ગઈ છે અને સામાન્ય પ્રવૃત્તિઓ ફરી શરૂ થઈ રહી છે. SP પ્રતિનિધિ મંડળની આયોજિત મુલાકાત ઘટનાના રાજકીય અને સામાજિક મહત્વને દર્શાવે છે અને હિંસાના મૂળ કારણો અને પરિણામોની તપાસ ચાલુ છે.

# અજમેર દરગાહ વિવાદ પર અશોક ગેહલોતે ભાજપને લીધો આડેહાથ, કહ્યું-દરેક વડાપ્રધાને ચાદર ચઢાવી

(એજન્સી) તા.૩૦

રાજસ્થાનના પૂર્વ CM અશોક ગહેલોતે અજમેર દરગાહ સંકુલમાં શિવ મંદિર હોવાના દાવાને લઈને ઉભા થયેલા વિવાદને લઈને ભાજપ, RSS અને PM નરેન્દ્ર મોદી પર સવાલો ઉઠાવ્યા છે. ગહેલોતે કહ્યું-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ સુધી જે પણ ધાર્મિક સ્થળો બનાવવામાં આવ્યા હતા, તે તે જ સ્થિતિમાં રહેશે, આ કાયદો છે. તેમને સવાલ કરવો ખોટું છે. ગહેલોતે એમ પણ કહ્યું-અજમેર દરગાહ ૮૦૦ વર્ષ જૂની છે. અહીં દુનિયાભરમાંથી લોકો આવે છે. મુસ્લિમો અને હિન્દુઓ પણ દુનિયાભરમાંથી આવે છે. વડાપ્રધાન કોઈપણ હોય, કોંગ્રેસ હોય, ભાજપ હોય કે અન્ય કોઈ પક્ષ હોય, પંડિત નહેરૂના સમયથી લઈને મોદીજી સુધી તમામ વડાપ્રધાનો વતી દરગાહમાં ચાદર ચઢાવવામાં આવે છે. ચાદર ચઢાવવાનો પોતાનો અર્થ હોય છે. તમે ચાદર પણ ચઢાવી રહ્યા છો અને તમારા પક્ષના લોકો કોર્ટમાં કેસ પણ કરી રહ્યા છે. જો તમે મૂંઝવણ ઊભી કરો છો, તો લોકો શું વિચારતા



હશે ? જ્યાં અશાંતિ હોય ત્યાં વિકાસ થઈ શકતો નથી, ત્યાં વિકાસ ઠપ થઈ જાય છે. આ વાતો કોણે કરવી જોઈએ, આ વાતો મોદી અને આરએસએસએ કરવી જોઈએ. દેશ હજી તેઓ ચલાવી રહ્યા છે. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ સુધી બનેલા ધાર્મિક સ્થળો પર સવાલ ઉઠાવવો ખોટું પૂર્વ CMએ કહ્યું-જ્યાં સુધી હું જાણું છું, ધાર્મિક સ્થળો કોઈપણ ધર્મના હોય ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ સુધી જે બનાવવામાં આવ્યા તેના પર સવાલ ન થવો જોઈએ. કારણ કે તે તેના માટે એક કાયદો છે. જ્યારથી આરએસએસ અને ભાજપની સરકારો આવી છે, તમે જોયું હશે કે દેશમાં ધર્મના નામે રાજનીતિ ચાલી રહી છે. મહારાષ્ટ્ર હોય, હરિયાણા હોય કે સંસદની ચૂંટણી, તમામ ચૂંટણીઓ ધ્રુવીકરણના આધારે જીતવામાં આવે છે. આ લોકો ખુલ્લેઆમ ધર્મના આધારે ટિકિટો વહેંચી રહ્યા છે. દેશની સ્થિતિ ખૂબ જ ખરાબ છે. આ સ્થિતિ સરળ નથી. આજે સત્તામાં કોણ છે તે જોવાની વાત છે. ગહેલોતે કહ્યું કે શાસકની જવાબદારી ઘણી મોટી હોય છે. સત્તામાં રહેલા લોકોની જવાબદારી છે કે તેઓ વિપક્ષને સાથે લઈ જાય અને વિપક્ષની ભાવનાઓને માન આપે, જે તેઓ નથી કરી રહ્યા. પક્ષ-વિપક્ષ વચ્ચેનું અંતર વધી રહ્યું છે, તે આપણું સ્થાન છે. પૂર્વ સીએમએ કહ્યું-૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની સ્થિતિ પર સંસદમાં કાયદો પસાર થયો હતો, તેમ છતાં મંદિર અને દરગાહમાં શું હતું, પહેલા શું હતું તેમાં અટવાયેલા રહીશું તો દેશના મુખ્ય મુદ્દાઓનું શું થશે ? મુખ્ય મુદ્દાઓ શું છે, આ વધુ મહત્ત્વ ધરાવે છે ? મોંઘવારી, બેરોજગારી, વિકાસ, અર્થતંત્ર, સામાજિક ન્યાય અને સામાજિક વ્યવસ્થાનો મુદ્દો છે.

### કેન્દ્ર સરકારના ધોરણે વય નિવૃત્તિ અને અવસાન ગ્રેજ્યુઈટી વધારાનો સરકારનો મહત્વનો નિર્ણય

# રાજ્ય સરકારના અધિકારી-કર્મચારીઓની ગ્રેજ્યુઈટીની મર્યાદામાં ૨૫ ટકાનો વધારો કરાયો

## ગ્રેજ્યુઈટી મર્યાદામાં રૂા.પાંચ લાખ સુધીનો વધારો કરતા મહત્તમ ૨૫ લાખ મળશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૩૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ-અધિકારીઓના વિશાળ હિતમાં વધુ એક હિતલક્ષી નિર્ણય કર્યો છે. જેમાં નિવૃત્ત થનારા કર્મચારીઓના ગ્રેજ્યુઈટી માટે નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના કર્મચારીઓ-અધિકારીઓને હાલ વય નિવૃત્તિ સમયે નિવૃત્તિ ગ્રેજ્યુઈટી તથા અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂા.૨૦ લાખની મર્યાદામાં આપવામાં આવે છે. જેથી હવે કેન્દ્ર સરકારના ધોરણે આ વય નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં ૨૫ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો છે.

આ કર્મચારી હિતલક્ષી નિર્ણયને પરિણામે હવે રાજ્ય સરકારના કર્મચારી-અધિકારીઓને નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂા.૨૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે. એટલે કે સરકારી કર્મચારીઓની ગ્રેજ્યુઈટીમાં રૂા.પાંચ લાખ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી નિર્ણયનો લાભ તા.૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી વય નિવૃત્ત થતા કર્મચારી-અધિકારીઓને મળશે. મુખ્યમંત્રી સમક્ષ રાજ્યના નાણાં વિભાગે રજૂ કરેલી આ દરખાસ્તને તેમણે અનુમતિ આપતા આ અંગેના જરૂરી ઠરાવો નાણાં વિભાગ જારી કરશે. સરકારી કર્મચારી-અધિકારીઓ માટે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય લેવાતા તેનો પરિણામે અંદાજે વાર્ષિક રૂા.૫૩.૧૫ કરોડનું સરકારની તિજોરી પર ભારણ વધશે.

સરકારના આ લાભકારી નિર્ણયનો સરકારી કર્મચારીઓનો વધાવી લેતા તેઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર છેલ્લા કેટલાક સમયથી સરકારી કર્મચારીઓના હિતમાં એક પછી એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈ રહી છે. જેમાં છેલ્લે જૂની પેન્શન યોજના અંગેના પેન્ડિંગ પ્રશ્ન અંગે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

### ધોરાજી તાલુકાના છાડવાવદર ગામમાં વિદ્યાર્થીઓ ભણતાં નથી ને શિક્ષકો ૧૦ વર્ષથી લે છે પગાર !

# લ્યો કરો વાત ! નકલી નકલીના દોર વચ્ચે ધોરાજીમાં આખેઆખી બોગસ સ્કૂલ ઝડપાઈ

## રાજકારણીઓના ઓથા હેઠળ ચાલતી શાળામાં ગ્રાન્ટ- શિષ્યવૃત્તિ સહિત થતો તમામ વહીવટ !

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૩૦

ગુજરાતમાંથી નકલી PMO અધિકારી, નકલી જજ, નકલી કોલેજ બાદ હવે નકલી શાળા ઝડપાઈ છે. ધોરાજીના છાડવાવદર ગામમાં બોગસ સ્કૂલ સામે આવી છે. ગ્રામજનો તેમજ જાગૃત નાગરિકો દ્વારા આ ખુલાસો કરવામાં આવ્યો છે. ધોરાજી તાલુકાના છાડવાવદર ગામમાં જે.જે.કાલરીયા સ્કૂલ બોગસ હોવાનો ખુલાસો થયો છે. ગ્રામજનો તેમજ જાગૃત નાગરિકો દ્વારા આ મુદ્દો ઉજાગર કરવામાં આવ્યો છે. સ્કૂલમાં વિદ્યાર્થીઓના નામ બોલાઈ રહ્યાં છે પરંતુ એક પણ અભ્યાસ કરવા આવતા નથી. છેલ્લા ઘણા સમયથી આ પ્રકારની માધ્યમિક સ્કૂલ ચાલી રહી હતી. સ્કૂલમાં વિદ્યાર્થીઓ ગેરહાજર પણ શિક્ષક ૧૦ વર્ષથી સરકારી પગાર મેળવતા રહ્યાં હોવાનું સામે આવ્યું છે. આ સ્કૂલ રાજકારણીઓના ઓથ હેઠળ ધમધમી રહી હોવાનો ગ્રામજનો દ્વારા ખુલાસો કરવામાં આવ્યો છે. ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ધોરણ ૯ અને ૧૦ની ગ્રાન્ટ મેળવતી હતી. રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમની તપાસમાં પણ ખોટું હોવાનું ખૂલ્યું છે. વિદ્યાર્થીઓ આવતા નથી તેમ છતાં વિદ્યાર્થીઓના નામે શિષ્યવૃતિ સહિતનું તમામ પ્રકારનું શૈક્ષણિક કાર્ય આ સ્કૂલમાં કરવામાં આવતું હતું. હાલ તો આ



બોગસ સ્કૂલનો વિવાદ સામે આવતા જ ટ્રસ્ટીઓ અને શિક્ષકો ભૂગર્ભમાં ઉતરી ગયા છે. આ સ્કૂલમાં સરકારી ગ્રાન્ટની સાથે પગાર પણ શિક્ષકો દ્વારા લેવામાં આવતો હતો. સ્કૂલની હાલત ખખડધજ હાલતમાં છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર છેલ્લા ૧૦ વર્ષથી આ સ્કૂલ બંધ હોવાની વિગતો મળી રહી છે. ધોરાજી તાલુકામાં આ પ્રકારે આખી સ્કૂલ જ બોગસ રીતે ચાલતી હોવાનો પર્દાફાશ થતાં વિસ્તાર સહિત રાજ્યમાં વ્યાપક ચર્ચા ઉઠવા સાથે શિક્ષણ વિભાગની કાર્યવાહી સામે સવાલો ઊભા થઈ રહ્યા છે.

### મહેસાણા સિવિલ હોસ્પિટલમાં મામલો સામે આવતા બાઉન્સરો મૂકાયા

# સરકારી હોસ્પિટલમાંથી PMJAY કાર્ડધારકોને ખેંચી ખાનગી હોસ્પિ.માં લઈ જવાતા હોવાના અહેવાલ

## એજન્ટો લાલચ આપી દર્દીઓ લઈ જાય છે; કામગીરી ચકાસી વધુ બાઉન્સર મૂકવા નિર્ણય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં થયેલા કાંડ બાદ રાજ્યભરની હોસ્પિટલો સતર્ક થઈ ગઈ છે. આ દરમિયાન સરકારી હોસ્પિટલમાંથી દર્દીઓને ભોળવીને પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવાતા હોવાનો મામલો મહેસાણામાંથી સામે આવ્યો છે. જેને લઈને મહેસાણા સિવિલ હોસ્પિટલમાં બાઉન્સર રાખવા પડ્યા છે. ગત ગુરુવારથી મહેસાણા સિવિલમાં બે બાઉન્સર રખાયા છે, જેમની કામગીરીનું ઓબ્ઝર્વેશન કરીને એક ડિસેમ્બરથી કાયમી ધોરણે રાખવામાં આવશે અને આગામી સમયમાં જરૂર જણાશે તો ૧૦ જેટલા અન્ય બાઉન્સર પણ ગોઠવવામાં આવશે. તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. મહેસાણા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવતા અને આયુષ્માન કાર્ડ ધરાવતા દર્દીઓને સારી સારવાર અને એક રૂપિયો ખર્ચો નહીં કરવો પડે એ સહિતની વિવિધ લાલચો આપીને ખાનગી હોસ્પિટલોના એજન્ટો કેટલીક ચોક્કસ પ્રાઈવેટ હોસ્પિટલોમાં લઈ જતા હોવાની માહિતી મહેસાણા સિવિલ તંત્રને મળી હતી, જેથી આવા એજન્ટોને પકડવા માટે સિવિલ તંત્રએ બે બાઉન્સર મૂક્યા છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના ડોક્ટર અનિમેષભાઈએ જણાવ્યું હતું કે બહારના માણસો આવીને દર્દીઓને સમજાવીને લઈ જતા હોવાની માહિતી મળી હતી, આથી દર્દીઓને કોઈ કનડગત અને હેરાનગતિ ન થાય તેમજ કેમ્પસમાં ચોરી ન થાય અને વોર્ડ સુરક્ષિત રહે એ માટે બે બાઉન્સરો મૂકાયા છે. તેમની કામગીરી સારી હશે તો સિક્યોરિટી પણ બદલી નાખીશું. સિક્યોરિટી કરતા બાઉન્સરનો ખર્ચ ઓછો આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલો પોતાને ત્યાં PMJAY યોજના હેઠળ દર્દીઓની ઓપરેશન સહિતની સારવાર થાય એ માટે સિવિલ હોસ્પિટલમાંથી પોતાના એજન્ટો મૂકીને દર્દીઓને લઈ જતા હોવાની ફરિયાદો મળી હતી. એજન્ટો સિવિલ કેમ્પસમાં આવીને દર્દીઓને એવી લાલચ આપતા કે તમને ઘરેથી લઈ જઈશું, સારી સારવાર થશે અને એકપણ રૂપિયો ખર્ચ નહીં થાય.

મહેસાણા સિવિલમાં છ માસ અગાઉ ઓપરેશનમાં આવેલા દર્દીનું ઓપરેશન ૧૦ વાગ્યે હતું તે સમયે દર્દીનાં પરિવારજનોમાંથી કોઈ બહાર ચા લેવા ગયું, એ દરમિયાન ખાનગી એજન્ટ તેમની પાસે બહાર જઈ વાતચીત કરી લોભામણી લાલચ આપી માત્ર બે જ કલાકમાં દર્દીને પોતાની સાથે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. બીજી તરફ ખાનગી હોસ્પિટલના કર્મચારીઓ આયુષમાન કાર્ડ કાઢવા માટે મહેસાણા સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં પણ બોર્ડ મારતા હતા. તાજેતરમાં જ મહેસાણા સિવિલ સર્જન દ્વારા ખાનગી હોસ્પિટલના કર્મી પાસે માફીપત્ર પણ લખાવાયો હતો, જેથી દર્દીઓ અને સ્ટાફની સેફ્ટીને મુદ્દે બાઉન્સર મૂકાયા છે, જેમની કામગીરીનું ઓબ્ઝર્વેશન કરીને ૧ ડિસેમ્બરથી કાયમી ધોરણે રાખવામાં આવશે અને આગામી સમયમાં જરૂર જણાશે તો ૧૦ જેટલા અન્ય બાઉન્સર પણ ગોઠવવામાં આવશે.

# ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની મુદત લંબાવવામાં આવી

**● રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થયા બાદ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારાશે**

**● ધોરણ-૧૦ અને ૧૨ સાયન્સમાં ૬ ડિસેમ્બર સુધી રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરી શકાશે**

(સંવાદદાદા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધીની હતી. જોકે, બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની તારીખ ૬ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૭ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન રૂા. ૨૫૦ લેઈટ ફી સાથે, ૧૧ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન રૂા.૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૨ ડિસેમ્બર સુધીની છે, જેમાં પણ બોર્ડે વધારો કરી ૯ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૧૦ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર દરમિયાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૦ ડિસેમ્બરથી ૧૨ ડિસેમ્બર દરમિયાન રૂા.૨૫૦ લેઈટ ફી સાથે, ૧૩ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન રૂા.૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૩ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જ્યારે ધોરણ-૧૦ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધીની છે, જેમાં પણ બોર્ડે વધારો કરી ૬ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૭ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમિયાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન રૂા. ૨૫૦ લેઈટ ફી સાથે, ૧૧ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમિયાન રૂા. ૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે.

### સુરતના પાલી ગામમાં હચમચાવતી ઘટના બની : સમગ્ર પંથકમાં ચકચાર

# આઈસ્ક્રીમ ખાધા બાદ તાપણું કરવા બેસેલી ચાર બાળકી અચાનક ઢળી પડી : ત્રણનાં થયા મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૩૦

સુરતના સચિન વિસ્તારના પાલી ગામમાં એક જેમાં આઈસ્ક્રીમ ખાધા બાદ ૩ બાળકોને ઉલટી થવા લાગી હતી અને તબિયત લથડી હતી. ત્યારબાદ બાળકોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ૩ બાળકોના મોત નીપજ્યા હતા જ્યારે અન્ય બાળકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.જોકે આઈસક્રીમ બાદ આ બાળકોએ તાપણું પણ કર્યું હોવાથી ધુમાડાના કારણે મોત નીપજ્યા છે કે કેમ તે અંગે તપાસ ચાલુ છે. આઈસ્ક્રીમ ખાધા બાદ ત્રણેય બાળકીઓનું મોત થયું હોય તેવી આશંકા પરિવાર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. સુરતના સચિન વિસ્તારમાં આવેલા પાલી ગામ અર્જુન ચાલમાં છૂટક મજૂરી કરીને પરિવારનો ગુજરાન ચલાવતા અલગ-અલગ ત્રણ પરિવારના બાળકો ઘર નજીક આઈસ્ક્રીમ ખાધા બાદ ઠંડીને લઈ પ્લાસ્ટિક સળગાવી તાપણું કરતા હતા.ત્યારબાદ અચાનક આ ચાર બાળકો ઢળી પડ્યા હતા. જોકે સ્થાનિક લોકોને ઘટનાની જાણ થતા તેઓએ આ બાળકના પરિવારને જાણકારી આપતા પરિવારના સભ્યો ત્યાં પહોંચ્યા બાદ આ બાળકને નજીકની ખાનગી

**ધુમાડાથી મોત થયાની બહાર આવેલી વિગતો વચ્ચે આઈસ્ક્રીમ ખાધા બાદ મોત થયાની પરિવારજનોની આશંકા**

**આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી**

પાલીગામના અર્જુન ચાલમાં રહેતી ત્રણ બાળકીઓનાં મોતના સમાચાર સમગ્ર શહેરમાં વાયુવેગે પ્રસરી જતાં સુરત મહાનગર પાલિકાનું આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવ્યું હતું. પ્રારંભિક તબક્કે આઈસ્ક્રીમ ખાધા બાદ ઉલ્ટી થતાં મોત નિપજ્યું હોવાની વાતને પગલે આરોગ્ય વિભાગની એક ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. પરિવારજનોની પ્રાથમિક પુછપરછ હાથ ધરવાની સાથે સાથે સ્ક્રીનિંગની કામગીરી શરૂ કરી હતી. બાળકીઓએ આઈસ્ક્રીમનું સેવન કર્યું હોવાની જાણ થતાં ટીમ દ્વારા એ દિશામાં પણ તપાસ કેન્દ્રીત કરીને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

હોસ્પિટલોમાં સારવાર માટે લઈ ગયા હતા. ત્યાં એક પછી એક ત્રણ બાળકોના મોત થયા છે. જ્યારે એક બાળક સારવાર હેઠળ છે.આ બાળકો ગઈકાલે જમ્યા બાદ ઘરેથી નીકળ્યા હતા અને ત્યારબાદ પ્રથમ આઈસ્ક્રીમ ખાધી હતી અને ત્યારબાદ ઠંડી હોવાને લઈ પ્લાસ્ટિક સળગાવી તાપણું કરતાં હતાં. તે સમયે બેભાન થઈ ગયા હતા.આ બાળકોને હાલ પીએમ માટે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે પીએમ બાદ મોતનું સાચું કારણ ખબર પડશે. જોકે, આ ઘટનાને લઈને સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ મામલે પોલીસે ગુનો દાખલ કરી બાળકોના મોત આઈસ્ક્રીમ ખાવાને લઈને થયા છે કે તાપણું સળગાવ્યા બાદ કચરામાંથી કાર્બન ડાયોક્સાઈડ શ્વાસમાં જતા મોત થયા છે, તેની તપાસ શરૂ કરી છે.આ ઉપરાંત દુર્ગાની ૯ વર્ષીય બહેન શીલા પણ પોતાની બહેનની સાથે સાથે અન્ય બંને કિશોરીઓ સાથે તાપણું કરી રહી હતી. જો કે, ચાર પૈકી ત્રણ બાળકીઓનાં સારવાર દરમિયાન મોત થયા હતા જયારે શીલાને શરૂઆતમાં ઉલ્ટી થઈ હતી અને ત્યારબાદ તે ઘરે જઈને સુઈ ગઈ હતી. પરિવારજનોને તેને પણ ઉલ્ટી થઈ હોવાની જાણ થતાં તેને નજીકની ક્લીનિકમાં સારવાર માટે લઈ ગયા હતા અને ત્યારબાદ તેની તબિયતમાં સુધારો થયો હતો પરંતુ અન્ય ત્રણેય બાળકીઓને ધુમાડાને કારણે ઘેરી અસર થઈ હોવાને કારણે તેઓનું સારવાર દરમિયાન જ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આરોગ્ય વિભાગની ટીમે આ અંગે તપાસ શરૂ કરી છે. મેયર દક્ષેશ માવાણી પણ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. જયાં તેઓએ મૃતક બાળકીઓના પરિવારજનોની મુલાકાત લઈને તેમને સાંત્વના પાઠવી હતી.

**મૃતક બાળકોના નામ**
**અનિતા કુમારી મહંતો (ઉંમર ૮ વર્ષ) દુર્ગા કુમારી (ઉંમર ૧૨ વર્ષ) અમ્રિતા કુમારી (ઉંમર આશરે ૧૪ વર્ષ)**

### સરકાર સાથે થયેલી છેતરપિંડી માટે આરોપીઓની મિલકત ટાંચમાં લેવાશે

# ખ્યાતિ હોસ્પિટલ કાંડની તપાસમાં હવે થશે ઈન્કમટેક્ષની એન્ટ્રી : વહેવારોની તપાસ થશે

## નાસતા ફરતા આરોપી ડો.પટોલિયા દ્વારા આગોતરા જામીન માટે કરાઈ અરજી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૩૦

ખ્યાતિ હોસ્પિટલ બોગસ ઓપરેશન મામલામાં હવે આરોપીઓની મિલકત ટાંચમાં લેવામાં આવશે એટલે કે સરકાર સાથે થયેલી છેતરપિંડીના રૂપિયા રિકવર કરવામાં આવશે. આ તપાસ પૂર્ણ થયે અને કોર્ટના આદેશ બાદ મિલકત ટાંચમાં લેવાની કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર કેસમાં હવે ઈન્કમટેક્સ ઝંપલાશો અને આરોપીઓના આવક જાવકના વહેવારોની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે.

ખ્યાતિ હોસ્પિટલના ડોક્ટરે સ્વીકાર્યું હતું કે 'દર્દીના ઓપરેશન સંદર્ભે હોસ્પિટલમાં નિયમોનું ઉલ્લંઘન' થતું હતું. ખ્યાતિ હોસ્પિટલ સંલગ્ન તમામ વહેવારોની ઈન્કમટેક્સ દ્વારા તપાસ કરાશે. ઓપરેશન કરનારા ડોક્ટરો સહિત આ કાંડમાં સામેલ તમામ આરોપીઓના પગાર અને આવકથી વધુ સંપત્તિ મામલે તપાસ કરવામાં આવશે. આરોપીના પરિવાર સંબંધિત વિગતોની ઈન્કમટેક્સ દ્વારા તપાસ કરાશે. ક્રાઈમ બ્રાન્ચ આરોપીઓની મિલકતની માહિતી ઈક્રમટેક્સને આપશે. દરમિયાન ચર્ચાસ્પદ આ ખ્યાતિ કાંડના બનાવમાં નાસતા ફરતા મહત્ત્વપૂર્ણ આરોપી એવા ડૉ. સંજય પટોલિયાએ આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. ખ્યાતિ હોસ્પિટલ કાંડ સંદર્ભે નોંધાયલા ત્રણ ગુનાની તપાસ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ દ્વારા ક્રાઈમ બ્રાચના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ તલસ્પર્શી ચાલી રહી છે. આ ગુન્હામાં ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપીઓની અટકાયત માટે અલગ અલગ ૮ ટીમો બનાવવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કાર્યવાહી દરમ્યાન ખ્યાતિ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પીટલના CEO રાહુલ જૈન ઉદયપુર રાજસ્થાનથી, તેમજ અન્ય આરોપીઓ ચિરાગ રાજપુત, મિલીન્દ પટેલ, પંકિલ પટેલ અને પ્રતિક ભટ્ટ ચિરાગ રાજપૂતનો વર્ષો જૂના મિત્ર પ્રતિક કાંતીભાઈ પટેલના ખેડા જિલ્લાના કપડવંજ તાલુકાના ઉકેરડીના મુવાડા ફાર્મ હાઉસ ખાતેથી ઝડપી પડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચિરાગ રાજપૂત ખ્યાતિ હોસ્પીટલમાં ડાયરેક્ટર તથા બ્રાન્ડિંગ માર્કેટીંગની જવાબદારી સંભાળે છે. જેનો માસીક પગાર રૂપિયા ૭,૦૦,૦૦૦/- (સાત લાખ)નો છે. ચિરાગ રાજપૂત સહઆરોપી રાહુલ જૈનની સાથે તેને ગાડીમાં ઉદયપુર રાજસ્થાન ગયેલ ત્યારબાદ રાજસમંદ રોકાયેલો જ્યાં પંકિલ પટેલ તથા પ્રતિક ભટ્ટ તથા મિલીન્દ પટેલ સાથે જોડાય ગયેલ. આ તમામ આરોપીઓ એક દિવસ અગાઉ પ્રતિક પટેલના ઉકેરડીના મુવાડા ખાતે આવેલ ફાર્મ પર રોકાયેલ હતા. રાહુલ જૈન ખ્યાતિ હોસ્પીટલમાં સી.ઈ.ઓ. તરીકે કામ કરે છે. હોસ્પીટલના તમામ નાણાકીય વ્યવહાર તથા ખરીદી કરવી તથા તમામ નાણાકીય વ્યવહારો રાહુલ જૈન કરતો હતો.

પંકિલ પટેલ અને પ્રતિક ભટ્ટ બન્ને ચિરાગ રાજપૂત તથા મિલીન્દ પટેલની સુચનાઓ મુજબ કેમ્પ કરવા, દર્દીઓ લાવવા, દર્દીઓને સ્ટેન્ટ મૂકવા માટે તેઓને સ્ટેન્ટ નહીં મૂકવાથી થનાર નુકશાનથી ડરાવવા વગેરે તમામ કાર્યવાહી કરતા હતા.

# રાજ્યમાં બે સ્થળોએ ITનું સર્ચ ઓપરેશન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૩૦

રાજ્યમાં બે જગ્યાએ IT વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. મોરબી અને હિંમતનગરમાં વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

મોરબીના તિથક ગ્રુપ પર ITના બીજા દિવસે દરોડા યથાવત છે. જીવરાજભાઈ ફુલતરિયાના ઘર સહિત ૬ જેટલી જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા છે. IT વિભાગને મોટી માત્રામાં સાહિત્ય હાથ લાગ્યું છે. બીજા દિવસે ઘરની બહાર રહેલી કારમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ બંદોબસ્ત વચ્ચે ITના અધિકારીઓએ સર્ચ હાથ ધર્યું છે.

રાજ્યભરમાં કાલ સવારથી ૩૬ જેટલા સ્થળે IT વિભાગની ટીમ ત્રાટકી હતી. જેના પગલે ગત સાંજથી હિંમતનગરના બગીચા વિસ્તારમાં આવેલા પારસ કોર્પોરેશનમાં IT વિભાગનું સર્ચ ચાલી રહ્યું છે. આગામી સમયમાં મોટા વ્યવહારો બહાર આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. સર્ચ દરમિયાન એક ગ્રાહક રૂ. ૩.૫૦ લાખ લઈને આંગડીયું કરવા આવ્યો હતો. તેની પણ પૂછપરછ કરીને કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગત મુજબ, હિંમતનગરમાં બગીચા વિસ્તારમાં આવેલી પારસ કોર્પોરેશન નામની ફાઈનાન્સ પેઢીમાં પોલીસ સાથે ITની ટીમ શુક્રવારે સવારે ૫.૩૦ કલાકે આવી પહોંચી હતી. ત્યારબાદ આદેશ પ્રમાણે ટીમ બગીચા વિસ્તારમાં પારસ કોર્પોરેશન આગળ પહોંચી હતી. આખો દિવસ પારસ કોર્પોરેશન નહિં ખુલતા IT ટીમ બહાર બેસી રહી હતી. જે બાદ સાંજે એક મહિલા આવી હતી જેણે ચાવી આપ્યા બાદ પારસ કોર્પોરેશનના શટર ખુલ્યાં હતા. શટર ખુલ્યાં બાદ IT ટીમે પોતાની કાર્યવાહી શરૂ કરી હતી. દરમિયાન મોડી સાંજે હિંમતનગરમાં એક ગ્રાહક રૂ. ૩.૫૦ લાખ લઈને આંગડિયું કરવા આવ્યો હતો. ત્યારે IT ટીમે તેની પૂછપરછ કરીને કાર્યવાહી કરી હતી.


અભિનંદન



રિઝવાનબાપુ કાદરી

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા હઝરત પીર શાહ-એ-આલમ રોજા ટ્રસ્ટના મદદનીશ વહીવટદાર તરીકે જાણીતા અને લોકલાડીલા સમાજ સેવક એવા શ્રી રિઝવાનબાપુ કાદરીની નિમણૂક થઈ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન...

શુભેચ્છક
કાદરી બિલ્ડર્સ અને H.A. એસોસીએટ અને શાહેઆલમ, રસુલાબાદની જનતા

ગુજરાત ટુડે 'હેલ્થ ટુડે' પૂર્તિ

આરોગ્ય ક્ષેત્રે લોકજાગૃતિ માટે 'ગુજરાત ટુડે'ની દર વર્ષે પ્રસિદ્ધ થતી 'હેલ્થ ટુડે' પૂર્તિ

૨૯ ડિસેમ્બર-૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ થશે

તેમાં તમારી જાહેરખબર મોકલાવી શકો છો. જાહેરખબર અમારા જે-તે વિસ્તારના સીટી ઓફિસ સ્થાનિક પ્રતિનિધિ અથવા તો અમદાવાદ સ્થિત મુખ્ય કચેરી, ખાતે પણ મોકલી શકો છો.

વ્યવસ્થાપક
જાહેરખબર વિભાગ, ગુજરાત ટુડે દૈનિક, ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ-૨૮
ફોન : ૨૫૩૨૦૩૩૦, ૨૫૩૨૦૪૩૧,
E-mail : gujarattodaydaily@gmail.com, gtadvt@yahoo.co.in


**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | કિલોગ્રામ દીઠ ભાવ | |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂા. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂા. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂા. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂા. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂા. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂા. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂા. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂા. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂા. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂા. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂા. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂા. | ૫૨.૦૦ |
| ૧ ડિસેમ્બર-૨૦૨૪ | રૂા. | ૪૯.૦૦ |



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

રવિવાર મેઘધનુષ ગુજરાત ટુડે
તા.૧-૧૨-૨૦૨૪

# કોન્ટેન્ટ ક્રિએટરો સોશિયલ મીડિયામાંથી કેવી રીતે કમાય છે ? તમે પણ કરી શકો છો કમાણી. જાણો કઇ રીતે ?

**ઘણા બધા કોન્ટેન્ટ ક્રિએટર્સના ઘર જ આ કમાણી ઉપર ચાલે છે અને એટલું જ નહીં તેઓ છેલ્લા એક દાયકામાં ગાડી-બંગલાવાળા થઇ ગયા છે. તેના ઉદાહરણો તમે જો આવો કોન્ટેન્ટ ક્રિએટર્સના વીડિયો જોતા હશો તો આઇડિયા હશે જ. મોટા કોન્ટેન્ટ ક્રિએટર્સ તો લાખ્ખો અને કરોડોની કમાણી યુટ્યુબ અને ફેસબુકના માધ્યમથી કરે છે. સોશિયલ મીડિયા નાણાં તો આપે છે પરંતુ તેના માટે કોઇપણ કોન્ટેન્ટ બનાવી દેવું તેવો મત ના રાખવો જોઇએ. બને ત્યાં સુધી કંઇક અલગ, જાણકારીથી ભરપૂર અને કળા દર્શાવી શકાય તેવું હોવું જોઇએ. હવે તો એક એકથી ચડિયાતા ક્રિએટર્સ આવ્યા હોવાથી સ્પર્ધા પણ બહુ છે. આથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ જોવે છે કે કોનું કોન્ટેન્ટ સારૂં છે અને નિયમિત જોવાય છે તેને જ તેઓ પ્રમોટ કરે છે.**

મિત્રો પાછલા અંકમાં આપણે કોન્ટેન્ટ ક્રિએટરો કેવી રીતે થોડા જ સમયમાં અત્યંત સફળ થયા અને કરોડો રૂપિયાની કમાણી કરે છે તેના વિશે વાત કરી હતી. તેઓ ટૂંક સમયમાં કેવી રીતે સફળ થયા તે બાબતે કેટલાક કોન્ટેન્ટ ક્રિએટરોની વાતો રજૂ કરી હતી. આ લેખ પછી સ્વાભાવિક રીતે જ તમને પ્રશ્ન થતો હશે કે આપણે પણ આવું કાંઇક શરૂ કરીને કમાણી કરીએ તો કેવું? આ બાબતે ઘણા વાચક મિત્રોના પ્રશ્ન પણ આવ્યા હતા. મિત્રો આ અગાઉ સોશિયલ મીડિયાનું માધ્યમ કેટલું અસરકારક, મજબૂત અને પ્રભાવશાળી છે તે જણાવ્યું હતું. સોશિયલ મીડિયામાં શરૂઆત કેવી રીતે કરી શકાય તે બાબતે પણ ચર્ચા કરી ગયા છે. તો ચાલો આજે આપણે સોશિયલ મીડિયામાંથી કમાણી કેવી રીતે કરી શકાય તેની વાત કરીશું. લેખને છેક સુધી વાંચજો. તેના આધારે તમે પણ ધીરે ધીરે શરૂઆત કરી શકો છો.



**સોશિયલ મીડિયામાં મોનેટાઇઝેશન**

મિત્રો આપણે અગાઉ ચર્ચા કરી ગયા છે કે કોણ સોશિયલ મીડિયામાં જોડાઇ શકે છે. પરંતુ અહી તમને ટૂંકમાં માહિતી આપું છું કે, સોશિયલ મીડિયામાં વીડિયો બનાવવા માટે કોઇપણ જાતની ઉંમર, જાતિ, ધર્મ, જ્ઞાતિ, નાણાકીય સ્થિતિ, ભૌગોલિક સ્થિતિ કે પુરુષ કે સ્ત્રીનો બાધ નડતો નથી. ખાલી એક જ વસ્તુ જરૂરી છે તમારામાં રચનાત્મકતા હોવી જરૂરી છે અને તમારૂં કોન્ટેન્ટ લોકોને ગમે તેવું અને લોકપ્રિય થાય તેવું જોઇએ. તે કોઇપણ જાતનું હોવું જોઇએ. તો ચાલો આપણે સૌ પહેલા સોશિયલ મીડિયામાં સૌથી લોકપ્રિય શબ્દ 'મોનેટાઇઝેશન' વિશે જાણીએ. મોનેટાઇઝેશન એટલે કે જેમાંથી આવકની પ્રવૃત્તિ અથવા તો જેમાંથી આવક મળી રહે તે. તમે કોઇપણ સોશિયલ મીડિયામાં એકાઉન્ટ શરૂ કર્યું હોય અને કોન્ટેન્ટ ક્રિએટ કરતા હોય તો તમારા મોનેટાઇઝેશન માટે અમુક ક્રાઇટેરીયા પૂર્ણ કરવાના હોય છે.

જો તે ક્રાઇટેરીયા પૂર્ણ થાય તો તમે મોનેટાઇઝેશન માટે માન્ય છો તેનો મેસેજ સોશિયલ મીડિયા એપ્લિકેશનમાંથી જ આવે છે ત્યારબાદ તમે સ્ટેપ બાય સ્ટેપ આગળ વધી શકો છો. તમારું એકાઉન્ટ મોનેટાઇઝેશન માટે મંજૂર થઇ જાય પછી તમને આવક મળવાની શરૂ થઇ જાય છે. જો ડોલરમાં હોય છે. તમારું કોન્ટેન્ટ કેટલા લોકોએ જોયું છે અને તેમાં આવતી જાહેરાત કેટલા લોકોએ ક્લીક કરી છે અને જોઇ છે તેના આધારે તમને રેવન્યુ એટલે કે પૈસા આપવામાં આવે છે. જે તમારા બેંક ખાતામાં જમા થાય છે. ઓછામાં ઓછા ૧૦૦ ડોલરની આવક થાય ત્યારબાદ તેને દર મહિનાના અંતે ભારતીય ચલણમાં કન્વર્ટ કરીને આપવામાં આવે છે. આમ તમે કમાણી કરી શકો છો.

**કયા સોશિયલ મીડિયામાંથી સૌથી વધુ કમાણી થાય છે?**

અત્યારે ટેક્સટ કોન્ટેન્ટ કરતા વીડિયો અને ફોટોગ્રાફ કોન્ટેન્ટ ખૂબ જ ચાલે છે. કોન્ટેન્ટ ક્રિએટરોને કમાણી કરાવવામાં યુટ્યુબ ચેનલ અગ્રેસર અને અગ્રણી છે. જ્યારે કોઇ વીડિયો પ્લેટફોર્મ નહોતું ત્યારે યુટ્યુબ દ્વારા વીડિયો પ્લેટફોર્મ શરૂ કરવામાં આવ્યું હતું અને એટલું લોકપ્રિય થયું હતું કે આજે લાખ્ખોની સંખ્યામાં કોન્ટેન્ટ ક્રિએટર્સ તેમાં જોડાયા છે અને કમાણી કરી રહ્યા છે. તેઓ તેને મોનેટાઇઝેશન પાર્ટનરશીપ પ્રોગ્રામ કહે છે. તેમાં એલિજીબલ થાવ તો તમને કમાણી થાય છે. એલીજીબીટીમાં મુખ્યત્વે અમુક સંખ્યામાં સબસક્રાઇબર્સ, વ્યુઝ અને વોચ અવર્સ એટલે કે કેટલા કલાક સુધી અને કેટલા સમયમાં જોવાયા તે બાબતોનો સમાવેશ થાય છે. જો આ ક્રાઇટેરીયા ફુલફીલ થાય તો તમને પાર્ટનરશીપ પ્રોગ્રામમાં જોડાવા માટે આમંત્રણ મળે છે જે તમે સ્વેચ્છાએ જોડાઇ શકો છો.

**હેલ્લો સ્ટુડન્ટ્સ**
**- સાહેબ સોની**

યુટ્યુબની ભવ્ય સફળતા જોઇને ફેસબુક દ્વારા 'ફેસબુક વોચ' નામનું વીડિયો પ્લેટફોર્મ બનાવવાનું શરૂ કર્યું હતું. તેમાં પણ છૂટથી રીચ (એકાઉન્ટ હોલ્ડર સુધી પહોંચાડવા) આપવાનું અલગોરીધમ સેટ કર્યું હોવાથી કોન્ટેન્ટ ક્રિએટર્સને મઝા પડી ગઇ. આથી યુ ટ્યુબના કોન્ટેન્ટ ક્રિએટર્સ ફેસબુક વોચ પ્રોગામમાં પણ જોડાયા. તેના પણ એલિજીબિલિટીના ક્રાઇટેરીયા હતા. તે શરૂાતમાં સરળ હોવાથી કોન્ટેન્ટ ક્રિએટર્સને લાખ્ખોની સંખ્યામાં વ્યુઝ અને ફોલોઅર્સ મળવા લાગ્યા. એટલું જ નહિ સાથે સાથે ઢગલાબંધ કમાણી પણ થવા લાગી. આથી હવે તમને એમ થાય કે સોશિયલ મીડિયા તમને આવક કેવી રીતે આપે છે? તો તેના જવાબમાં જણાવવાનું કે તમે જયારે વીડિયો બનાવો ત્યારે તેની શરૂઆત અને અધવચ્ચે કોઇ બ્રાન્ડની જાહેરાત ચાલતી હોય છે. વળી વીડિયોના નીચેના ભાગે પણ બ્રાન્ડની જાહેરાતની પટ્ટી હોય છે. આથી જો તમારો વીડિયો જાહેરાત સાથે જોવામાં આવે અને લોકો આ જાહેરાતની પટ્ટી ઉપર ક્લીક કરે ત્યારે વ્યુઝ અને ક્લીકના આધારે યુ ટ્યુબ અને ફેસબૂક દ્વારા બ્રાન્ડ પાસેથી ચાર્જ વસૂલવામાં આવતો હોય છે. આ ચાર્જના જે નાણાં મળે તેમાંથી કોન્ટેન્ટ ક્રિએટર્સને ભાગ આપવામાં આવે છે. આથી સોશિયલ મીડિયામાંથી કમાણી થાય છે. હાલના સોશિયલ મીડિયાના સૌથી લોકપ્રિય પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ દ્વારા રીલ ઉપર 'બોનસ' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો હતો. તેના આધારે કમાણી થતી હોય છે. પરંતુ હાલમાં તે બંધ કરી દોવામાં આવ્યો છે.

**આવકના બીજા માધ્યમ**

આ ઉપરાંત ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ જે બન્ને એક જ કંપની દ્વારા ચલાવવામાં આવે છે તેઓ સબસ્ક્રીપ્શન અને ડોનેશન પ્રોગ્રામ પણ ચલાવવામાં આવે છે. સબસ્ક્રીપ્શન પ્રોગામ એટલે એવું કે અમુક નાણાં લઇને કોન્ટેન્ટ ક્રિએટર્સ પોતાનું સબસ્ક્રીપ્શન ક્રિએટ કરી શકે છે. જે સબસ્કાઇબર્સને તમારું કોન્ટેન્ટ ગમતું હોય તેને પ્રાયોરિટી અને પ્રેફરન્સ આપવા માટે તમને તેની પાસેથી માસિક કે વાર્ષિક સબસ્ક્રીપ્શન એમાઉન્ટ લઇ શકો છો. આથી તમામ વીડિયો તેમને પહેલા જોવા મળે છે. વળી તેમના માટે ખાસ ઓફર્સ અને કોન્ટેન્ટ તૈયાર કરવામાં આવે છે. અમુક બીજા ખાસ લાભો જેવા કે કોઇ ઓનલાઇન કોર્ષ કે ઓફર્સમાં વિશેષ લાભ મળે છે. આ ઉપરાંત સ્ટાર્સ, ગિફ્ટસ અને બોનસના માધ્યમથી સબસ્ક્રાઇબર દ્વારા તેઓને વધુ સારું કોન્ટેન્ટ બનાવી શકે તે માટે ડોનેશન કે ગિફ્ટ મની મોકલી શકે છે. આથી તે રીતે પણ કમાણી થાય છે.

બીજી બાજુ વધુ એક લોકપ્રિય પ્લેટફોર્મ 'X' કે જે પહેલા ટ્વિટટર તરીકે ઓળખાતું હતું. તેમણે પણ પોતાના કોન્ટેન્ટ ક્રિએટર્સ માટે મોનેટાઇઝેશન પ્રોગ્રામ શરૂ કર્યું છે. તેમાં પણ ક્રાઇટેરીયા મુજબ વીડિયો તથા અન્ય કોન્ટેન્ટ ઉપર આવક મળી શકે છે. આ ઉપરાંત લિક્ડઇન જેવા પ્લેટફોર્મને પણ તમને આવકનું સાધન બનાવી શકો છો.

**ઓરિજીનલ અને ક્રિએટીવ કોન્ટેન્ટ જરૂરી**

મિત્રો સોશિયલ મીડિયા નાણાં તો આપે છે પરંતુ તેના માટે કોઇપણ કોન્ટેન્ટ બનાવી દેવું તેવો મત ના રાખવો જોઇએ. બને ત્યાં સુધી કંઇક અલગ, જાણકારીથી ભરપૂર અને કળા દર્શાવી શકાય તેવું હોવું જોઇએ. હવે તો એક એકથી ચડિયાતા ક્રિએટર્સ આવ્યા હોવાથી સ્પર્ધા પણ બહુ છે. આથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ જોવે છે કે કોનું કોન્ટેન્ટ સારૂં છે અને નિયમિત જોવાય છે તેને જ તેઓ પ્રમોટ કરે છે. આથી યોગ્ય કોન્ટેન્ટ હોવું અત્યંત જરૂરી છે. આથી કમાઇ લેવું સહેલું નથી તેની પાછળ ખૂબ મહેનત અને એકથી વધુ વ્યક્તિની ટીમ કામ કરે છે. આથી એવું કોન્ટેન્ટ બનાવો કે જે હિટ જાય અને છેવટે તમને કમાણી થાય. આજકાલ ઘરે ઘરે કોન્ટેન્ટ ક્રિએટર્સ થઇ ગયા છે અને સોશિયલ મીડિયાને જરૂર છે કદાચ તેના કરતા વધારે ક્રિએટર્સ થઇ ગયા છે. આથી તેઓ સારા કોન્ટેન્ટને જ આગળ કરે છે. આથી યોગ્ય કામ કરવું જરૂરી છે. ઘણા બધા કોન્ટેન્ટ ક્રિએટર્સના ઘર જ આ કમાણી ઉપર ચાલે છે અને એટલું જ નહિ તેઓ છેલ્લા એક દાયકામાં ગાડી-બંગલાવાળા થઇ ગયા છે. તેના ઉદાહરણો તમે જો આવો કોન્ટેન્ટ ક્રિએટર્સના વીડિયો જોતા હશો તો આઇડિયા હશે જ. મોટા કોન્ટેન્ટ ક્રિએટર્સ તો લાખ્ખો અને કરોડોની કમાણી યુટયુબ અને ફેસબુકના માધ્યમથી કરે છે. બીજું એક માધ્યમ છે પ્રમોશનથી કમાણી. તો આવતા અંકમાં પ્રમોશન બાબતે જાણકારી મેળવીશું. ઓલ ધ બેસ્ટ.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે. એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાત ટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# છાંયડાને માપવાનું આજથી તું બંધ કર, આમ તો એ છાંયડો તડકાને લીધે હોય છે;



આપણને લાગે કે સમય સરકતો જાય છે, હકીકતમાં તો આપણે જ સરકતા જઈએ છીએ. સમયને આપણે સેકન્ડ, મિનિટ, કલાક, દિવસ, અઠવાડિયું, પખવાડિયું, મહિનો, વર્ષ અને સદીમાં વહેંચી દીધો...સમયને સમયના જ ચોકઠામાં બાંધી દીધો....પણ ભલા માણસ, જે યુગોથી સમસ્ત સૃષ્ટિને બાંધતો અને છોડતો રહ્યો છે એ કોઈનાયથીય બંધાય ખરો ?!

દીવાલ પર ઘડિયાળ ટિંગાડવાથી સમય નથી ટિંગાઈ જતો. કાંડા પરનું ઘડિયાળ બદલવાથી સમય નથી બદલાતો. એજ રીતે ઘડિયાળના કાંટા અટકાવી દેતાં સમય નથી અટકાવાનો. ક્ષણોનો સમાજ એટલે સમય. સમયનો સમાજ વિસ્તૃત છે. સમયને કોઈ સીમા નથી. સમય તો અનહદનો અવાજ છે, જેને સંભળાય એને જ સંભળાય. સમયનો સ્પર્શ પણ હોય અને સમયની થપ્પડ પણ હોય. સમય સુંવાળો પણ હોય, હુંફાળો પણ હોય અને....કાંટાળો પણ હોય. સમય તો હંમેશા આપણો બનીને આવે છે અને આપણો બનીને રહેવા માંગે છે, પણ એ સમય પહેલાંના આપણા વિચારો, એ સમય પહેલાંના આપણાં વર્તનો અને એ સમય પહેલાંના આપણા આયોજનો જ એ સમયને આપણો બનતાં અવરોધે છે. સમય તો આપણો બનવા આતુર છે, પણ આપણી જ કોઈ અધીરાઈ કે અસંયમી ઈચ્છાને કારણે સમય અને આપણી વચ્ચે એક અવકાશ-એક શૂન્યાવકાશ ભરી દેતા હોઈએ છીએ. બાપુભાઈ ગઢવીએ, પોતાની અમરત્વ પામેલી અને શાયરને અમર કરી ગયેલી ગઝલમાં, કહ્યું છે :

**તમને સમય નથી અને મારો સમય નથી,**
**કોણે કહ્યું કે આપણી વચ્ચે પ્રણય નથી;**

કોઈકની પાસે સમય નથી અને કોઈક એવું પણ છે, જેનો હજી સમય આવ્યો નથી - આ બંને સ્થિતિ કોઈપણ સંબંધનો શ્વાસ કાંતો શરૂ કરાવે છે, કાંતો અટકાવી દે છે.

ઋતુઓના 'માસ્ક' પહેરાવીને આપણે સમયને શ્રીમંત અને ગરીબ એવા બે વર્ગોમાં વહેંચી દીધો. વસંતઋતુના સમયને આપણે શ્રીમંતના વર્ગમાં અને પાનખરઋતુને આપણે ગરીબ વર્ગમાં મૂકી સમયનો પણ 'એક સમય' હોય છે એવું દિલ અને દિમાગને સમજાવવાનું ષડયંત્ર ઊભું કરી દીધું. આવા ષડયંત્રકારીઓ જ એવું માનતા અને કહેતા રહે છે કે 'સમય તો કોઈનો થયો નથી અને થવાનો નથી.' પણ વાસ્તવિકતા તો કંઈક જુદી જ છે. સમય, દરેકનો છે. સમય દરેક પાસે છે. ફરક એટલો કે કોનો સમય ક્યારે પાકે છે અને પાક રૂપે એને ક્યારે મળે છે ! ખેતરમાં ઊગેલો-ખીલેલો મબલખ પાક આપણા ઘરમાં અને ગોડાઉનોમાં આવે છે, એ એની વાવણી કર્યાની બીજી જ ક્ષણે નથી આવતો...ઠંડીનો ઠાર, ગરમીનો ત્રાસ અને ધોધમાર વરસતા વરસાદનો માર સહન કરે છે, એ સંઘર્ષોમાં પાકે છે ત્યારે એ આવે છે. સમય પણ પાકતો હોય છે. સમય જ્યારે પાકે છે ત્યારે આપણે હરખથી એવું બોલીએ છીએ કે : હવે અમારો સમય ઉજળો આવ્યો છે !

સમય હંમેશા ઉજળો હોય છે, પણ આપણે એને ઓળખી શકતા નથી. આપણે વ્યક્તિને, વસ્તુને, સમગ્ર જીવસૃષ્ટિને ઉંમરના માપથી માપતા રહીએ છીએ. સમયને વય કે ઉંમરનો ડાઘ લાગે નહીં. સમયના પ્રકાર ન હોય, પ્રકાર ઘડિયાળના હોય. સમયને બદલાવાનું ન હોય, બદલાવાનું કેલેન્ડરને હોય. સમય તો બસ 'હોય છે'. સમય માટે 'એ હતો' કે 'હશે' એવો શબ્દપ્રયોગ પણ ન કરાય. સમયને ભૂતકાળ કે ભવિષ્યકાળના ભંડકિયામાં પૂરાય નહીં. સમય તો વર્તમાનનું જ વહેતું વહેણ છે. સમય તો સાંપ્રતનો પ્રવાહ છે. આપણે શ્વાસ લઈએ છીએ વર્તમાનનો અને પડછાયા ગણીએ છીએ ભૂતકાળના. આપણે વૃક્ષ વાવ્યું છે વર્તમાનનું અને એની નીચે છાંયડો શોધીએ છીએ ભવિષ્યનો. ઘડિયાળના લોલકની જેમ આપણે ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે ઝુલતા રહીએ છીએ. વર્તમાનનો વિસામો આપણને જાણે કે ખપતો જ નથી. વર્તમાન આપણને મળવા આવે છે, પણ આપણે એને મળતા જ નથી, એનામાં ભળતા જ નથી અને આપણાથી જે દૂર...દૂર ચાલ્યું ગયું છે એવા ભૂતકાળને યાદ કર્યા કરીએ છીએ, તો ક્યારેક આપણે એજ વર્તમાન, આપણને મળવા જિંદગીના દરવાજે દસ્તક મારી રહ્યો છે એને અવગણીને, જે હજી સુધી આપણને મળવા આવ્યું જ નથી અને આવશે પણ નહીં, એવા ભવિષ્યની રાહ જોઈ રહ્યા છીએ અને પેલો વર્તમાન બીચારો ક્યારનો દસ્તક દઈ રહ્યો છે એને નજરઅંદાજ કરીએ છીએ !

**દસ્તક**
**હર્ષદ પંડ્યા**

જિંદગી જીવવાનો અને માણવાનો સાચો આનંદ તો વર્તમાન સાથેની વફાદારીમાં છે. જેણે પોતાના વર્તમાન સાથે થોડી સી પણ બેવફાઈ કરી એણે જિંદગીનો ચાર્મ ગુમાવ્યો છે એમ જાણવું ભૂતકાળનો સ્વાદ પિયરમિન્ટની જેમ અમુક સમય પૂરતો-અમુક ક્ષણો પૂરતો મમળાવવામાં છે. વર્તમાનનો સ્વાદ માણવા જેવો છે કેમ કે એ ખોરાક-આહારનો ભાગ ભજવે છે. વર્તમાન જ જિંદગીનો સાચો ખોરાક-આહાર છે, જ્યારે ભૂતકાળ કે ભવિષ્ય, એ તો એ ખોરાકમાં ટેમ્પરરી ટેસ્ટ પૂરતો જ ભાગ ભજવે ! મસાલાને ખોરાક ન બનાવાય, ભારે પડે !

હોઠને ક્યારેય સ્મિત કરવાનું શીખવાડવાનું ના હોય. એ તો પ્રસન્નતાનો સ્પર્શ થતાં જ સ્મિત કરવા માંડે ! જિંદગીને પણ 'લાઈવ' રહેવાનું શીખવાડવાનું ન હોય, એ તો વર્તમાનનો શ્વાસ લેતાં જ 'લાઈવુ' બની જાય ! માત્ર 'લાઈફ'નું હોવું એજ મહત્ત્વનું નથી. લાઈફનું ક્ષણે ક્ષણે -પ્રત્યેક ક્ષણે- 'લાઈવ' રહેવું એનું જ મહત્ત્વ છે. મોટાભાગના લોકો આજે 'જીવતા' છે, પણ 'લાઈવ' નથી, જીવંત નથી. 'જીવતા' હોવું અને 'જીવંત' હોવું - આ બંને સ્થિતિમાં ફરક છે. વર્તમાન આપણને 'જીવંત' રાખે છે. આવો જીવંત-લાઈવ-માણસ જ જિંદગીના રસને ભરપૂર રીતે માણી શકે !

જે માણસ પોતાના શ્વાસમાં ભળવા આવેલા વર્તમાનને પ્રેમ નથી કરતો અને માત્ર જીવાતી ગયેલા સમયને વાગોળતો રહે છે એના વિચારો ઘરડા બની જાય છે. વિચાર જ્યારે ઘરડો બને ત્યારે એ ફેંકાઈ જાય છે. વિચાર ખરેખર 'વૃદ્ધ' બનવો જોઈએ. 'વૃદ્ધ' એટલે વૃદ્ધિવાળો. જેના વિચારો સતત વૃદ્ધિ પામતા રહે એ સાચો વૃદ્ધ. ઘરડા વિચારને તમે ગમે એટલી ડાઈ કરો, પણ ક્યારેક તો એ ડાઈ ઝાંખી પડવાની જ છે. વિચાર કે વાણીને ડાઈ યા કલપ યા કલર નથી કરાતો, છતાં કેટલાક લોકો પોતાનાં વિચાર અને વાણીને ડાય કે કલર કરવાનો પરિશ્રમ કરતા રહે છે. આવો જ પરિશ્રમ' 'વર્તમાનને ઓળખવા' માટે કર્યો હોત તો એમની આખી જિંદગી પ્રસન્નતાનો પ્રવાહ બની શકે !

૨૦૧૪ને અલવિદા કહેવાને બદલે માત્ર સ્મિત કરીએ, અને આવી રહેલા ૨૦૧૫ને સ્મિતપૂર્વક વેલકમ કરીએ એમાં જ વર્તમાનની પ્રસન્નતા જળવાય ! 'શબ્દપ્રીત' પણ કહે છે :

**''છાંયડાને માપવાનું આજથી તું બંધ કર,**
**આમ તો એ છાંયડો તડકાને લીધે હોય છે !''**

**ઉમ્ર જલવોં મેં બસર હો યે જરૂરી તો નહીં,**
**હર શબે ગમકી સહર હો યે જરૂરી તો નહીં;**
**- ખામોશ ગાજીપૂરી**

# પ્રેમમાં અડચણ...

સંયુક્ત કુટુંબો તૂટ્યાં ને અત્યારે માઈક્રો ફેમિલી પર આવીને વાત અટકી છે. સંયુક્ત કુટુંબોની મર્યાદાઓ ઘણી હતી, પણ એમાં કેટલુંક સારું પણ હતું. પત્ની ઘરકામમાં જોતરાયેલી હોય અને પતિ આર્થિક જવાબદારીઓ માટે બહાર હોય, એવામાં સંતાનો દાદા-દાદી પાસે ક્યારે મોટાં થઈ જતાં તેની માબાપને ખબર પણ પડતી ન હતી. બાળકને સ્કૂલે મૂકવા જવાનું હોય કે પાછું લાવવાનું હોય કે કૈં અપાવવા બહાર લઈ જવાનું હોય તો દાદા-દાદી બહુ સહજતાથી એ કામ કરતાં. ક્યારેક વડીલો વચ્ચે તકરારો થતી, પણ તેની અસરોથી સંતાનો દૂર રહેતાં કે વડીલો પણ એ તકરારોને સંતાનો સુધી પહોંચવા ન દેતા ત્યારે ઘરો મોટાં હતાં એટલે સૌનો સમાવેશ થઈ રહેતો. સંતાનો મોટે ભાગે દાદા-દાદી પાસે વાર્તાઓ સાંભળતાં ને ત્યાં જ સૂઈ જતાં. એ દરમિયાન પતિ-પત્નીને જોઈતું એકાંત મળી રહેતું ને સવાર તાજગીભરી પડતી.

એ પછી શિક્ષણ વધ્યું. નોકરી-ધંધાની તકો વધી, ઘરો બદલાયાં, વસવાટ શહેરોમાં થતાં વડીલો ગામડે રહ્યાં અને યુવાનો શહેરોમાં ગોઠવાયા. સંતાનોનું વ્યસ્તતાઓને લીધે ગામડે જવાનું ઘટતું ગયું. પ્રસંગોપાત જવાનું થતું. પછી તો ભાગ-લાગની વાતોએ કુટુંબો તોડયાં ને સૌ વેરવિખેર થયાં. ગામ જવાનું જ રહ્યું નહીં ને શહેરો જ વતનની ગરજ સારવાં લાગ્યાં. મોટાં કુટુંબોને ઘરો સાંકડાં પડે એ તો સમજાય,



## સ્ત્રી સશકતીકરણ

**- રવીન્દ્ર પારેખ**

પણ શહેરોમાં નાનાં કુટુંબોને પણ ઘર સાંકડાં પડવા લાગ્યાં. સંતાનો એક કે બે હોય ને પતિ ને પત્ની એ બે મળીને ત્રણ કે ચાર જણનું કુટુંબ હોય, તોય રહેવાની જગ્યા ઓછી પડતી. ઘરોની કિંમત એટલી વધી કે મોટું ઘર, પતિ-પત્નીને પરવડે એમ જ ન રહ્યું. બીજી તરફ મોંઘવારી એટલી વધતી આવી કે પગાર ઠીક હોય તો પણ, બચત ન રહે એવી સ્થિતિ આવી. એ સંજોગોમાં નાનાં ઘરમાં જ જીવવાની ફરજ પડી. ઘણાંને તો એક રૂમમાં જ સંસાર વસાવવાનું થયું. ઘર માટે લોન મળતી થઈ, પણ તેનો હપ્તો ચૂકવાય એવી નોકરી પણ હોવી જોઈએને. ટૂંકમાં, એક બે રૂમમાં જ ઘણાંનો સંસાર મંડાયો. ઓછાં માણસોને લીધે નાનું ઘર તો ચાલી ગયું, પણ એમાં કમબખ્તી પતિ-પત્નીની થઈ. એક જ રૂમમાં બાળક અને પતિ-પત્ની સૂઈ તો શકતાં, પણ તેમનું પ્રેમ કરવાનું મુશ્કેલ બનતું ગયું.

